# આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શકયતાઓ - એક અભ્યાસ

અહેવાલ લેખન :
શ્રી અરૂણભાઈ ભા. પટેલ

સંકલન :
ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪
૧૯૮૯

267

## અ નુ ક્ર મ ણિ કા


આભાર દર્શન

| | | |
|---|---|---|
| ૧. | પૃષ્ઠભૂમિ - આવશ્યકતા | ૧ |
| ૨. | માહિતીદાતાઓનો પરિચય :આર્થિક-સામાજિક | ૭ |
| ૩. | માહિતીદાતાઓનો પરિચય :માનસિક વલણ | ૨૯ |
| ૪. | ખાદી ગ્રામોદ્યોગની આવશ્યકતાઓ : સંરચનાત્મક અભિગમ | ૪૩ |
| ૫. | નિષ્કર્ષ અને સુઝાવો | ૬૮ |

પરિશિષ્ટ

# આભાર દર્શન

આપણા ત્યાં છેલ્લા કેટલાંક વર્ષોમાં અનુસૂચિત જનજાતિઓના સમાજજીવન અને સમસ્યાઓના વિષયોમાં સારું એવું ખેડાણ થવાની પ્રક્રિયા ચાલુ રહી છે. તેમજ આદિવાસી વિવિધ જાતિઓના સંદર્ભમાં પણ ઊંડાણથી સંશોધન કરવાનું કાર્ય ચાલુ છે. ખાદી ગ્રામોદ્યોગ યોજનાઓ વિષે પણ થોડુંક કામ થયું છે. અત્યારે આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શક્યતાઓ શું છે ? તે જાણવા આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી આ અભ્યાસ કરવા ધ્યાન દોરાયું છે. અને આ સમયસરનું અને યોગ્ય દિશાનું પગલું છે.

આ અભ્યાસ કરવાની જવાબદારી મને સોંપી તેમજ અભ્યાસના સમગ્ર સમયગાળામાં મને અનેરૂ પ્રોત્સાહન તેમજ કિંમતી માર્ગદર્શન પુરું પાડનાર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામક આદરણીય ડૉ. ઠાકોરભાઇ નાયકનો આભારી છું.

આ ક્ષેત્રને લગતી સંસ્થાઓ/મંડળીઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી તેમજ કર્મચારીઓએ અને કેટલાક ખાદીભક્ત કાર્યકર્તાઓએ જે બધી વિગતો આપી તેઓનો ઉપરાંત ક્ષેત્રકાર્યમાં આવરેલ આદિવાસી લાભાર્થીઓનો પણ આભાર વ્યક્ત કરું છું.

છેવટ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ બનનાર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના કર્મચારીઓ તથા અન્ય તમામ મિત્રોનો આભારી છું.

૩૧ માર્ચ ૧૯૮૯ પટેલ અરૂણભાઈ ભાઈલાલભાઈ

## પ્રકરણ - ૧

### પૃષ્ઠભૂમિ - આવશ્યકતા

ભારત એક મોટો દેશ છે. એની વસ્તીનું પ્રમાણ પણ મોટું છે. એ વિકાસશીલ દેશ છે. વિકાસની મંઝીલ તરફ એ ડગલાં માંડી રહ્યો છે. પણ એની વસ્તીનું પ્રમાણ વધુ હોવાથી દેશનાં કામ કરી શકે એવા બધા માણસોને કામ આપી શકાતું નથી. વળી એની આવકનાં સાધનો પણ ટાંચાં છે. પરિણામે ગરીબાઈનું અને અસમાનતાનું પ્રમાણ પણ વધારે છે. શહેરી વિસ્તારમાં ઉદ્યોગો વિકસી રહ્યા છે. એને કારણે માણસોને રોજી મળી રહે છે. પણ શહેરો તરફ વસ્તીનો એટલો બધો ધસારો છે કે બધાને ત્યાં કામ મળી શકતું નથી, અને જેને મળે છે તેને પણ પૂરતો સમય કે પૂરતી રોજી મળતી નથી. ગ્રામ પ્રદેશમાં ખેતી સિવાય બીજા ઉદ્યોગો જૂજ પ્રમાણમાં છે અને હવે ખેતીમાં પણ નિંદામણનાશક દવાઓ, ટ્રેક્ટરો તેમજ અન્ય યંત્રોના વપરાશને કારણે મજૂરો પરનું અવલંબન થોડું ઓછું થવા લાગ્યું છે. મજૂરોમાં પણ હવે શ્રમ પ્રત્યેનાં કામોમાં સૂગ આવવા લાગી છે. અથવા કરવાં પડે તો ઊંચી મજૂરી માગે છે. આથી એવા લોકો કામો ઓછાં થવા લાગ્યાં છે. આ કારણે ગ્રામ્ય પ્રદેશમાં ગરીબીનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ ગરીબી માત્ર આદિવાસી કે પછાતવર્ગના લોકોમાં જ છે તેવું નથી, બીન આદિવાસી ગણાતી જ્ઞાતિઓમાં પણ બેકારી અને ગરીબીનું પ્રમાણ વિશેષ છે.

દેશની કે વ્યક્તિની ગરીબી નાબૂદ કરવા માટે પરિશ્રમ દ્વારા ઉત્પાદન વધારવું એ જ ઉત્તમ રસ્તો છે. જાપાનના હિરોશીમા પર બોંબ વિંઝાયા પછી, એ નારાજ થયેલો દેશ પરિશ્રમ દ્વારા જ બેઠો થયો છે. એ પરિશ્રમ દ્વારા જ એણે દુનિયાના દેશોમાં ડંકો વગાડી, ઈલેક્ટ્રોનીક્સ ક્ષેત્રે દુનિયામાં પ્રથમ હરોળમાં નામના મેળવી છે.

ત્યાંના લોકોને કોઇ ઠેકાણેથી લોનમાં કે દાનમાં કે સબસીડીમાં પૈસા નથી મળ્યા. ત્યાંની સરકારે પણ કોઇ સબસીડીની યોજના ન કરી હોઇ, સખ્ત પરિશ્રમ કરીને, ગરીબીને ભગાડી છે. અહિ આપણે ત્યાં લોન-સબસીડી આપીને ગરીબોને બેઠા કરવા જાત જાતની યોજનાઓ ઘડાઇ છે, ઘડાતી જાય છે. ગરીબી હજી છે ત્યાંની ત્યાં જ છે. અહિ ગરીબી ઘટતી દેખાય છે પણ તે ભ્રામક છે. કોઇક ગરીબ મટ્યા છે તો બીજા ગરીબ ઊભા થયા છે. સ્થિતિ ત્યાંની ત્યાં જ છે.

ભારતના અર્થતંત્રમા કૃષિ વ્યવસાયની સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે ખાદી ગ્રામોદ્યોગ વ્યવસાયનું સ્થાન મહત્વનું છે. રોજગારી પૂરી પાડવાના સાધનોમાં તથા કૌટુંબિક આવક વધારનારા વ્યવસાય તરીકે ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં તેની અવેજી બની શકે તેવો કોઇ નક્કર વ્યવસાય હજી સુધી આપણે ત્યાં મેળવી શક્યા નથી. આ સંદર્ભમાં ખાદી ગ્રામોદ્યોગ દ્વારા પ્રાપ્ત થતી ઉપજ અને તેની બજાર વ્યવસ્થા શી છે? તેનો અભ્યાસ કેટલાક કારણોને લીધે આવશ્યક બને છે. ગાંધીજીએ આપણને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જે કોઇ ઉત્પાદન કરવાનું હોય તે હાથથી કરો, યંત્રનો ઉપયોગ તો માત્ર આવશ્યક અનિષ્ટ તરીકે અપનાવો. આ નીતિનો અમલ કરીએ તો કામ કરાવવા માટે માનવો શોધવા પડે છે. કારણ કે માનવોનું કામ યંત્રો કરે છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ આશરે ૧૮ કરતાં પણ વધારે ઉદ્યોગો ચાલે છે. આ ઉદ્યોગોમાં ખાદી વણાટ, તેલઘાણી, નીરા તાડગોળ, હાથકાગળ, મધમાખી ઉછેર, ચર્મકામ, સાબુ, ગ્રામ દિવાસળી, ગોળ, ખાંડસરી, હાથછડ ચોખા, માટીકામ, સુથારી લુહારી કામ, ચૂનાકામ, વાંસકામ, ગેસપ્લાન્ટ, એલ્યુમિનિયમના વાસણો, ફળ પ્રશોધન અને રેસાકામ છે.

દેશના અન્ય આદિવાસીઓની જેમ ગુજરાતના આદિવાસીઓ પણ સ્વભાવે તદ્દન સાદું જીવન જીવનારા, સખત મહેનત મજૂરી કરનારા તેમજ ખૂબ જ જૂજ અને ~~[illegible]~~ પ્રાપ્ય જીવન જરૂરિયાતથી સંતુષ્ટપણે રહેનારા છે. તેઓ રાજ્યની પૂર્વ સરહદે આવેલા ડુંગરાળ

અને જંગલ વિસ્તારના મુખ્યત્વે આઠ જિલ્લાઓ અને ૩૨ તાલુકાઓમાં વસવાટ કરે છે. આ ઉપરાંત પણ તેઓ છૂટાછવાયા પ્રમાણમાં રાજ્યના અન્ય જિલ્લાઓમાં અને તાલુકાઓમાં વસતા જોવા મળે છે.

ગુજરાતના આદિવાસીઓ મુખ્યત્વે ખેતીમાં રોકાયેલા છે. એટલે તેમની અર્થવ્યવસ્થા ખેતી આધારિત છે. પરંતુ મોટા ભાગના ખેડૂતો માટે ખેતી બિનઉપજાઉ છે. તેમાંથી વર્ષ દરમિયાન ખાઈ શકાય તેટલું અનાજ પણ ઉત્પન્ન કરી શકતા નથી. આ માટે ઘણાં કારણો જવાબદાર છે. ખાસ કરીને આ વિસ્તારમાં આવેલી જમીન ડુંગરાળ હોવાથી જંગલો માટે ઉપયોગી છે. પરંતુ ખેતી માટે અન્ય વિસ્તારની જમીનની સરખામણીમાં ઉતરતી કક્ષાની હોય છે. તેમજ આ વિસ્તારોમાં સિંચાઈ અપૂરતી છે કે નહિવત છે. કેટલાક આદિવાસીઓ કૂવા દ્વારા સિંચાઈ કરે છે. પરંતુ આવા કૂવાઓ ઉનાળામાં સૂકાઈ જાય છે. અથવા પાણીનું તળ નીચે ઉતરી જાય છે. તેઓની ખેતી પદ્ધતિ પણ જૂની પૂરાણી છે. પરિણામે આ વિસ્તારમાં વસતા અન્ય સમુદાયોની સરખામણીમાં આદિવાસીઓનું ખેત ઉત્પાદન ઘણું જ ઓછું હોય છે. આવી પરિસ્થિતિમાં આદિવાસીઓને માત્ર ખેતી પર નભવું મુશ્કેલ હોવાથી તેમને અન્ય ગૌણ વ્યવસાયો અપનાવવાની ફરજ પડે છે. તેઓ ગૌણ વ્યવસાયોમાં જંગલ અને ખેતમજૂરી ઉપરાંત છૂટક મજૂરી, સુથારીકામ કરવું, દોરડા દોરડી બનાવવાં, ટોપલા ટોપલીઓ બનાવવી, પડિયા પતરાળાં બનાવવાં વગેરે અનેક પ્રવૃત્તિઓ તેઓ તેમના ઘર આંગણે રહીને કરતા હોય છે. ઘણા ખરા લોકો ખાદીને લગતું અને જુદા જુદા ગ્રામોદ્યોગોને લગતું કામ પણ સરસ કરે છે. તો હજુ પણ ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શક્યતાઓ શું શું છે તેમજ કેવા પ્રકારના ઉદ્યોગો આવા વિસ્તારમાં સરસ ચાલી શકે વગેરે જોવાનો અથવા અભ્યાસ કરવાનો પ્રયત્ન છે.

અભ્યાસના હેતુઓ :

૧. ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓથી આદિવાસીઓમાં તાંત્રિક જ્ઞાન કેટલું વધ્યું તે તપાસવું.

૨. ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા/ મંડળીઓએ લોકોના વિકાસ માટેનું શું કર્યું ? તે જોવું લોકોમાં કેટલી જાગૃતિ આવી છે તે તપાસવું.

૩. સ્થાનિક કાચો માલ અને સ્થાનિક કૌશલ્યતા મેળવવાની શકયતા કેવી છે ? તે તપાસવું.

૪. તેને આધારે ખાદી ગ્રામોદ્યોગની કઈ કઈ પ્રવૃત્તિઓ આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને ફાયદાકારક બને છે તે જોવું. મતલબ કે આદિવાસી વિસ્તારમાં નવા ગૃહોદ્યોગો / ગ્રામોદ્યોગની આવશ્યકતા શું છે તે તપાસવું.

અભ્યાસનું કાર્યક્ષેત્ર અને પસંદગી :

ગુજરાતના આદિવાસી વિસ્તારના મુખ્ય ત્રણ ભાગ પાડયા છે. ૧. ઉત્તર ૨. મધ્ય અને ૩. દક્ષિણ.

આ ત્રણમાંથી સાબરકાંઠા, પંચમહાલ અને સુરત જિલ્લાઓ પસંદ કર્યા હતા. આ જિલ્લાઓમાંથી ખાદી ગ્રામોદ્યોગને લગતી બધી પ્રવૃત્તિઓ આવરી લેવાની હોવાથી એવી સંસ્થા/મંડળીઓ પસંદ કરવાની હતી કે જે વધુ પ્રવૃત્તિઓ કરતી હોય તેમજ તેના લાભાર્થીઓ પણ જે તે સંસ્થા/મંડળીના પસંદ કર્યા હતા. દરેક જિલ્લામાંથી બબ્બે તાલુકાઓનો સમાવેશ કર્યો હતો. તેમજ દરેક જિલ્લામાંથી ૭૫ કુટુંબોનો અભ્યાસ કરવાનું નિરધાર્યું હતું પણ (૧) સાબરકાંઠા જિલ્લામાં ભિલોડા અને ખેડબ્રહ્મા તાલુકાઓમાંથી ૮૦ કુટુંબોનો અભ્યાસ કર્યો હતો જ્યારે (૨) પંચમહાલ જિલ્લામાં દેવગઢબારિયા અને ઝાલોદ તાલુકાઓમાંથી ૫૩ કુટુંબોનો અભ્યાસ કર્યો હતો. આ વિસ્તારમાં આદિવાસી લાભાર્થીઓ ઘણાં જ ઓછા છે તેથી જેટલા હતા તે તમામનો અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો હતો. (૩) સુરત જિલ્લામાં બારડોલી અને વાલોડ તાલુકાઓમાંથી ૬૩ કુટુંબોનો

અભ્યાસ કર્યો હતો. તદુપરાંત ૪૦ કુટુંબો ગ્રામોદ્યોગવાળાં હતાં (આમાંનાં ૨ કુટુંબો ઝાલોદ તાલુકાનાં છે.) તેઓનો પણ અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો હતો. આમ કુલ ૨૧૬ કુટુંબોનો અભ્યાસ થયેલ છે.

<u>સંશોધન પ્રવિધિઓ :</u>

૧. આ વિષય ખૂબ જ જટીલ હોવાથી અભ્યાસ યોગ્ય રીતે કરી શકાય તે માટે તેજ વિષે કેટલુંક સાહિત્ય જોવા માટે ગ્રંથાલયકાર્ય આવશ્યક બન્યું છે.

૨. અભ્યાસમાં પસંદ થયેલાં કુટુંબોના આર્થિક જીવનમાં વ્યવસાય, આવક, ખર્ચ, દેવું, ખાદી ગ્રામોદ્યોગની આવશ્યકતા વગેરે બાબત જાણવા માટે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેલો છે.

૩. આદિવાસી વિસ્તારની તમામ સંસ્થા/મંડળીઓની ખાદી ગ્રામોદ્યોગની આવશ્યકતા વિષે વિગતો એકઠી કરવા પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી અને પત્રવ્યવહારથી માહિતી મેળવવામાં થોડા ઘણા સફળ થયા છીએ.

૪. ક્ષેત્રકાર્યમાં ફરીને દરેક પ્રવૃત્તિનો વ્યક્તિગત અભ્યાસ કરેલ છે. જેથી વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય.

૫. સંસ્થા / મંડળી તેના સભ્યો અને તેમની પ્રવૃત્તિઓનો સમજવા માટે પ્રત્યક્ષ મુલાકાત લીધી છે. તથા ત્યાં નિરીક્ષણ પણ કરેલ છે. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સંબંધિત અને અન્ય અધિકારીઓની પણ મુલાકાત લઈ ઊંડાણપૂર્વક ચર્ચા કરી લાભાર્થીઓની કાર્યક્ષમતા વિષે જાણકારી મેળવી છે.

<u>અભ્યાસ દરમિયાન પડેલ મુશ્કેલીઓ :</u>

આપણ સૌને ખબર છે કે ખાદી ગ્રામોદ્યોગનું ક્ષેત્ર ઘણું જ વિશાળ અને સંકુલ છે. અને તે સાથે સંકળાયેલી સંસ્થા / મંડળીના ચેરમેન/મંત્રી સભાસદો વગેરેને સંબંધિત બાબત સિવાયની બીજી બાબતોમાં કોઈ ઉમળકો જોવા મળતો નથી. તેથી ક્ષેત્રકાર્યમાં માત્ર તેમની સાથે ચર્ચા કરવામાં જ નહિ પરંતુ જે તે સ્થળ પર કામ કરતા

આદિવાસી લાભાર્થીઓની સાથે વાત કરવામાં પણ હમેશા મુશ્કેલીઓ નડી હતી. આ કામમાં સંકળાયેલા કેટલાક સંચાલકો, મંત્રીઓ વગેરે અમારા પ્રશ્નોના અપૂરતા ઉત્તરો આપતા જેથી તેમના જવાબોના આધારે તેમનો અભિપ્રાય નક્કી કરવું મુશ્કેલ પડે છે. કેટલાક સંચાલકો /મંત્રીઓ પોતાની સંસ્થા સિવાયની બીજી સંસ્થા/મંડળીઓની ટીકા કરતા હોય છે અને પોતે બરાબર છે અથવા પોતાની કામગીરી બરાબર ચાલે છે તેમ દર્શાવ્યા બાદ વાસ્તવમાં જે તે સ્થળ તેવું જોવા મળતું નથી. આમ ખોટી દોરવણી આપવાનું, ખાદી બોર્ડની કામગીરી બરાબર નથી વગેરે વાત કરી સાચી હકીકત છૂપાવતા હોય છે. અલબત્ત અમને એવા પણ ઉત્તરદાતાઓ મળ્યા હતા કે જેમણે આ અભ્યાસ માટે કિંમતી માહિતી પૂરી પાડીને દિશાસૂઝ આપવામાં પણ મદદરૂપ બન્યા છે.

અગાઉ જોયું તેમ આદિવાસી વિસ્તારની તમામ સંસ્થા/ મંડળીઓની ખાદી ગ્રામોદ્યોગની આવશ્યકતા વિશે વિગતો એકઠી કરવા પ્રશ્નાવલી બનાવી પત્રવ્યવહારથી માહિતી મંગાવવા પ્રયત્ન કર્યો હતો. જે પ્રયત્ન નહિવત સફળ થયો.

આ ઉપરાંત કેટલીક જગ્યાએ ફક્ત ખાદી ગ્રામોદ્યોગની સહાય કે લોન મેળવવા ખાતર પણ સંસ્થા ઊભી કરી દીધેલ જોવા મળી છે. અને જે તે ગામમા સંસ્થા વિષે કોઈને ખબર પણ હોતી નથી. ઘણી સંસ્થા/ મંડળીઓ અત્યારે બંધ હાલતમા છે. જેની મુલાકાત લીધા છતાં કોઈ માહિતી મળી ન હતી.

## પ્રકરણ - ૨

## માહિતીદાતાઓનો પરિચય : આર્થિક- સામાજિક

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી કુલ વસ્તીના ૧૪.૨૨% છે. આમાંથી ૯૦.૬૭% આદિવાસીઓ ખેતી અને ખેતમજૂરીમાં જોડાયેલા છે. ખેતી કરતો આદિવાસીઓનો વર્ગ કુલ આદિવાસીઓના ૪૮.૩૪% અને ખેતમજૂરીમાં ૪૨.૩૩% સંકળાયેલા છે. ખેતી કરનાર વર્ગ પણ પોતાનો વર્ષભરનો રોટલો મેળવી શકતો નથી. અને જે જમીન છે તે પણ ખડકાર, ઢોળાવવાળી, કોતરોવાળી, જંગલથી ઘેરાયેલી અને કસ વગરની છે. ગુજરાતના આદિવાસીઓમાં ખેતીની જમીન પૂરતું પોષણ આપી શકતી નથી. તેમજ આદિવાસી વિસ્તારમાં સંખ્યાબંધ આદિવાસી ખેડૂતોની જમીન માત્ર રેકર્ડ ઉપર પર જ પોતાના નામે ચાલતી હોય છે. વાસ્તવમાં તેમની જમીન મોટા ખાતેદારો કે શાહુકારોના કબજામાં હોય છે. આ સિવાય ખેતીમાં રોકાયેલાઓ પણ ઘણા ઓછા પ્રમાણમાં જમીન ધરાવતા હોય છે. તે આર્થિક રીતે મજબૂત બની શકાય નહીં.

જેમ જમીન ધરાવતા આદિવાસીઓની અનેક સમસ્યાઓ છે તેના કરતા વધુ સમસ્યાઓનો ભોગ બનેલા જમીનવિહોણા આદિવાસીઓ છે. તેઓ આર્થિક, સામાજિક, ધાર્મિક અને શારીરિક સમસ્યાઓના ભોગ બનતા જાય છે. આદિવાસી વિસ્તારમાં આ લોકોને પોતાના ગામમાં કે બાજુના ગામોમાં પૂરતી મજૂરી મળી શકતી નથી. તેથી કેટલાક લોકો બિનઆદિવાસી વિસ્તારમાં ખેતમજૂરી, બાંધકામજૂરી કે કારખાના તરફ તેમને જવું પડે છે. કેટલાક લોકો જંગલ મજૂરી અને આજુબાજુના નજીકના વિસ્તારમાં માટીકામ જેવી મજૂરી કરવા પણ જતા હોય છે. જો કે આવી મજૂરી આખા વર્ષમાં કાયમ મળતી નથી. તો તેવા લોકો પોતાનું જીવન ટકાવી રાખવા ખાદી ગ્રામોદ્યોગની જે પ્રવૃત્તિઓ ચાલે છે તે પણ કરે છે. ખેતી કરતા કુટુંબો સામાન્ય રીતે ખેતીની મોસમ સિવાય બીજી કોઈ મજૂરી ના મળે ત્યારે અંબર ચરખા

થયેલ હતાં. બીજા વિસ્તારોમાં એટલે કે પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાઓમાં ગ્રામોદ્યોગ કરતાં કુટુંબો ખૂબ જ ઓછાં છે. અથવા તપાસના સમયે કામ કરતાં જોવા મળ્યાં નથી. મોટા ભાગની સંસ્થાઓ/મંડળીઓ બંધ થયેલ હાલતમાં અથવા બંધ જ છે. કેટલીક ચાલુ છે તે પણ સાધનસામગ્રી બનાવવા પૂરતી જ રહેલ છે. વાસ્તવમાં તેનો ઉપયોગ દ્વારા લાભાર્થીઓને લાભ મળતો નથી. જે વિગતે પાછળથી જોઈશું.

નમૂનાનાં કુટુંબોમાંથી વધુમાં વધુ ભીલ જાતિના જોવા મળ્યાં છે. એટલે કે કુલ ૨૧૬ કુટુંબોમાંથી ૮૦ કુટુંબો ડુંગરી ગરાસિયા જાતિનાં સાબરકાંઠા જિલ્લામાંથી, ૫૪ કુટુંબો ભીલ જાતિનાં પંચમહાલ જિલ્લામાંથી છે. જયારે બાકીનાં ૧૭ કુટુંબો ચૌધરી, ૧૫ કુટુંબો હળપતિ, ૩૩ કુટુંબો કોકણી, ૧૩ કુટુંબો ગામીત, ૩ કુટુંબો ધોડિયા અને એક કુટુંબ પટેલિયા જનજાતિમાં જોવા મળ્યાં છે. વિસ્તારવાર કોઠા ૨:૨ માં આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

ખાદી ગ્રામોદ્યોગ પરના વ્યવસાયનું વર્ગીકરણ — કોઠો - ૨ : ૧

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | અંબર: એક અંબર | અંબર: બે અંબર | અંબર: ત્રણ અંબર | પૂણી | વણાટ | પોલીવસ્ત્ર અંબર | સાબુ | હા. કાગળ | સુથારી-લુહારી | પાપડ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૬૧ | ૯ | ૨ | - | ૫ | ૩ | - | - | - | - | ૮૦ |
| પંચમહાલ | ૨૫ | ૮ | ~~૨~~ | ૨૦ | - | - | - | - | - | - | ૫૩ |
| સુરત | ૩૪ | ૧ | - | ૨૩ | ૫ | - | - | - | - | - | ૬૩ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | - | - | - | - | - | - | ૩ | ૫ | ૬ | ૬ | ૨૦ |
| કુલ | ૧૨૦ | ૧૮ | ૨ | ૪૩ | ૧૦ | ૩ | ૩ | ૫ | ૬ | ૬ | ૨૧૬ |

જનજાતિ પ્રમાણે વર્ગીકરણ

કોઠો ૨ : ૨

| જિલ્લાનું નામ | ભીલ,ડુંગરી ગરાસિયા | ચૌધરી | હળપતિ | પટેલિયા | કોંકણી | ગામીત | ધોડિયા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૮૦ | - | - | - | - | - | - | ૮૦ |
| પંચમહાલ | ૫૨ | - | - | ૧ | - | - | - | ૫૩ |
| સુરત | - | ૧૨ | ૧૨ | - | ૩૩ | ૬ | - | ૬૩ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ -વાળા | ૨ | ૫ | ૩ | - | - | ૭ | ૩ | ૨૦ |
| કુલ | ૧૩૪ | ૧૭ | ૧૫ | ૧ | ૩૩ | ૧૩ | ૩ | ૨૧૬ |

તમામ ઉત્તરદાતાઓ કે લાભાર્થીઓની શિક્ષણ બાબત જોઈએ તો કુલ ૨૧૬માંથી ૭૦.૩૭% ઉત્તરદાતાઓ તો અભણ છે. જ્યારે બાકીના ૨૩.૬૧% ઉત્તરદાતાઓ પ્રાથમિક શિક્ષણ અને ૬.૦૨% ઉત્તરદાતાઓ માધ્યમિક શિક્ષણ મેળવેલ જોવા મળે છે. ઉચ્ચ શિક્ષણ લીધેલ કોઈ જ જોવા મળતું નથી. ટૂંકમાં મોટા ભાગના ઉત્તરદાતાઓ અભણ છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લામાં ઉત્તરદાતાઓમાં અભણનું પ્રમાણ ખૂબ જ જોવા મળે છે. કોઠા ૨:૩માં આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે.

તપાસેલ કુટુંબોના મકાનોની પરિસ્થિતિ જોઈએ તો ૮૭.૦૪% મકાન કાચાં જોવા મળે છે. જ્યારે ૧૨.૯૬% મકાન પાકાં છે. અહીં પાકાં મકાન છે તે મોટા ભાગે જે તે સંસ્થાનાં છે. અને ભાડેથી અથવા મફત રહેવાની સગવડ પૂરતાં આપેલાં છે. ખાસ કરી સુરત જિલ્લામાં આવાં મકાનો જે તે સંસ્થાઓએ તેના લાભાર્થીઓને આપેલાં છે. કોઠા નં. ૨:૪માં આના આંકડા જોતા જણાશે. કુલ ૨૧૬ કુટુંબોમાં ૧૯ મકાનો સંસ્થાનાં છે જ્યારે બાકીનાં ૧૯૭ મકાનો જે તે વ્યક્તિનાં પોતાનાં છે. અને તેની સરેરાશ કિંમત ૩૧૧૫ રૂપિયા થાય છે. આ મકાનોમાં ૫૦.૪૬% મકાનો એક ખંડવાળાં અને ૯.૨૬% ત્રણ ખંડવાળાં તથા ૪૦.૨૮% મકાનો બે ખંડવાળાં જોવા મળે છે. જ્યારે તેની દીવાલોના પ્રકાર જોઈએ તો ૮૩.૮૦% મકાનોની દીવાલ માટીની, ૧.૮૫% મકાનોની દીવાલ ફક્ત સાંઠીની અને ૧૪.૩૫% મકાનોની દીવાલ ઈંટોની (ઘટક કે જે મકાન સંસ્થાનાં છે તેની) જોવા મળી છે. સાથે સાથે મકાનના છાજના પ્રકાર પણ જોઈ લેવા જોઈએ. તો અહીં ૬૮.૫૨% મકાનના છાજ દેશી નળિયાંથી ૨૫.૦૦% મકાનના છાજ વિલાયતી નળિયાંથી, ૫.૫૬% મકાનના છાજ પતરાંથી અને માત્ર ૦.૯૨% મકાનના છાજ ઘાસથી છાવરેલા છે. જેઓ પશુપાલન કરે છે તેઓ માંથી (કુલ ૧૨૪માંથી) ૩૦.૩૨% લોકો જ પોતાનાં પશુ બાંધવાની વ્યવસ્થા અલગ કરી છે.

એટલે કે ઘરની બહાર અથવા થોડે દૂર બાંધે છે. જ્યારે ૫૯.૬૮% લોકો પોતાનાં પશુઓ ઘરમાં સાથે જ બાંધે છે.

અભ્યાસમાં આવરેલ કુલ ૨૧૬ કુટુંબોમાંથી ૬૧.૫૭% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી, ૧૮.૯૮% કુટુંબોનો મુખ્ય વ્યવસાય મજૂરી, ૮.૮૦% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખાદીકામ, ૬.૦૨ % કુટુંબોનો મુખ્ય વ્યવસાય ગ્રામોદ્યોગ, ૩.૨૪% કુટુંબોનો મુખ્ય વ્યવસાય નોકરી અને ૧.૩૯% કુટુંબોનો મુખ્ય વ્યવસાય હીરા ઘસવાનું કામ છે. ટૂંકમાં મોટા ભાગનાં કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જ્યારે ખાદી ગ્રામોદ્યોગ અને થોડા ઘણા અથવા નહીંવત પ્રમાણમાં મુખ્ય વ્યવસાય તરીકે જોવા મળે છે. જો કે આ નમૂનાનાં તમામ કુટુંબોનો ગૌણ વ્યવસાય ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિનો છે જ. આ સિવાય પણ તેમના બીજા ગૌણ વ્યવસાય જોવા મળ્યા છે. તેમાંથી (કુલ ૧૩૬માંથી) ૭૩.૫૩% મજૂરી, ૬.૬૨% ખેતી, ૦.૭૪% નોકરી, ૦.૭૪% ધંધો અને ૮.૦૮% હીરા ઘસવાનું કામ કરવું તે ગૌણ વ્યવસાયમાં જોવા મળેલ છે. આમ કોઠા નં. ૨:૫ અને ૨:૬માં મુખ્ય અને ગૌણ વ્યવસાયના આંકડા આપ્યા છે. સાથે સાથે એ પણ વિચારવું જોઈએ કે આ સમાજમાં આ લોકોને કોઈ એક જ વ્યવસાયથી પોતાનું ભરણપોષણ થઈ શકતું નથી. અને તેથી જ એક કરતાં વધારે વ્યવસાય કરવા પડે છે. તદુપરાંત ઘરના કુટુંબના સભ્યોમાંથી પણ એક કરતાં વધારે વ્યક્તિઓએ કમાવવું પડે છે જે હવે જોઈશું.

પસંદ થયેલ કુલ ૨૧૬ કુટુંબોની સભ્ય સંખ્યા ૧૨૦૫ છે એટલે કે સરેરાશ કુટુંબકદ ૫.૫૮ થાય. તેમાં પુરુષો ૫૮૬ અને સ્ત્રીઓ ૬૧૯ છે. કુલ ૨૧૬ કુટુંબોમાંથી ૬૪૧ વ્યક્તિઓ કમાનાર છે. એટલે કે એક કુટુંબની સરેરાશ કમાનારની સંખ્યા ૨.૯૭ થઈ અને સરેરાશ કુટુંબકદ ૫.૫૮ છે આ ઉપરથી જોઈ શકાય કે આ બધાં કુટુંબોના સભ્યોમાંથી અડધા કરતાં વધારે સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે. [illegible] કમાવું

પડતું હોય છે. કુલ સંખ્યામાંથી નહીં કમાનારની સંખ્યા જોઈએ તો કુલ પુરુષોમાંથી ૪૪.૭૧% પુરુષો નહીં કમાનાર છે. જ્યારે કુલ સ્ત્રીઓમાં ૪૮.૭૯% સ્ત્રીઓ નહીં કમાનાર છે. બાકીના ૫૩.૯૨% પુરુષો અને ૪૯.૧૧% સ્ત્રીઓ કમાનાર છે. તદ્ઉપરાંત ૧.૩૭% પુરુષો અને ૨.૧૦% સ્ત્રીઓ ૧૪ વર્ષથી ઓછી વયના કમાનાર છે. જે કોઠા નં. ૨:૭ માં જોઈ શકાશે. આ ઉપરાંત એ પણ જોઈ શકાશે કે કુલ પુરુષોમાંથી ૨૦.૧૭% પુરુષો અને સ્ત્રીઓમાંથી ૩૫.૨૨% સ્ત્રીઓ તો ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ દ્વારા રોજગારી મેળવે છે. અથવા કમાનારમાં ગણી શકાય. આમ કરી પુરુષો કરતાં સ્ત્રીઓ ખાદી પ્રવૃત્તિમાં વધારે કામ કરતી જોવા મળી છે. જ્યારે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણવધારે જોવા મળ્યું છે. આમ આ આંકડાઓ પરથી પણ કહી શકાય કે આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પણ કમાણીમાં પોતાનો ભાગ ભજવે છે. અથવા બીજી રીતે કહીએ તો સ્ત્રીઓને પણ મજૂરી કરવી પડે છે અને પોતાના કુટુંબના ભરણપોષણમાં મદદ કરે છે. ટૂંકમાં આદિવાસી સમાજની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાથી, આધુનિક ખેતીનો અભાવ, સિંચાઈનો અભાવ, સંતાનો વધુ હોવાથી વગેરે ઘણાં જ કારણોથી હજુ પણ આ લોકો આર્થિક રીતે પછાત છે. જેથી ઘરના મોટા ભાગના સભ્યોએ પણ કામ કરવું પડતું હોય છે.

નમૂનાનાં કુલ ૨૧૬ કુટુંબોમાંથી ૧૫૫ કુટુંબો પાસે જ જમીન છે. જ્યારે બાકીના ૬૧ કુટુંબો જમીનવિહોણાં છે. જેઓ જમીન ધરાવે છે તેઓની કુટુંબદીઠ સરેરાશ જમીન ૧. ૨૦ એકર છે. ટૂંકમાં દરેક કુટુંબો પાસે ખૂબ જ ઓછી જમીન છે. મોટા ભાગના સીમાંત ખેડૂતો છે. વિસ્તારવાર જમીન ધારણ કરનારના આંકડા કોઠા નં. ૨:૮માં દર્શાવ્યા છે.

કોઠો : ૨:૩

લાભાર્થીઓનું શિક્ષણ ~~મુજબ~~ અંગે વર્ગીકરણ

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ | કુલ |
|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૫૯ | ૧૫ | ૬ | - | ૮૦ |
| | (૭૩.૭૫) | (૧૮.૭૫) | (૭.૫૦) | - | (૧૦૦.૦૦) |
| પંચમહાલ | ૫૦ | ૧ | ૨ | - | ૫૩ |
| | (૯૪.૩૪) | (૧.૮૯) | (૩.૭૭) | - | (૧૦૦.૦૦) |
| સુરત | ૩૩ | ૨૭ | ૩ | - | ૬૩ |
| | (૫૨.૩૮) | (૪૨.૮૬) | (૪.૭૬) | - | (૧૦૦.૦૦) |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | ૧૦ | ૮ | ૨ | - | ૨૦ |
| | (૫૦.૦૦) | (૪૦.૦૦) | (૧૦.૦૦) | - | (૧૦૦.૦૦) |
| કુલ | ૧૫૨ | ૫૧ | ૧૩ | - | ૨૧૬ |
| ટકા | (૭૦.૩૭) | (૨૩.૬૧) | (૬.૦૨) | - | (૧૦૦.૦૦) |

કોઠો ૨:૪

મકાનની પરિસ્થિતિ દર્શાવતું વર્ગીકરણ

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | મકાન | | કિંમત | ઓરડાની સંખ્યા | | | દીવાલનો પ્રકાર | | | છાજનો પ્રકાર | | | | પશુ માટી છાપરી | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કાચું | પાકું | રૂપિયામાં | ૧ | ૨ | ૩ | માટી | ઈંટ | સાંઠી | છાણી | વિલાયતી | પતરાં | ઘાસ | અલગ | સાથે જ | |
| સાબરકાંઠા | ૭૮ | ૨ | ૨૫૨૬૦૦ | ૨૯ | ૩૮ | ૧૩ | ૭૮ | ૨ | - | ૭૧ | ૯ | - | - | ૪૧ | ૨૬ | |
| પંચમહાલ | ૫૨ | ૧ | ૧૨૧૫૦૦ | ૨૯ | ૨૩ | ૧ | ૫૧ | ૨ | - | ૫૧ | - | ૨ | - | - | ૨૪ | |
| સુરત | ૪૦ | ૧૬ | ૧૮૪૭૦૦ | ૩૯ | ૨૦ | ૪ | ૪૧ | ૧૮ | ૪ | ૧૬ | ૩૭ | ૧૦ | - | ૮ | ૨૧ | ૧૧ મકાન સંસ્થાનાં છે. |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ | ૧૧ | ૯ | ૫૪૮૦૦ | ૧૨ | ૬ | ૨ | ૧૧ | ૯ | - | ૧૦ | ૮ | - | ૨ | ૧ | ૩ | ૮ મકાન સંસ્થાનાં છે. |
| કુલ | ૧૮૮ | ૨૮ | ૬૧૩૬૦૦ (૬૧૩૬૦૦) | ૧૦૯ | ૮૭ | ૨૦ | ૧૮૧ | ૩૧ | ૪ | ૧૪૮ | ૫૪ | ૧૨ | ૨ | ૫૦ | ૭૪ | |
| ટકા | ૮૭.૦૪ | ૧૨.૯૬ | | ૫૦.૪૬ | ૪૦.૨૮ | ૯.૨૬ | ૮૩.૮૦ | ૧૪.૩૫ | ૧.૮૫ | ૬૮.૫૨ | ૨૫.૦૦ | ૫.૫૬ | ૦.૯૨ | ૪૦.૩૨ | ૫૯.૬૮ | |

કોઠો ૨:૫

મુખ્ય વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ

| જિલ્લાનું નામ | ખેતી | મજૂરી | ખાદીકામ | ગ્રામોદ્યોગ | નોકરી | હિરા ઘસવાનું કામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૭૯ | ૧ | - | - | - | - | ૮૦ |
| પંચમહાલ | ૨૯ | ૧૭ | ૫ | - | ૨ | - | ૫૩ |
| સુરત | ૨૩ | ૨૦ | ૧૩ | - | ૪ | ૩ | ૬૩ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ વાળા | ૨ | ૩ | ૧ | ૧૩ | ૧ | - | ૨૦ |
| કુલ | ૧૩૩ | ૪૧ | ૧૯ | ૧૩ | ૭ | ૩ | ૨૧૬ |
| ટકા | ૬૧.૫૭ | ૧૮.૯૮ | ૮.૮૦ | ૬.૦૨ | ૩.૨૪ | ૧.૩૯ | ૧૦૦.૦૦ |

કોઠો ૨:૬

ગૌણ વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ

| જિલ્લાનું નામ | પશુપાલન | મજૂરી | ખેતી | નોકરી | ધંધો | હિરા ઘસવાનું કામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૫૮ | - | - | ૧ | - | - | ૫૯ |
| પંચમહાલ | ૨૪ | ૨ | ૪ | - | - | - | ૩૦ |
| સુરત | ૧૭ | ૧૧ | ૩ | - | ૧ | ૯ | ૪૧ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ વાળા | ૧ | ૧ | ૨ | - | - | ૨ | ૬ |
| કુલ | ૧૦૦ | ૧૪ | ૯ | ૧ | ૧ | ૧૧ | ૧૩૬ |
| ટકા | ૭૩.૫૩ | ૧૦.૨૯ | ૬.૩૨ | ૦.૭૪ | ૦.૭૪ | ૮.૦૮ | ૧૦૦.૦૦ |

કોઠો ૨:૭

કમાનાર / નહીં કમાનારનું વર્ગીકરણ

| જિલ્લાનું નામ | કમાનાર | | નહીં કમાનાર | | ૧૪ વર્ષથી નીચેના કમાનાર | | કુલ | | ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ કરતા | | કુટુંબનું કદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| સાબરકાંઠા | ૧૧૬ | ૧૨૪ | ૧૦૦ | ~~૧૦૦~~ ૧૦૯ | ૪ | ૫ | ૨૨૦ | ૨૩૮ | ૬૩ | ૯૦ | ૫.૭૨ |
| પંચમહાલ | ૭૫ | ૬૯ | ૮૬ | ૭૩ | ૨ | ૪ | ૧૬૩ | ૧૪૬ | ૨૨ | ૪૮ | X ૫.૮૩ |
| સુરત | ૯૪ | ૯૩ | ૫૫ | ૯૮ | ૨ | ૪ | ૧૫૧ | ૧૯૫ | ૧૬ | ૬૮ | ૫.૪૯ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ વાળા | ૩૧ | ૧૮ | ૨૧ | ૨૨ | - | - | ૫૨ | ૪૦ | ૧૭ | ૧૨ | ૪.૬૦ |
| કુલ | ૩૧૬ | ૩૦૪ | ૨૬૨ | ૩૦૨ | ૮ | ૧૩ | ૫૮૬ | ~~૬૧૩~~ ૬૧૯ | ૧૧૮ | ૨૧૮ | ૫.૫૮ |
| ટકા | ૫૩.૯૨ | ૪૯.૧૧ | ૪૪.૭૧ | ૪૮.૭૯ | ૧.૩૭ | ૨.૧૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૨૦.૧૪ | ૩૫.૨૨ | |

કોઠો ૨:૮

જમીન અંગે વર્ગીકરણ

| જિલ્લાનું નામ | કુલ જમીન એકર ગુઠા | કુટુંબદીઠ સરેરાશ જમીન એકરમાં | જમીન ધરાવતા કુટુંબો |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૫૫.૦૫ | ૧.૩૮ | ૭૯ |
| પંચમહાલ | ૩૪.૨૦ | ૦.૩૬ | ૩૮ |
| સુરત | ૩૨.૨૦ | ૧.૦૮ | ૨૭ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | ૧૦.૦૦ | ૦.૩૬ | ૧૧ |
| કુલ | ~~૪૫૫~~ ૨૩૨.૦૫ | ૧.૨૦ ~~૩૨.૨૦~~ | ૧૫૫ |

કોઠો ૨:૯

પશુધન

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | બળદ | ગાય | ભેંસ | પાડા | બકરાં/ઘેટાં | વાછરડાં | મરઘાં | કુલ | પશુધનની કુલ કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૯૭ | ૩૯ | ૩૧ | ૯ | ૧૬૧ | ૧૧ | ૫૦ | ૩૯૮ | ૧૪૯૬૨૦ |
| પંચમહાલ | ૨૮ | ૯ | ૧ | - | ૩૯ | ૫ | - | ૮૨ | ૩૬૫૫૦ |
| સુરત | ૧૫ | ૧૩ | ૧૨ | ૮ | ૧૭ | ૧૧ | ૪૭ | ૧૨૩ | ૬૭૫૩૦ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | ૨ | ૨ | - | - | — | ૧ | ૧૧ | ૧૬ | ૨૪૭૫ |
| કુલ | ૧૪૨ | ૬૩ | ૪૪ | ૧૭ | ૨૧૭ | ૨૮ | ૧૦૮ | ૬૧૯ | ૨૫૬૧૭૫ |

જમીન એમ જોયું અને આગળ જોયું તેમ મોટા ભાગના લોકોનો ગૌણ વ્યવસાય પશુપાલન છે. તો આ પશુઓના આંકડા પણ જોવા જરૂરી છે. કોઠા નં. ૨:૯ મા દર્શાવ્યા પ્રમાણે બધા કુટુંબોના મળી કુલ ૬૧૯ પશુઓની સંખ્યા જોવા મળે છે. આમાં મરઘાંની સંખ્યાનો પણ સમાવેશ થાય છે. આમ કુલ ૬૧૯ પશુઓની અંદાજિત કિંમત ૨૫૬૧૭૫ રૂપિયા જોવા મળેલ છે. કુલ ૬૧૯ પશુઓ માંથી ૧૪૨ બળદ, ૬૩ ગાય, ૪૪ ભેંસ, ૧૭ પાડા, ૨૧૭ બકરા/ઘેટા, ૨૮ વાછરડા-વાછરડી અને ૧૦૮ મરઘાનો સમાવેશ થાય છે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક કોઠા નં. ૨:૧૦મા દર્શાવી છે. તેમાં બધા કુટુંબોની વાર્ષિક આવક ૧૩૦૯૧૦૦ રૂપિયા જોવા મળે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૬૦૬૧ રૂપિયા થઇ. સાતમી પંચવર્ષીય યોજનામા ગરીબાઇની રેખા નક્કી કરવા માટે ગ્રામ્ય વિસ્તારના કુટુંબની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૬૪૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૭૩૦૦ સ્વીકારવામાં આવી છે. આવકના આ ધોરણને ધ્યાનમા લઇએ તો સર્વેક્ષિત પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાનાં કુટુંબો ગરીબીરેખા નીચે જીવન વ્યતીત કરે છે. જયારે સુરત જિલ્લાના ખાદીનું કામ કરતાં કુટુંબો અને ગ્રામોદ્યોગનાં કુટુંબોની આવક ઠીક ઠીક ગણી શકાય. સમગ્ર રીતે કુલ આવકના ૧૯.૦૧% આવક ખેતીમાંથી, ૪.૨૪% (૬) આવક પશુપાલનમાંથી, ૪.૨૨% આવક મજૂરીમાંથી, ૧૧.૬૯% આવક ખેતમજૂરીમાંથી, ૧૩.૩૯% આવક નોકરીમાંથી, ૬.૦૬% આવક હિરા ઉદ્યોગમાંથી અને ૩૯.૩૯% આવક ખાદી ગ્રામોદ્યોગમાંથી જોવા મળેલ છે. ટૂંકમાં મોટા ભાગનાનો મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં પણ વધારેમાં વધારે આવક ખાદી ગ્રામોદ્યોગ વ્યવસાયમાંથી મળે છે. ત્યારબાદ ખેતી, મજૂરી, નોકરી વગેરેમાંથી. કુલ વાર્ષિક આવકના પ્રમાણમાં ખાદી ગ્રામોદ્યોગની આવક જોઇએ તો સૌથી વધુ આવક ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાંથી (૬૮.૨૭%), ત્યારબાદ પંચમહાલ જિલ્લાના કુટુંબોમાંથી (૪૧.૫૦%), સાબરકાંઠા જિલ્લાના કુટુંબોમાંથી (૩૫.૮૯%) અને સુરત જિલ્લાનાં કુટુંબોમાંથી (૩૬.૫૧%) (૩૧.૫૧%) છે. વિગતે વ્યવસાયવાર ટકાવારી કોઠામા જોઇ શકાશે.

અહીં એ પણ જોવા પ્રયત્ન કર્યો છે કે ફક્ત ખાદી પ્રવૃત્તિમાંથી જ એટલે કે ખાદી કામમાંથી જ સાબરકાંઠા જિલ્લાનાં કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૧૯૦૫, પંચમહાલ જિલ્લાના કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૧૬૮૫, સુરત જિલ્લાનાં કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૨૪૯૦ અને ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ કરતાં કુટુંબોની ફક્ત ગ્રામોદ્યોગની સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૫૮૫૭ છે. ટૂંકમાં ગ્રામોદ્યોગની આવક સારી એવી ગણી શકાય. ત્યારબાદ બીજા વિસ્તાર કરતા સુરત જિલ્લામાં ખાદી પ્રવૃત્તિમાંથી સારી એવી આવક જોવા મળે છે.

કોઠા નં. ૨:૧૧માં વાર્ષિક વપરાશી ખર્ચ બતાવ્યું છે. તેમાં કુલ ૨૧૬ કુટુંબોનું વાર્ષિક વપરાશી ખર્ચ ૧૦૩૩૭૫૫ રૂપિયા જોવા મળે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ ૪૭૮૬ રૂપિયા થાય. મોટા ભાગનું ખર્ચ ખાદ્યખોરાકી માટે જ થતું હોય છે. ત્યારબાદ કપડાં, પગરખા વગેરેમાં જોવા મળે છે. અહીં ખાસ એ જોવા મળે છે કે લોકો શિક્ષણ પાછળ ખૂબ જ ઓછું અથવા નહીંવત ખર્ચ (કુલ ખર્ચના માત્ર ૩.૩૭% જ ખર્ચ) કરતા જોવા મળ્યા છે. જો કે મોજશોખ-મનોરંજન, ધાર્મિક સામાજિક ખર્ચ વ્યવહારોમાં ... તેનું કારણ કદાચ એ હોઈ શકે કે તેઓ પાસે આવું ખર્ચ કરવા માટે પૈસા ન હોય અથવા ઉછીના કે દેવું કરવા માટે અશક્તિમાન હોય.

કુલ ૨૧૬ કુટુંબોમાંથી માત્ર ૮૨ કુટુંબોએ ૧૨૪૫૩૦ રૂપિયા દેવું કર્યું છે. એટલે કે દેવાદાર કુટુંબદીઠ દેવું ૧૫૧૯ રૂપિયા થયું. જ્યારે બાકીનાં ૧૩૪ કુટુંબોને દેવું નથી. આ લોકો દેવાદાર નથી તેનું કારણ એ નહીં કે તેઓ પૈસેટકે સુખી છે. પરંતુ તેમને પૈસાની જરૂર હોય તો પણ તેઓ એવી વસ્તુ ધરાવતા નથી કે જેના પર તેઓ ધિરાણ મેળવી શકે. આગળ આપણે જોયું કે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા કુટુંબોની આર્થિક સ્થિતિ સારી છે. સાથે સાથે દેવાદાર કુટુંબો પણ ઓછાં છે. અને દેવાદાર કુટુંબદીઠ દેવું પણ સૌથી ઓછું (૯૦૦ રૂપિયા) છે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના કુટુંબોમાં દેવાદાર કુટુંબદીઠ દેવું પણ સૌથી વધારે (૧૬૫૦ રૂપિયા) છે. ત્યારબાદ ઉતરતા ક્રમે પંચમહાલ અને સુરત જિલ્લાના કુટુંબોનાં આ ચિત્ર જોવા મળશે. જે કોઠા નં. ૨:૧૨માં આંકડા દર્શાવ્યા છે. સમગ્ર રીતે કુલ દેવાદાર કુટુંબોના દેવામાંથી ૪૯.૧૭% દેવું શાહુકાર વેપારીનું

૧૮.૩૦% દેવું બેન્કનું, ૧૫.૧૦% દેવું સહકારી મંડળીઓનું, ૧૦.૩૬% દેવું સગાસંબંધીઓનું, અને ૭.૦૭% દેવું જ તે ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા/મંડળીઓનું જોવા મળે છે. ટૂંકમાં અડધું દેવું તો શાહુકાર વેપારીનું જ જોવા મળે છે. જયારે સૌથી ઓછું દેવું જે સંસ્થા મંડળી મારફત કામ કરે છે તેનું જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે આવી સંસ્થા/મંડળીઓ પોતાના લાભાર્થીઓને ઉછીના પૈસા અથવા લોન તરીકે ખાસ આપતા નથી.

હેતુવાર દેવું જોઈએ તો કુલ દેવાના ૨૮.૬૭% દેવું ઘરખર્ચ (આર્થિક) માટે, ૩૨.૫૮% દેવું ખેતી માટે, ૮.૩૫% દેવું પશુધન ખરીદવા, ૧૫.૧૦% દેવું મકાન બનાવવા માટે, ૪.૨૬% દેવું સામાજિક પ્રસંગો માટે, ૮.૦૩% દેવું જમીન ખરીદવા માટે અને ૩.૦૧% દેવું દવાખાનાનું ખર્ચ હોવાથી કરવું પડયું છે. ટૂંકમાં મોટા ભાગનું ખર્ચ ખેતી માટે છે અને ત્યારબાદ ઘરખર્ચને પહોંચી વળવા કરવું પડે છે. ઘણીવાર સિરાસ નહીં મળતાં વર્ષના કેટલાક દિવસોમાં કેટલાક લોકોને ભૂખે સૂવું પડે છે. પોતાનાથી થતા બધા પ્રયત્નો કરી ચૂકે છે.

કોઠો ૨:૧૨

દેવું

| જિલ્લાનું નામ | દેવાદાર કુટુંબો | શાહુકાર-વેપારી | બેન્ક | સહકારી મંડળી | સગાસંબંધી | ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા/ મંડળી | કુલ દેવું | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૪૦ | ૨૫૨૦૦ | ૨૩૩૦૦ | ૧૫૫૦૦ | ૩૦૦૦ | - | ૬૬૦૦૦ | ૧૬૫૦ |
| પંચમહાલ | ૨૯ | ૨૮૦૮૦ | - | ૩૩૦૦ | ૮૯૦૦ | - | ૪૦૨૮૦ | ૧૩૮૯ |
| સુરત | ૧૧ | ૬૯૫૦ | ૫૦૦ | - | ૨૦૦ | ૮૮૦૦ | ૧૬૪૫૦ | ૧૪૯૫ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ વાળા | ૨ | ૧૦૦૦ | - | - | ૮૦૦ | - | ૧૮૦૦ | ૯૦૦ |
| કુલ | ૮૨ | ૬૧૨૩૦ | ૨૨૮૦૦ | ૧૮૮૦૦ | ૧૨૯૦૦ | ૮૮૦૦ | ૧૨૪૫૩૦ | ૧૫૧૯ |
| | | ૪૯.૧૭ | ૧૮.૩૦ | ૧૫.૧૦ | ૧૦.૩૬ | ૭.૦૭ | ૧૦૦.૦૦ | |

કોઠો ૨:૧૩

હેતુવાર દેવું

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | ઘરખર્ચ/આર્થિક | ખેતી માટે | પશુધન ખરીદવા | મકાન બનાવવા | સામાજિક | જમીન ખરીદવા | દવાખાનું ખર્ચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૨૪૦૦ | ૩૮૯૦૦ | ૮૯૦૦ | ૫૩૦૦ | ૫૦૦ | - | - | ૬૬૦૦૦ |
| પંચમહાલ | ૨૦૦૦૦ | ૮૮૦ | ૧૦૦૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦૦ | ૩૪૦૦ | ૪૦૨૮૦ |
| સુરત | ૨૩૦૦ | - | ૪૦૦ | ૯૫૦૦ | ૩૮૦૦ | - | ૩૪૦ | ૧૬૪૫૦ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ | ૧૦૦૦ | ૮૦૦ | - | - | - | - | - | ૧૮૦૦ |
| કુલ | ૩૫૭૦૦ | ૪૦૫૮૦ | ૧૦૪૦૦ | ૧૮૮૦૦ | ૫૩૦૦ | ૧૦૦૦૦ | ૩૭૪૦ | ૧૨૪૫૩૦ |
| ટકા | ૨૮.૬૭ | ૩૨.૫૮ | ૮.૩૫ | ૧૫.૧૦ | ૪.૨૬ | ૮.૦૩ | ૩.૦૧ | ૧૦૦.૦૦ |

પ્રકરણ - ૩

## માહિતીદાતાઓનો પરિચય : માનસિક વલણ

અગાઉના પ્રકરણમાં આપણે જોઇ ગયા છીએ કે નમૂનાનાં કુટુંબો માંથી ખાદીને લગતું કામ ૧૯૬ કુટુંબો કરે છે. અને ગ્રામોદ્યોગને લગતું કામ ૨૦ કુટુંબો કરે છે. એમ ખાદીના કામમાં ૧૪૩ કુટુંબો માત્ર અંબર ચરખા ચલાવી કતાઇનું જ કામ કરે છે. જયારે ૪૩ કુટુંબો ચરખા દ્વારા પૂણી બનાવે છે. તેમાંના કેટલાક મશીનથી જ રૂની ટેપ બનાવે છે તેઓનો પણ સમાવેશ કરેલ છે. બારડોલી આશ્રમમાં જે પૂણી બનાવે છે તે બે પ્રકારની બનાવે છે. (૧) પેટી કુઇ રેંટિયા માટેની પૂણી અને (૨) અંબર ચરખા દ્વારા પૂણી બનાવે છે. જો કે તેઓ અંબર ચરખા વિદ્યુત પાવરથી ચલાવે છે. ઘણા લોકોનું માનવું છે કે આદિવાસી લોકો વણાટનું કામ કરી શકતા નથી પણ ક્ષેત્રકાર્યમાં ~~પ્રત્યx~~ પ્રત્યક્ષ જોયુ છે કે ખરેખર આદિવાસીઓ વણાટ સરસ કરે છે. અને તે રીતે બ્રહ્મા તાલુકામાં પોશીના ગામથી અને બારડોલી તેમજ વાલોડમાંથી મળી કુલ ૧૦ આદિવાસી કુટુંબો નો વણાટકામનો અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે. આ વણાટકામમાં કુટુંબના બધા સભ્યો લગભગ લાગી જાય છે. મુખ્ય માણસ સાળ પર કાપડ વણે છે તેમજ તાણો તાણે છે. જયારે સ્ત્રીઓ તાણા તાણવામાં મદદ કરે છે. બોબીન, રીન વગેરે ભરવાનું કામ પણ સ્ત્રીઓ કરે છે. નાનાં છોકરાં પણ આવું કામ કરે છે. એમ વણાટના કામમાં લગભગ બેથી ત્રણ વ્યકિત મળી કામ કરે છે.

ગ્રામોદ્યોગમાં ત્રણ લાભાર્થીઓ નુ કહેવુ છે કે સાબુ બનાવવા માટે તેની ફોર્મ્યુલા પ્રમાણે બધી સામગ્રી ભેગી કરી ગરમ કરે છે. ત્યારબાદ તેને ઠારવામાં આવે છે અને સરખા માપના કટકા બનાવી તેને જે તે નામનો સિકકો છાપી પછી પેકીંગ કરાય છે. હાથ કાગળના પાંચ લાભાર્થીઓનું કહેવું છે કે જે કાગળ માટેનો માવો બનાવી તેની પ્રક્રિયા પ્રમાણે કાગળ બનાવવામાં આવે છે. તેને દોરીએ અથવા તાપમાં સૂકવવામાં આવે છે.

ત્યારબાદ તેને સાફ કરી બરાબર પ્રેસ કરી જ તે માપમાં કાપી નંખાય છે. આમ જેવું કામ મળે તેવું કરવાનું હોય છે. સુથારી લુહારી કામ કરતા છ લાભાર્થીઓનું કહેવું છે કે ઓર્ડર પ્રમાણે ફરનીચર બનાવવાનું હોય છે. વાલોડ લિજ્જત પાપડ અને ટેસ્ટી પાપડ માટે પ્રખ્યાત છે. ત્યાં ઘણી મહિલાઓ પાપડ વણવાનું કામ કરે છે. તેમા થોડીઘણી આદિવાસી મહિલાઓ પણ સામેલ છે. જો કે આ કામ કરવા માટે અત્યારે વધારે બહેનો તૈયાર છે પણ આ સંસ્થા વધારે સભ્યો બનાવવા માગતા નથી. માટે તેની તે મર્યાદા છે. અહીં છ આદિવાસી સ્ત્રીઓનો અભ્યાસ કર્યો છે. તેઓ નું કહેવું છે કે સવારે છ વાગે જ તે સ્થળેથી તૈયાર લોટ (બાંધેલો) લઇ આવવાનો અને દિવસ દરમિયાન તેના માપ પ્રમાણે અને નંગ પ્રમાણે પાપડ થાય તે રીતે વણવા પડે છે. આમ તૈયાર પાપડ બીજા દિવસે પાછા જમા કરાવવાના હોય છે. સાથે ઘરમાં કોઇ બહેન કે દીકરી હોય તો વણવામાં મદદ કરે છે. અને ઘેર બેઠાં સારી એવી મજૂરી મેળવી શકાય છે.

વસ્તી ગણતરીના આંકડાઓ ઉપલક નજર જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ગુજરાતમાં આદિવાસીઓની મોટા ભાગની વસ્તીનો વ્યવસાય મજૂરી અથવા ખેતમજૂરી છે. મજૂરી વ્યવસાયની સાથે સાથે વેતન એ ખૂબ જ મહત્વનું પાસુ છે. સમગ્ર દેશમાં જેમ બિનકુશળ કામદારોના વેતન અંગે વિસંવાદિતા પ્રવર્તે છે તેમ ગુજરાતમાં પણ બિનકુશળ મજૂરો ના વેતનનું કોઇ સ્થાયી ધોરણ અમલી નથી. જો કે એ બાબતને ધ્યાનમાં લેવી જોઈએ કે કલ્યાણરાજના સિદ્ધાંતને વળગી આપણી રાજય સરકાર ખેતમજૂરો અને મજૂરોના વેતન સંબંધી ઘણા કાયદાઓ કર્યા છે. તેમાં લઘુ વેતન ધારાનો સમાવેશ થઇ જાય છે. એ પણ એટલી જ નક્કર હકીકત છે કે કાયદાના કરાર પ્રમાણે મજૂરો ને વેતન ચૂકવાતું નથી. આટલું કહેવાથી વાત પતી જતી નથી. વેતન ચૂકવનાર જમીનદારોનાં મંતવ્યો કંઇક આવાં મળે છે. 'અમો મજૂરો ને રોકડ જે સ્થાનિક મજૂરી ચાલતી હોય તે આપીએ છીએ ઉપરાંત સવાર બપોરની ચા, એક સમય જમવાનું અને બીડી બાકસ હવે આનો સરવાળો કરો તો લઘુતમ વેતનધારો અમલમાં છે કે નહીં તેની ખબર પડે છે.

પૂજ્ય ગાંધીજીએ ગ્રામોદ્યોગ દ્વારા ગ્રામ્ય ગરીબ કુટુંબોને રોજી રોટી મળી રહે તે માટે સઘન પ્રયત્નો આદરેલા તેના પરિણામ સ્વરૂપ હજુ આજે પણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ દ્વારા કેટલાંક ગરીબ કુટુંબો ને રોજી રળી આપે છે.

પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલા ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાંથી દૈનિક વેતન મેળવતા લાભાર્થીઓ ની તેમના વેતન અનુસાર વિભાજન કર્યું છે. જેના આધારે આપણને સ્પષ્ટ ખ્યાલ મળી રહેશે કે આ પ્રવૃત્તિમાં રોકાયેલા મજૂરોને આજની અસહ્ય મોંઘવારીની તુલનામાં યોગ્ય મજૂરી મળી રહે છે કે નહીં ?

કોઠા નં. ૩:૧માં બતાવ્યા પ્રમાણે કુલ ૨૧૬ લાભાર્થીઓ માંથી માત્ર ૨૨.૨૩% લાભાર્થીઓ ને લઘુત્તમ વેતન પ્રમાણે રૂપિયા ૧૧થી ૧૫ મળે છે જયારે સારા પાસા તરીકે જોઇએ તો ૧૦.૧૮% લાભાર્થીઓને ૧૬થી ૩૫ રૂપિયા રોજગારી મળે છે. અને તે પણ ગ્રામો દ્યોગ વ્યવસાયમાંથી જ મોટે ભાગે જોવા મળે છે. જે અર્ધકુશળ કે કુશળ ગણી શકાય. જયારે દુ:ખની વાત તો એ છે કે મોટો વર્ગ એટલે કે ૬૭.૫૯% લાભાર્થીઓને ૩થી ૧૦ રૂપિયા મળતા જોવા મળ્યા છે. નહીં એ બાબતની પણ સ્પષ્ટતા કરી લેવી આવશ્યક લાગે છે કે મોટા ભાગના લાભાર્થીઓને ઓછા મળતા વેતન સંબંધી કેટલાક પરિબળો ને લઇને પણ તેમનું વેતન (નીચું) ઓછું રહેવાની શકયતા છે. તેમાં (૧) મૂડીનો અભાવ- તેને લઇ સાધનો ની અછત તથા પ્રાથમિક પ્રકારનાં સાધનો (૨) કલા કૌશલ્યતાનો અભાવ અને (૩) જરૂરી બજારના પ્રશ્નોની સાથે વાતાવરણ તેઓને ઓછું વેતન મળવા માટે જવાબદાર હોય તેમ લાગે છે. "

આમ ખાદી ગ્રામોદ્યોગ વ્યવસાયમાંથી જેને કંઇ વેતન મળે છે તે મોટા ભાગના લાભાર્થીઓ નું કહેવું છે કે તે પૂરતુ છે. જયારે કુલ ૨૧૬માંથી માત્ર ૧૧ લાભાર્થીઓ નું કહેવું છે કે તે અપૂરતું છે. તેનું કારણ મોંઘવારીને પહોંચી વળાતું નથી અને કામના પ્રમાણમાં ઓછા પૈસા મળે છે. જેઓ એમ દર્શાવે છે કે આ વેતન પૂરતું છે તેઓ નું માનવું છે કે ફાજલ સમયમાં અથવા કોઇ કામ ન મળે ત્યારે ઘર બેઠાં અથવા જે તે સ્થળે કામ મળી રહે છે તે જ મહત્વનું છે.

આદિવાસી અર્થવ્યવસ્થા ખેતી, ખેતમજૂરી, અન્ય મજૂરી, પશુપાલન વગેરે પર આધારિત છે. આમ આગળ ઉપર જોયું તે પ્રમાણે તેઓ અમુક જ દિવસ ખેતી, ખેતમજૂરી વગેરે કરે છે. જ્યારે કોઇ મજૂરી ન મળે ત્યારે અને મજૂરીના ફાજલ સમયમાં તેઓ અંબર ચરખા પર કતાઇ કામ કરે છે. તેથી તેઓની દરરોજની કોઇ ચોક્કસ સમય નક્કી નથી. કામ કરતા હોય અને ઇચ્છા થાય ત્યારે બંધ કરી અન્ય પ્રવૃત્તિમાં જોડાઇ જાય. આમ તેઓના કામના ચોક્કસ કલાક ગણવામાં મુશ્કેલી છે. છતાં મોટા ભાગના લાભાર્થીઓ પાંચથી આઠ કલાક ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ કરે છે. થોડા ઘણા હરતા ફરતા બેથી ચાર કલાક પણ કામ કરે છે. વળી સાધન બગડી ગયું હોય તો સતત બંધ થઇ જાય છે. કોઇ સુપરવાઇઝર દેખરેખ ના રાખે તો કંઇજ કામ કરાતું નથી. અથવા પૂણી કે રૂ સારું ન હોય તો કંટાળીને પણ ઓછું કામ કરે છે. કેટલાક લાભાર્થીઓ (સાબરકાંઠા જિલ્લામાં) આખા માસનું કામ એક અઠવાડિયમાં પણ પૂરું કરી નાખે છે. જ્યારે સુરત જિલ્લામાં મોટા ભાગે જ તે સંસ્થાઓમાં બેસીને કામ કરવાનું હોવાથી ૬થી ૮ કલાક કામ કરે છે. આમ સારા વાતાવરણને કારણે તેનું ઉત્પાદન વધારે જોવા મળે છે. ત્યાં તેને રીપેરીંગની, કાચા માલની, તૈયાર માલની આપ લે સુવિધા સરળ બની જાય છે. તદુપરાંત દેખાદેખીથી પણ વધારે કામ કરવા પ્રેરિત થાય છે અથવા રોજનું અમુક જ કામ કરવું તેવું નક્કી કરી દે છે. ટૂંકમાં જેઓ ખાદી ગ્રામોદ્યોગ કામ કરે છે તેઓમાંના મોટા ભાગના વર્ષમાં ૨૦૦થી ૩૦૦ દિવસ કામ કરે છે. થોડા ઘણા આખું વર્ષ પણ કામ કરે છે. એટલે કે વાર તહેવાર, સામાજિક પ્રસંગ, માંદગી વગેરે બાદ કરતાં ૩૨૫ દિવસ કામ કરે છે. કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી ૪૯ લાભાર્થીઓ એવા જોવા મળ્યા છે કે ૨૦૦ દિવસ કરતાં પણ ઓછા દિવસો કામ કરે છે. તેમાંથી ૩૧ લાભાર્થીઓ તો સાબરકાંઠા જિલ્લાના જ છે. આમાં એ બાબત એ પણ ધ્યાનમાં લેવી જોઇએ કે સાબરકાંઠા જિલ્લામાં ચાલુ વરસે પણ ઘણા અંબર ચરખા આપ્યા છે. અને તેઓનું કામ મોડું શરૂ થયું હતું. ટૂંકમાં નવા કતાઇ કરનારા તૈયાર થયા હોવાથી તેઓના દિવસો ઓછા જોવા મળ્યા છે.

કોઠો ૩:૧

ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાંથી દૈનિક વેતન મેળવતા લાભાર્થીઓની સંખ્યા

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | રૂપિયામાં | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩થી ૫ | ૬થી ૧૦ | ૧૧થી ૧૫ | ૧૬થી ૨૦ | ૨૧થી ૨૫ | ૨૬થી ૩૦ | ૩૧થી ૩૫ | કુલ |
| સાબરકાંઠા | ૧૭ | ૪૨ | ૧૬ | ૪ | ૧ | - | - | ૮૦ |
| પંચમહાલ | ૩૧ | ૧૮ | ૪ | - | - | - | - | ૫૩ |
| સુરત | ૬ | ૩૦ | ૨૩ | ૩ | ૧ | - | - | ૬૩ |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | - | ૨ | ૫ | ૯ | ૨ | ૧ | ૧ | ૨૦ |
| કુલ | ૫૪ | ૯૨ | ૪૮ | ૧૬ | ૪ | ૧ | ૧ | ૨૧૬ |
| ટકા | ૨૫.૦૦ | ૪૨.૫૯ | ૨૨.૨૩ | ૭.૪૧ | ૧.૮૫ | ૦.૪૬ | ૦.૪૬ | |

સાથે સાથે એ પણ જોવું જોઇએ કે આ કામમાં ઘરની અન્ય વ્યકિતઓ મદદ કરે છે ? તો તેના જવાબમાં કોઠા નં. ૩ઃ ૨ માં આંકડા બતાવ્યા છે. કુલ લાભાર્થીઓમાંથી ૪૩.૯૮% લાભાર્થીઓને પોતાના કુટુંબના સભ્યો મદદરૂપ થાય છે તેવું દર્શાવે છે. ખાસ કરી કતાઇમાં મદદ કરે છે. જયારે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાં જોઇએ તો સાબુ કાપી આપવામાં કે હાથ કાગળવાળા માટે કાગળ સૂકવવામાં, કાગળ સાફ કરવામાં અને પાપડ ઉદ્યોગમાં પાપડ વણવામાં ઘરના બીજા સભ્યો મદદરૂપ થાય છે તેવું દર્શાવે છે. કેટલાંક કુટુંબોમાં બે ત્રણ અંબર ચરખા છે તેની વાત આગળ કરેલી છે અને તે રીતે કુટુંબના બેથી ત્રણ સભ્યો પણ કતાઇકામ કરે છે.

અહીં એ પણ પૂછવામાં આવેલું કે આ વ્યવસાયમાંથી તમારી આવક વધી છે ? તો તેના જવાબમાં કુલ ૨૧૬માંથી ૬ લાભાર્થીઓના નકારાત્મક જવાબ હતા, જયારે ૨૩ લાભાર્થીઓ આ અંગે કોઇ જવાબ આપી શકયા નથી. બાકીના જે હકારાત્મક જવાબ છે તેઓને એમ પૂછવામાં આવેલું કે જો તમારી આવક વધી છે તો કેટલી વધી છે ? તો તે- તેના જવાબમાં દર્શાવે છે કે અમને જે પૈસા આમાંથી મળે છે તે અમારી વધારાની આવક ગણી શકાય. જે આપણે આગળના પ્રકરણમાં જોઇ ગયા છીએ.

ખાદી ગ્રામોદ્યોગ કરતા લાભાર્થીઓને વ્યકિતગત સહાય કે લોન અમુક ગ્રામોદ્યોગમાં મળે છે પણ અહીં આવા કિસ્સા જોવા મળ્યા નથી. અહીં મોટા ભાગના કતાઇ કરનાર કે પૂણી બનાવનાર, સાબુ, પાપડ, હાથ કાગળ વગેરે બનાવનાર હોવાથી જે તે સંસ્થા ઉપર આધારિત છે. ટૂંકમાં કોઇને વ્યકિતગત સહાય કે લોન મળી નથી પણ એઓના નામે અથવા સંસ્થા પોતે ખાદી બોર્ડ પાસે લોન અને સબસીડી લે છે. માટે વ્યકિતગત રીતે સહાય મેળવવા માટે કોઇ કમિશન કે રકમ આપી હોય તે પ્રશ્ન રહેતો નથી.

ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિની સાથે તેની તાલીમ એ એક અગત્યનો ભાગ છે. અને તે રીતે જોતાં આપણા અભ્યાસના કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી માત્ર ૭૮ લાભાર્થીઓ એ જ તાલીમ લીધેલ જોવા મળેલ છે. બાકીના તાલીમ વગર એક બીજાનું કામ જોઈ શીખી ગયેલ છે. અને તે રીતે ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં પરોવાયેલ છે. જેઓએ આવી તાલીમ લીધેલ છે તે કેટલી મુદ્દત માટે ? કેટલું સ્ટાઇપેન્ડ ? અને કયા સ્થળ ? તે કોઠાન ૩:૩માં જોતાં જણાશે પણ ખાસ એ કહેવાનું કે તેનું કોઈ ચોક્કસ ધોરણ નથી. વિસ્તારવાર ગમે તેટલું સ્ટાઇપેન્ડ અને ગમે તેટલો તેનો સમય જોવા મળે છે. બીજું આ જે તાલીમ લીધેલ છે તેઓ પાસે તેનું કોઈ સર્ટિફિકેટ નથી. વળી તેઓનું માનવું છે કે આ તાલીમથી પોતાની રીતે સ્વતંત્ર ગૃહોદ્યોગ કરે તેવી ક્ષમતા પ્રાપ્ત કરી છે.

કોઠો ૩:૨

કુટુંબના સભ્યો મદદરૂપ થાય છે ?

| જિલ્લાનું નામ (ખાદી પ્રવૃત્તિ) | હા | ના | કતાઈમાં | સાબુ કાપી આપે કાગળ સૂકવે સાફ કરે | પાપડ વણવામાં |
|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૬૩ | ૧૭ | ૬૩ | - | - |
| પંચમહાલ | ૧૩ | ૪૦ | ૧૩ | - | - |
| સુરત | ૧૨ | ૫૧ | ૧૨ | - | - |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિવાળા | ૭ | ૧૩ | - | ૩ | ૪ |
| કુલ | ૯૫ | ૧૨૧ | ૮૮ | ૩ | ૪ |
| ટકા | ૪૩.૯૮ | ૫૬.૦૨ | | | |

કોઠો ૩:૩

તાલીમ લીધેલ લાભાર્થીઓનું વર્ગીકરણ

| જિલ્લાનું નામ | તાલીમનું નામ | લાભાર્થી સંખ્યા | તાલીમની મુદ્દત | સ્ટાઇપેન્ડ રકમ (રૂપિયામાં) | તાલીમનું સ્થળ |
|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | વણાટ | ૩ | ૬ માસ | ૩૦૦ | પોશીના |
| | વણાટ | ૧ | ૨ દિવસ | ૧૦૦ | અમદાવાદ |
| | કતાઇકામ | ૪ | ૨ માસ | ૫૦૦ | પોશીના |
| | ,, | ૫ | ૧ માસ | ૨૫૦ | પોશીના |
| | ,, | ૨૦ | ૩ માસ | ૨૦૦ | ખુમાપુર |
| | ,, | ૩ | ૧ માસ | ૧૫૦ | રંગપુર |
| | ,, | ૨૯ | ૪૫દિવસ | ૬૦ | મોટા કંથારીયા |
| પંચમહાલ | ,, | ૧ | ૨ માસ | - | ઝાલોદ |
| | ,, | ૧ | ૩ માસ | ૬૦ | ઝાલોદ |
| સુરત | વણાટ | ૧ | ૬ માસ | ૭૫ | બેડારજપુત |
| | ,, | ૧ | ૧૨ માસ | ૭૫ | વેડછી |
| | કતાઇકામ | ૧ | ૧૫ દિવસ | - | તાજપુર |
| | ,, | ૩ | ૧ માસ | ૭૫ | દેગામા |
| | ,, | ૧ | ૬ માસ | ૭૫ | બારડોલી |
| ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ | સાબુ | ૧ | ૭દિવસ | ૨૧ | ગોધરા |
| | સુથારી લુહારી | ૧ | ૧ વર્ષ | ૬ રૂપિયા રોજ | વાલોડ |
| | પાપડ | ૨ | ૧૫ દિવસ | - | વાલોડ |
| | કુલ | ૭૮ | | | |

ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ કરતા લાભાર્થીઓને મોટે ભાગે બોનસ રૂપમાં ખાદી, રોકડા પૈસા અને વાસણ જેવી વસ્તુ મળતી હોય છે. આપણા અભ્યાસમાં કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી ૩૧ લાભાર્થીઓને રોકડા રૂપિયા ૧૦૭૬૭ મળ્યા છે. જ્યારે ૬૭ લાભાર્થીઓને ખાદીના રૂપમાં બોનસ આપેલ છે. જ્યારે તાજપુરા ગામના ૧૨ લાભાર્થીઓને સ્ટીલનો ડબ્બો અને વાલોડમાં એક પાપડ વણતી બહેનને થાળી, વાડકી, પ્યાલો મળેલ છે. જો કે સૌથી વિશેષ બોનસ પાપડ વણતી ચાર બહેનોને દરેકને ૧૦૦૧ રૂપિયા મળ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં કુલ ૪૩ લાભાર્થીઓને માત્ર ખાદી અથવા ગ્રામોદ્યોગ વસ્તુ ખરીદી શકે તેવી શરતે બોનસ આપવામાં આવે છે.

કોઠા ૩:૪ માં આ વિશે આંકડા બતાવ્યા છે.

યાંત્રિક રીપેરીંગના બદલામાં કોઇને કશું અપાતું નથી. જે કંઇ રીપેરીંગ કરવાનું હોય તે જે તે સંસ્થાના સુપરવાઇઝર અથવા ટેકનીસીયન અથવા જે તે વ્યકિત પોતે સુધારી નાખે છે. પણ આમાં જે સ્પેરપાર્ટ્સ નવા નાખવાના હોય તેની કિંમત દરેક પોતે ભોગવવાની રહે છે. ટૂંકમાં નવા સ્પેરપાર્ટ્સ પોતાના પૈસે ખરીદવાના હોય છે અને ઘણી વખત આને કારણે જ તે સાધન બંધ હાલતમાં રહે છે. કારણ આદિવાસી પાસે તે ખરીદવા પૈસા જ હોતા નથી.

કોઠો ૩:૪

બોનસ રૂપમાં મળતી વસ્તુ

| જિલ્લાનું નામ | સંખ્યા | રોકડા રૂપિયા | ખાદી | વાસણ |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | - | - | ૪૩ | - |
| પંચમહાલ | ૧૧ | ૨૦૩૫ | ૧૪ | - |
| સુરત | ૯ | ૧૩૧૨ | ૩ | ૧૨ |
| ગ્રામોદ્યોગવાળા | ૧૧ | ૭૪૨૦ | ૭ | ૧ |
| કુલ | ૩૧ | ૧૦૭૬૭ | ૬૭ | ૧૩ |

નમૂનાના લાભાર્થીઓને એમ પૂછવામાં આવેલું કે તમે જે ખાદી ગ્રામોદ્યોગનું કામ કરો છો તે કામથી તમને સંતોષ છે ? તો તેના ૧૭ જવાબ નકારાત્મક મળ્યા છે જયારે ૭ લાભાર્થીઓ આ વિશે કોઇ જવાબ આપી શકયા નથી. બાકીના ૧૯૨ લાભાર્થીના જવાબ હકારાત્મક છે. એટલે કે મોટા ભાગનાને આ કામથી સંતોષ છે. જેઓને આ કામથી સંતોષ નથી તેઓનું કહેવું છે કે આમાં મજૂરી વધારે કરવી પડે છે અને તેના બદલામાં પૈસા ઓછા મળે છે.

આ કામ કરવાથી મોટા ભાગનાનું દેવું ઘટયું છે. જયારે ફકત ૩૧ લાભાર્થીઓ આ વિશે કોઇ જવાબ આપી શકયા નથી. અને કોઇનો જવાબ એવો નથી કે આ વ્યવસાય

કરવાથી દેવું વધ્યુ છે. ટૂંકમાં ખાદી ગ્રામોદ્યોગ વ્યવસાય કરવાથી દેવું ઓછું થાય છે તેવી ધારણા છે.

ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ કરવાથી કેટલાક ફાયદા અને ગેરફાયદા થયા હોય તો તે જોવાનો પ્રયત્ન પણ અહીં કર્યો છે. આપણા અભ્યાસમાં કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી લગભગ છ ફાયદાઓ બતાવ્યા છે. જેટલે કે કેટલાક લાભાર્થીઓએ એક કરતાં વધારે ફાયદા પણ બતાવ્યા છે. જે કોઠા નં.૩:૫માં જોતાં પણ જણાશે. મુખ્યત્વે ૪૫.૩૪% જવાબ બતાવે છે કે આ વ્યવસાય કરવાથી ઘરખર્ચ નીકળે છે તે ફાયદો છે. જયારે ૨૧.૪૬% જવાબ એમ બતાવે છે કે બીજી મજૂરી મળતી નથી અને ઘેર બેઠાં કાયમી મજૂરી મળી રહે છે તે ફાયદો છે. ત્યારબાદ ૧૩.૩૬% જવાબ દર્શાવે છે કે બહાર તાપમાં કામ / મજૂરી કરવા જવું પડતું નથી તે ફાયદો છે. ૭.૨૯% જવાબ મજૂરી કરી ખાઇએ છીએ. ભૂખે ન મરાય તે ફાયદો છે, ૬.૮૮%જવાબ ખાદી મળે તે ફાયદો છે અને ૫.૬૭% જવાબ પૈસા મળે તે અથવા દુકાનમાંથી વસ્તુ ઉધાર લેવી હોય તો આ કામના હિસાબે ઉધાર મળે છે તથા ઉપાડો મળે છે તે ફાયદો ગણી શકાય. ટૂંકમાં મુખ્ય ફાયદો એ છે કે ઘરખર્ચને પહોંચી વળવા જરૂરી રોજી મળે છે. બહાર ભટકવા જવું પડતું નથી અને ઘેરબેઠાં સરળ રીતે મજૂરી કરી શકાય છે. આની સાથે સાથે ગેરફાયદા પણ જોવા પ્રયત્ન કર્યો છે. તેમાં માત્ર બે લાભાર્થીઓના જવાબ છે કે આ લોખંડ ખચી ખચી થાકી જવાય છે. તેનાથી શરીર દૂબળું થવાની શકયતા છે અને કમરનું દર્દ થઇ જાય છે અથવા કમર દુ:ખે છે તે ગેરફાયદો છે.

આ વ્યવસાયને લગતું જરૂરી માર્ગદર્શન જે તે સંસ્થાઓ પાસેથી દરેકને મળી રહે છે. તેના કાર્યકરો અથવા શિક્ષકો કે ટેકનીસીયનો પાસેથી જરૂરી માર્ગદર્શન મળી રહે છે. વ્યવસાયને લગતો કાચો માલ અને તૈયાર થયેલ માલ જે તે સંસ્થા પૂરો પાડે છે અને પાછો લે છે અથવા નજીકના નક્કી કરેલા સ્થળેથી આપ લે કરવાની રહે છે. તેમાં થોડી ઘણી મુશ્કેલીઓ પડે છે તે આ પ્રમાણે છે :

ખાસ કરી કેટલાકનું (૨૯ લાભાર્થીઓનું) કહેવું છે કે મોટે ભાગે ચોમાસામાં જે પૂણી મળે છે તે ખરાબ આવે છે. તેમાં કેટલીકવાર વધારે વળવાળી, જાડી પાતળી, ડૂચાવાળી અને ગુંચળાં વળી ગયેલી હોય છે. તેથી કંતાઇકામ કરતી વખતે મુશ્કેલી પડે છે અને કામમાં રૂકાવટ આવી જાય છે. તદુપરાંત આ પૂણી વજન પર લાવવાની અને પાછી આપવાની હોય છે તેથી આવી ખરાબ પૂણી નીકળવાથી ઘટ પડે છે અને તેના પૈસા જે તે સંસ્થા કાપી લે છે. તે મોટી મુશ્કેલી છે. મોટા ભાગના પોતે અભણ હોઇ કેટલી ઘટ કાપે છે તે પણ ખબર હોતી નથી અને તે રીતે જે પૈસા કાપી લે તે એમના જાય છે. જયારે વધારે વળવાળી પૂણી આવે ત્યારે તેને કંતાઇ કરતી વખતે આખી પૂણી ઉતરી આવે છે એટલે કે તેમાંથી તાર નીકળતા નથી અને એ રીતે મુશ્કેલી પડે છે. બીજી એક મુશ્કેલી એ છે કે આના લગતા સ્પેરપાર્ટ અને જરૂરી કાચો માલ વગેરે અમુક સમયે જે તે સ્થળેથી મળતો નથી. ત્યારે દૂરના મુખ્ય મથક અથવા સંસ્થામાં ચાલતા લેવા જવું પડે છે. અને એ રીતે આખો દિવસ બગડે છે.

ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમા પાપડ ઉદ્યોગવાળી બહેનોની ખાસ મુશ્કેલીઓ છે. ખાસ કરી તૈયાર લોટ લેવા જવા માટે સવારે પછી ૮ વાગ્યા સુધી લાઇનમાં ઉભા રહેવું પડે છે. ત્યારબાદ બીજી મુશ્કેલી એ છે કે જે પાપડ તૈયાર થાય તેમાં ઘટના પૈસા કાપી લે છે. તેનાં ચોકકસ નોર્મ થવાં જ જોઇએ. અથવા અમુક પાપડ જાડા હોય, નાના મોટા હોય, વાંકા વળી ગયેલા હોય, તૂટી ગયેલા હોય વગેરે રીતે રીજેકટ થયેલ માલના પૈસા કાપી લે છે તે મોટી મુશ્કેલી છે.

ખાદી ગ્રામોદ્યોગ યોજનાઓ વધુ સારી બનાવવા માટે ખૂબ ઓછા લાભાર્થીઓએ વિગત આપી છે, તેમ કહીએ તો ચાલે. માત્ર દસેક લાભાર્થીઓનું કહેવું છે કે આટીદીઠ પૈસા વધારવા જોઇએ તેમજ દરેક વધારે કામ કરવું જોઇએ. તદુપરાંત ઉત્પાદિત માલ સારી ગુણવત્તા ધરાવતું હોવું જોઇએ. તદુપરાંત એકાદ લાભાર્થીનું કહેવું છે કે પૂણી સાફ સફાઇવાળી મળવી જોઇએ. ચરખો પણ સાફ સફાઇવાળો અને સરળતાથી ફરે તેવો હોવો જોઇએ. તેમજ

જો પૂણી ઘર બેઠાં મળે તો પણ સારું. આ ઉપરાંત એક લાભાર્થીનું કહેવું છે કે આદિવાસી ગામોમાં જઇ ગામના તમામ લોકોને, સરપંચને, પટેલને ભેગા કરી અંબર ચરખા સંબંધી બધી વાત કરવી જોઇએ કે દિવસની અમુક આંટી થાય છે અને અમુક મજૂરી ઘર બેઠાં મળે છે. તો જરૂર આ યોજનાઓ વધુ સારી બની શકશે.

ગ્રામોદ્યોગમાં જે સાબુ બને છે તેમાંના બે લાભાર્થીઓનું કહેવું છે કે સાબુ બનાવવામાં જે સીલીકેટ વધારે પ્રમાણમાં વપરાય છે તે ઓછો કરવો જોઇએ. જેથી સાબુ સારા બને અને તેની માંગ વધશે. એમ આ રીતે આ યોજના સફળ બનાવી શકાય તેમ છે.

ખાદી ગ્રામોદ્યોગ યોજના અંગે માત્ર ત્રણ લાભાર્થીઓની એક ફરિયાદ છે કે મોંઘવારી પ્રમાણે વધારે પગાર મળવો જોઇએ અથવા મજૂરી દર વધારવો જોઇએ. જે અત્યારે ઓછો મળે છે. પંચમહાલ જિલ્લાના ૧૦ આદિવાસી લાભાર્થીઓનું કહેવું છે કે અમને જે આદિવાસી સહાય પેટે પૈસા મળે છે તે મળ્યા નથી. તો તે સંસ્થા સામેની ફરિયાદ છે. આ સિવાય સાબરકાંઠા જિલ્લામાં મોટા કથારિયા ગામના ૪ લાભાર્થીઓનું કહેવું છે કે અહીં કોઇ શિક્ષક નથી તો જે તે સંસ્થાએ શિક્ષક મૂકવો જોઇએ. જો કે અત્યારે ત્યાં શિક્ષકની જગ્યાએ એક પટાવાળો તે જ ગામનો છે તે સંભાળે છે. પણ શિક્ષક વગર ખૂબ મુશ્કેલી પડે છે. અને એવું પણ જાણવા મળ્યું છે કે આ શિક્ષકની જગ્યાએ પટા કોન્ટ્રાક્ટ કરી પટાવાળાને અમુક પૈસા જે તે શિક્ષક આપી દે છે. શિક્ષક પોતાના ઘરેથી આવતો નથી. ટૂંકમાં આ સિવાય ખાસ કોઇ ફરિયાદ નથી. જે છે તે નહિવત્ છે અને વહીવટી રીતે તેનો ઉકેલ લાવવામાં કોઇ મુશ્કેલી નથી.

આપણા અભ્યાસના બધા જ લાભાર્થીઓ પાસેથી જે તે સંસ્થા વધુ કાર્યક્ષમ બનાવવા કેટલાક સૂચનો જાણવા પ્રયત્ન કર્યો છે. તેમાં માત્ર બે લાભાર્થીઓ જ જવાબ આપી શકયા છે. કે અંબર ચરખા વધારવા જોઇએ. નવા કતીનોને તાલીમ આપવી જોઇએ. રૂ સારું મળવું જોઇએ અને પૂણી પણ સારી હોવી જોઇએ. વગેરે ત્યારબાદ જે કામ થાય છે તેની દેખરેખનો અભાવ છે તે માટે શિક્ષકની દેખરેખ હોય તો કામ નિયમિત ચાલે અને વધારે કામ થાય.

આ ઉપરાંત આ લાભાર્થીઓ આખો માસ કામ કરે છે અને જરૂર પડે એડવાન્સ રકમ મળતી નથી. બીજે ઠેકાણે તેઓને કોઇ પૈસા ધીરતું નથી તો તેવા સમયે એડવાન્સ આપવું જોઇએ. એકાદ લાભાર્થીનું કહેવું છે કે આ ઉદ્યોગો માટે લોકોને બરાબર સમજાવવા પડે આદિવાસી લોકો બરાબર સમજતા નથી તેનું કારણ છે કે તેઓ અન્ય મજૂરી માટે શહેરમાં ગયેલા હોય છે અને તેથી તેઓ સમજતા નથી. ત્યારબાદ એકાદ સૂચન છે કે જે આ ઉદ્યોગમાં વધારે રાહત આપવી જોઇએ.

એક લાભાર્થીનું કહેવું છે કે ચરખાથી ઘણાને છાતીમાં દર્દ, લોહી જામી જાય, ખાંસી આવે વગેરે દર્દ થાય છે. કાર્ડિંગ મશીન પર કામ કરવાથી ટી.બી.ની બીમારી થાય છે. કેટલાકને થઇ છે. અને સંસ્થા તેની કોઇ મદદ કરતું નથી. રૂની ધૂળો ઉડવાથી ટી.બી. થાય છે. તેના માટે એક વર્ષ દવા ખાવી પડે છે. જે સંસ્થાએ મદદ કરવી જોઇએ.

આદિવાસી વિસ્તારમાં નવા ગૃહોદ્યોગો સ્થાપી શકાય તેવા સ્થાનિક કાચા માલ તરીકે ઘણી વસ્તુ ગણી શકાય ~~પણ~~ આપણા અભ્યાસના લાભાર્થીઓ પાસેથી તે જાણવા પ્રયત્ન કર્યો છે. તેમાં સફેદ પથ્થર, કાળા પથ્થર, ખાખરાનાં પાન, તેલીબીયાં, મધપૂડા વગેરે ગણાવે છે. અને તેમાંથી નવા ગૃહોદ્યોગોમાં ચૂનો બનાવી શકાય. કાળા પથ્થરમાંથી ગ્રીટ બનાવી શકાય. પડિયા પતરાળા બનાવી શકાય, ડાંગરમાંથી પૌંઆ-મમરા વગેરે બનાવી શકાય.

છેલ્લાં ૨૦ વર્ષમાં નવી રોજગારી કયા વ્યવસાયમાંથી વધી અને કયા વ્યવસાયમાંથી ઘટી તે જાણવાની ઇચ્છા હતી પણ મોટા ભાગના લોકો અભણ હોવાથી જવાબ આપી શક્યા નથી. તદુપરાંત તેઓ પેટનું માંડ માંડ પૂરું કરતા હોય ત્યાં શું જવાબ આપી શકે ? કે કયા વ્યવસાયમાંથી રોજગારી વધી અને કયામાંથી ઘટી. પણ કુલ ૨૧૬ લાભાર્થીમાંથી ૨ લાભાર્થીઓ મજૂરીમાંથી, ૪ લાભાર્થીઓ વણાટ કામમાંથી, ૭ લાભાર્થીઓ અંબર કામમાંથી, ૪ લાભાર્થીઓ ખેતીમાંથી અને ૫ લાભાર્થીઓ ગૃહોદ્યોગમાંથી રોજગારી વધી છે તેવું દર્શાવે છે. જ્યારે ૧૧ લાભાર્થીઓનું કહેવું છે કે ખેતીમાંથી રોજગારી ઘટી છે.

...

પ્રકરણ - ૪

## ખાદી ગ્રામોદ્યોગની આવશ્યકતાઓ : સંરચનાત્મક અભિગમ

આ પ્રકરણમાં ક્ષેત્રકાર્ય દરમિયાન મુલાકાત લીધેલ સંસ્થાઓ / મંડળીઓનો ચિતાર રજૂ કરેલ છે. તેમાં કેટલાક ખાદીભક્ત કાર્યકરો, સંસ્થાઓના સંચાલકો અથવા મંત્રીઓ સાથે રૂબરૂ મુલાકાત દ્વારા કેટલીક વિગતો જાણવા અને સમજવા પ્રયત્ન કર્યો છે. આદિવાસી વિસ્તારમાં ખરખર ચિત્ર શું છે ? અને તેનું નિરાકરણ શું થઇ શકે ? વગેરે વિગતો અહીં જોઇશું. આ અભ્યાસ કરવા આદિવાસી વિસ્તાર તરીકે ગણાતા તમામ તાલુકાઓની ખાદી ગ્રામોદ્યોગ કરતી સંસ્થાઓ અને મંડળીઓ પાસેથી કેટલીક વિગતો જાણવા માટે એક પ્રશ્નાવલી બનાવી ટપાલમાં મોકલી હતી અમ કુલ ૧૪૦ સંસ્થાઓ / મંડળીઓ પાસેથી માહિતી મંગાવી હતી. કુલ ત્રણવાર આ સંદર્ભે પત્રવ્યવહાર કરવા છતાં માત્ર ૩૩ સંસ્થા/ મંડળીઓ જવાબ આપી શકી છે. અને ૫ સંસ્થા/મંડળીઓના પત્ર આવ્યા છે કે અમ અત્યારે ખાદી ગ્રામોદ્યોગની કોઇ પ્રવૃત્તિ કરતા નથી અથવા બંધ થઇ ગઇ છે. કુલ ૩૩ સંસ્થાઓમાંથી ૧૪ સંસ્થાઓ ખાદીને લગતું કામ કરે છે. જયારે ૯ મંડળીઓ નીરાની છે. ૫ મંડળીઓ વાંસની, સુથારી, લુહારી, ઈંટ, મસાલા, તેલઘાણી અને ગેસપ્લાન્ટ વગેરની એક એક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

ક્ષેત્રકાર્ય આધારિત માહિતી પ્રમાણે ગલી સમ્બરો અને મોટા કથારિયા(ભિલોડા) ગામમાં ૧૯૮૧થી અંબર ચરખા ચાલુ છે. લગભગ ૮૫ આદિવાસી લાભાર્થીઓ આ કામ કરે છે. દરેક કુટુંબમાં માત્ર એક જ અંબર ચરખો આપેલ છે. તેઓ દરેકની માગણી છે કે દરેક ઘરમાં બે અંબર ચરખા હોય તો સારું. અત્યારે જે કુટુંબમાં એક અંબર ચરખો છે તેઓ એમ માને છે કે ચરખો એટલે ભગવાન મળ્યા છે. અને જેઓ પાસે અંબર ચરખો નથી તેઓની અંબર ચરખાની ઇચ્છા છે. તેઓ ઘણા પ્રયત્નો કરી ચૂકયા છે પણ મળી શકયા નથી. કેટલાંક કુટુંબોમાં ચાર ચાર ચરખાની માગણી છે. આદિવાસી લોકો હરતા ફરતા પછી ૬ કલાક અંબર પર કામ કરે છે અને પછી ૮ રૂપિયાની રાજગારી મેળવે છે. મહિનામાં લગભગ ૨૦ દિવસ કામ કરે છે. કેટલાક લોકો આખા મહિનાનું કામ પા

પાંચ દિવસમાં ભરી નાંખે છે. અને સરેરાશ ૩૦૦ આંટી બનાવે છે. દર માસની આખર તારીખે આંટી જમા કરાવે છે. ત્યારબાદ ચાર પાંચ દિવસમાં તેમને પૈસા મળી જાય છે. દરેકનું કહેવું છે કે એક વર્ષથી શિક્ષક નથી તેથી ખૂબ મુશ્કેલી પડે છે. પૂરું માર્ગદર્શન અને ચરખા રીપેરીંગ મળી રહેતું નથી. ચરખાના સ્પેરપાર્ટ માટે એક (૫ કિ.મી. દૂર) ગામ (મેઘરજ) જવું પડે છે. આવાં સાધન સ્થાનિક જગ્યાએથી મળી જાય તો આખો દિવસ બચી જાય તેમ છે. કટકીકવાર પૂણી લેવા પણ ત્યાં જ જવું પડે છે. આ ગામો રાજસ્થાનની સરહદ પર આવેલાં હોવા છતાં ત્યાં એકંદરે પૂણીની વ્યવસ્થા ઠીક ઠીક છે. અહીં માત્ર શિક્ષકની ખામી છે. સામાન્ય રીતે આદિવાસી લાભાર્થીઓ માટે આંટીદીઠ ૪૫ પૈસા મજૂરી અને ૨૦ પૈસા બોર્ડની સહાય મળી કુલ ૬૫ પૈસા મળવા જોઈએ તેને બદલે તેઓને આંટીદીઠ ૭૦ પૈસા મળે છે. જે વધારાના જે ૫ પૈસા છે તે બોનસના ગણીને ચૂકવાય છે. આમ બીજા વિસ્તારોમાં આ રીતે મળતા નથી. પણ અહીં પહેલેથી જ તે પૈસા ચૂકવાય છે. જેથી આ રકમ તેઓને મોટી લાગે છે. બીજું કટકીક સંસ્થાઓનું કહેવું છે કે જે બોનસ આપવાનું હોય તે પાછળથી આપવામાં ગણતરીમાં ભૂલ થાય તેને બદલે પહેલેથી આંટીદીઠ ૫ પૈસા વધારાના આપી દેવા સારા.

ક્ષેત્રકાર્ય દરમિયાન પાંચ ચરખા એવા જોવા મળ્યા કે માટીની બનાવેલી સવા ફૂટ ઉંચી બેઠક કે જે ઘન આકાર હોય તેના પર અંબર ચરખો મૂકેલો હોય અને બીજી એક તેના જેવી જ બેઠક બનાવેલી હોય જેના પર જે તે કાંતનાર વ્યકિત બેસી શકે. આમ પગ લટકતા રહે અને પગ દુઃખી જાય નહીં તેમજ કાંતવામાં સરળતા રહે છે તેવું તેઓનું કહેવું છે.

ભ્રાટરા ગામ (ભિલોડા) આખું આદિવાસીઓનું છે. ત્યાં ૨૫ અંબર ચરખા છેલ્લા ૯ માસથી ગ્રામલક્ષ્મી ભિલોડા દ્વારા ચાલે છે. આ દરેક લાભાર્થીને ત્રણ માસની તાલીમ આપેલી છે. તાલીમ દરમિયાન ૨૦૦ રૂપિયા જે તે લાભાર્થીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફત સહાય આપી હતી. ~~તેમાં કુલ મજૂરીના~~ અને ચરખા ટી.એસ.પી.ના ફંડમાંથી આપેલ છે. આંટી દીઠ ૭૦ પૈસા મજૂરી ચૂકવાય છે. તેમાં કુલ મજૂરીના ૫% રકમ સંસ્થા કાપી લે છે. અને તેની હુંડી આપે છે. જેમાંથી ખાદી ગ્રામોદ્યોગ વસ્તુ વગેરે ખરીદી શકે. અહીં નવા ચરખા છે તેથી ઘણી મુશ્કેલીઓ છે. શિક્ષક રોજ ફરે છે, ટકોર કરે છે અને સતત ચરખા ચાલુ કરાવવા પ્રયત્ન કરે છે. કટલીકવાર પૂણી બરાબર હોતી નથી તેથી થોડા ઘણા લોકો નારાજ થાય છે. જો કે સંચાલકોનું કહેવું છે કે એકાદ વર્ષ પછી દરેક વ્યકિત આપોઆપ ટેવાઇ જાય છે. હજુ આ સિવાય બીજા આદિવાસી લાભાર્થીઓની અંબર માટે માગણી છે. બીન આદિવાસી લોકોની પણ માગણી છે. ટૂંકમાં જેઓને અંબર મળ્યા નથી તેઓ પ્રયત્નશીલ છે.

ગ્રામલક્ષ્મી, ભિલોડાની કામગીરી સારી ગણી શકાય. તેઓ વણાટનું કામ વણકરો પાસે કરાવે છે. ગ્રામોદ્યોગમાં તેલઘાણી, મસાલા યુનિટ વગેરે સારું ચાલે છે. મસાલામાં મરચું અને હળદર બજારમાં ખૂબ જ વેચાય છે.

આ વિસ્તારમાં ખાખરાનાં પાન મળી આવે છે. આદિવાસી લોકો ભિલોડામાં વાણીયા, બ્રહ્મણ, દરજી વગેરેને ત્યાં જઇ ખાખરાનાં પાન વેચી જાય છે. જો આદિવાસી કુટુંબોને આ અંગે તાલીમ આપીને અથવા પડિયા-પતરાળા બનાવવાના મશીન દ્વારા શીખવવામાં આવે તો તે થઇ શકે તેમ છે. ત્યારબાદ આ વિસ્તારમાં હળદર, આદુ, રતાળુ વગેરે ખૂબ જ પાક થાય છે. તો તેનો ઉપયોગ કરી મોટા પાયા પર પ્લાન્ટ નાખી શકાય અને સૂકી હળદર, સૂંઠ વગેરે બનાવી શકાય તેમ છે.

ગાયત્રી પ્રતિષ્ઠાન, રંગપુર (શામળાજી)ની પ્રવૃત્તિઓ ઘણી છે. તેમાં તેલઘાણી સરસ ચાલે છે. આનું મોટા જથ્થામાં તલ તેલ સાબરમતી જેલમાં જાય છે. કચરીયા માટે પણ જુદી ઘાણી છે. મસાલા યુનિટ, પડિયા-પતરાળા યુનિટ, સાબુ, સુથારીકામ, ચૂના, અગરબત્તી વગેરે પણ છે. તેમાં આદિવાસી લાભાર્થીઓ ખાસ નથી. પણ બીજા લાભાર્થીઓનો લાભ લઇ ચલાવે છે. જો કે અગરબત્તી લગભગ ૧૨ જાતની બનાવે છે. તેમાં શરૂઆતમાં આદિવાસી બહેનો કામ કરતી હતી. અત્યારે તેઓ કામ કરતી નથી. તેનું કારણ જાણવા મળ્યું કે મજૂરી તો સંસ્થા નક્કી કરે તેને મળે છે. અહીં ૫૦ પોલીવસ્ત્ર અંબર ચરખા છે. તેમાં રૂપનું યુનિટ તો જે તે સ્થળે જ સરસ ચાલે છે. એકંદરે ૧૫થી ૨૦ રૂપિયાનું કતાઇકામ થાય છે. તેઓનું કહેવું છે કે પોલીવસ્ત્રની આંટી ૨૦થી ૩૦ થાય છે. ૬૫ પૈસા આંટીદીઠ મળે છે. ૧૦ માસથી આ કામ શરૂ થયેલ છે. કાચો માલ સુરેન્દ્રનગરથી લાવે છે. અને પાકો એટલે કે તૈયાર આંટીઓ ત્યાં જ લઇ જાય છે.

પોશીના (ખેડબ્રહ્મા) જિ.ખા.ગ્રા. મંડળ સંચાલિત ખાદી ઉત્પત્તિ કેન્દ્ર દ્વારા લગભગ ૧૩ ગામોમાંથી મળી ૪૦૦ અંબર ચરખા, ૨૨ સાળ (વણાટ) અને ૧૦ પૂણી ચરખા ચાલે છે. વણાટમાં અત્યારે લગભગ ૧૭ આદિવાસી ~~બહેનો~~ કુટુંબો કામ કરે છે. કજાવાસ ગામમાં પોતાના ઘરે સાળ હોય તેવા ૫થી ૭ આદિવાસી ~~પુરુષો~~ કુટુંબો છે. તેમાંથી એક કુટુંબ દર માસે ૫૦૦થી ૭૦૦ રૂપિયાનું કામ કરે છે. આ વ્યક્તિ દરરોજ ૧૨ મીટરનો એક તાકો કાપડ વણી નાખે છે. બીજાં કુટુંબો લગભગ ૩૦૦થી ૫૦૦ રૂપિયાનું દર માસે વણાટકામ કરે છે. આ સિવાય એટલે કે જેઓને ત્યાં સાળ નથી તેઓ ~~સંસ્થામાં~~ સંસ્થા જ વણાટકામ કરે છે. તેઓ સવારે નવથી સાંજના પાંચ વાગ્યા સુધી કામ કરે છે. પોતાની ખેતી કરે છે ઉપરાંત ફાજલ સમય આ કામ કરે છે. ટૂંકમાં વણાટનું કામ સારું કરે છે. વણાટની મજૂરી મીટરે ૨.૬૫ પૈસા મળે છે. કજાવાસ ગામમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની પણ કેટલીક સાળ

છે. જે પોલીવસ્ત્ર બનાવવા માટેની હતી પણ અત્યારે તે ચાલુ નથી. તેથી આ સાળનો ઉપયોગ ખાદી વણવા માટે કેટલાક લોકો કરે છે. જુના માણસો ૧૫-૧૭ વર્ષથી વણાટ કામ કરે છે. થોડા ઘણાએ વણાટની તાલીમ લીધી છે.

અંબર ચરખા લગભગ ૩૫૦ ચાલુ છે. જયારે ૫૦ ચરખા બંધ છે. તેનું કારણ લોકો બિમાર પડવાથી અથવા ગમે તે અન્ય કામ આવી જવાથી અંબર બંધ કરેલ છે. આ સંસ્થા જે લાભાર્થીનું બે માસ સુધીનું આંટી ઉત્પાદન ન આવે તે વ્યકિત પાસેથી અંબર ચરખો પાછો લઇ લે છે. જેથી લોકો બીકના માર્યા પણ થોડું થોડું કતાઇ કામ કરે છે. કેટલાક પુરુષોમાં બેથી ત્રણ અંબર ચરખા પણ જોવા મળ્યા છે. લગભગ ૪થી ૬ કલાક કામ સરેરાશ જોવા મળે છે. અને ૧૦૦ થી ૩૦૦ રૂપિયા સુધીનું માસિક વેતન મળવે છે. પૂણી ખરાબ આવી જાય ત્યારે તેઓને મુશ્કેલી પડે છે. ઉપરાંત વજનમાં ઘટ પડે છે. જે પૈસા કાપી લેવામાં આવે છે. મોટા ભાગનાને કેટલા પૈસા આંટીદીઠ મળે છે તે ખબર નથી. પણ ૬૫ પૈસા લેખે ચૂકવાય છે. અને કુલ રકમના ૨૦% રકમ ખાદી કપાત તરીકે સંસ્થા કાપી લે છે. જેથી દરેકનું કહેવું છે કે ૫૦ પૈસા જેવા અમને આંટીદીઠ મળે છે. બાકીની કપાત જે થાય છે તેની ખાદી ખરીદવી લોકોને ગમતી નથી. બોનસમાં કંઇજ મળતું નથી. કારણ સંસ્થા ખોટમાં જાય છે. તેથી તે ચૂકવતી નથી. પૂણીના ચરખા સંસ્થામાં જ ચાલે છે. તેઓને ૧ કિ.ગ્રામના ૧.૭૫ પૈસા કતાઇ તરીકે મળે છે. ટૂંકમાં દરેકને ૧૦ રૂપિયાનું સરેરાશ કામ થાય છે.

ક્ષેત્રકાર્યમાં પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના મેનેજીંગ ડાયરેકટર શ્રી ગોપાલદાસ દલાલ (જેઓ શરૂઆતમાં ખાદી કમિશનમાં હતા)નું કહેવું છે કે સઘન ક્ષેત્ર યોજના, સાગટાળામાં (દેવગઢબારિયા) આદિવાસી કુટુંબો ખાદી ગ્રામોદ્યોગનું કામ કરતાં હતા. તેમાં તેઓ પાસે અંબર ચરખા જુના મોડેલના હતા તેથી તેનું ઉત્પાદન બરાબર મળતું ન હતું અને નવા ચરખા મળી શકયા નથી માટે આ પ્રવૃત્તિ અત્યારે બંધ થઇ ગઇ છે.

આદિવાસી લોકો સાથે ખેતી અને વન અભિન્ન સંકળાયેલાં છે. (ખેતી અને વન વારસાગત થઇ ગયેલ છે.) તેઓ ૨૫ માઇલ ચાલવાનું હોય તો ચાલી નાખે પણ બેસીને કામ ન કરી શકે, તેમને બેસવાનું ગમતું નથી. હાથ અને આંખ બંનેનો જે સમન્વય છે અથવા સૂર છે ટેવ છે તે આ લોકોમાં નથી. માટે આ પ્રકારની મનોવૃત્તિ કેળવવા ઘણો સમય લાગશે. આ માટે ૧૦ વર્ષની યોજના બનાવી તેને સતત ચાલુ રાખવી. પ્રથમ સબસીડીનું પ્રમાણ વધારે રાખવું પછી જેમ જેમ વર્ષ થાય તેમ તેમ સબસીડીનું પ્રમાણ (દર વર્ષે) ઘટાડવું જોઇએ. ટૂંકમાં તેઓની આવકનું ધોરણ વધે તેવું કરવું જોઇએ. આ જિલ્લાના મોટા ભાગના આદિવાસીઓ બીજા જિલ્લાઓમાં સ્થળાંતર કરી જાય છે. તે પણ એક કારણ છે.

જેવી રીતે જંગલ મંડળીના કામોની મજૂરી નકકી કરવા માટે ડી.એફ.ઓ., ફોરેસ્ટ કોન્ઝર્વેટર, જંગલ સહકારી સંઘ, જે તે વિસ્તારના સામાજિક કાર્યકર અને જંગલ મંડળીના પ્રતિનિધિઓ મળી મજૂરી નકકી કરે છે. તેવી રીતે દર વર્ષે વિસ્તારવાર ખાદી ગ્રામોદ્યોગમાંથી મળતી મજૂરીના ધોરણ બદલવા માટે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ખાદી કાર્યકર જે તે સંસ્થાના પ્રમુખ/મંત્રી અને તે જ વિસ્તારના સરકારી અધિકારીશ્રી મળીને ચોકકસ મજૂરી નકકી કરવી જોઇએ. અત્યારે ખેતીમાં ખેતમજૂરીનો દર જેમ નકકી થાય છે તેમ આમાં પણ ઓછામાં ઓછું વેતન નકકી થવું જોઇએ.

આ વિસ્તારમાં વણાટકામના વણકરો આંધ્ર પ્રદેશમાંથી બોલાવ્યા છે. તેઓને જોઇ આપણને પણ દુ:ખ થાય એમ છે. તેઓ સખત કામ કરે છે તેના બદલામાં પૂરતી મજૂરી મળી શકતી નથી. એક કુટુંબ રોજ ૮ મીટર કાપડ વણે તેમાં આખા કુટુંબની બધી જ વ્યકિત કામ કરે છે. નાનાં બાળકોને પણ શિક્ષણમાંથી મુકત રહીને આ કામમાં સહભાગી થવું પડે છે. તદુપરાંત આ લોકોનો મુખ્ય ખોરાક ચોખા છે અને તેનો ભાવ અન્ય અનાજ કરતાં વિશેષ છે. જેથી તેઓને પોસાય તેમ નથી. તેઓ મજબૂરીને કારણે અહીં ટકી રહ્યા છે. કારણ તેઓના વતનમાં

ઘર, જમીન વગેરે કંઇ જ નથી. માટે અહીં આવ્યા છે.

સાબુ : પહેલાં દરેક તેલીબીયાં ખાનગી વેપારીને રોયલ્ટી ભરી ખરીદવાની છૂટ હતી. અત્યારે વન વિકાસ નિગમે તે બંધ કરીને લાયસન્સવાળાને ખરીદવાની છૂટ આપી છે. જો કે લોકોને તેના ભાવ વધારે મળતા હશે પણ ગ્રામોદ્યોગ માટે તે વસ્તુ મોંઘી થઇ ગઇ છે. અથી આવા સાબુમાં વપરાતા અખાદ્ય તેલ વગેરે અમદાવાદ જેવા મોટા શહેરોમાંથી વેચાતા મંગાવવા પડે છે. અને તેની ઊંચી કિંમત ચૂકવવી પડે છે. તદુપરાંત તેની હરિફાઇમાં બીજા સરસ સાબુ કે જે ચરબીમાંથી બને છે અને સસ્તા પડે છે. અથી ગ્રામોદ્યોગ સાબુ હરિફાઇ કરી શકતા નથી. ટૂંકમાં તેનું બજાર ઓછું થયું છે. તેમજ ઊંચી કિંમતવાળા સાબુ કોઈ ખરીદતું નથી. પણ સારી સુગંધવાળા સાબુ સૌ કોઇ ખરીદે છે.

પહેલાં દરેક ખાદી ગ્રામોદ્યોગ સંસ્થામાં સંચાલક ( વિભાગીય ) અને કલાર્ક પાંચ વર્ષ માટે માન્ય આપતા પણ ખાદી કમિશન અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સભ્યોને મતભેદ વચ્ચે આ બંધ કરી દેવાયું છે. જેથી જે તે સંસ્થાની દેખરેખ રાખનાર કોઇ રહ્યું નથી. આમ ધીમે ધીમે પ્રવૃત્તિઓ બંધ થવાનું કારણ ગણાવી શકાય.

નીરા તાડ ગોળ : નીરા માટે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ભલામણથી એકસાઇઝ ડિપાર્ટમેન્ટ દ્વારા જે તે વ્યક્તિને લાઇસન્સ અપાય છે. તેમાં કેટલીક વ્યક્તિ સનિષ્ઠ હોતી નથી. અને ગમે તેવી વ્યક્તિ લાઇસન્સ મળી જવાથી કેટલીકવાર વધારે નફો કરવાની વૃત્તિથી નીરાને બદલે તાડી વેચે છે. તદુપરાંત ખજૂરીના કે તાડીના વૃક્ષ પણ અત્યારે ઓછાં થતાં જાય છે. વગેરે મુખ્ય કારણોને લઇને આ પ્રવૃત્તિ બંધ થતી જવા માંડી છે.

પડિયા-પતરાળાં : અમુક જંગલ વિસ્તારનાં ગામોમાં ખાખરાનાં વૃક્ષો ઘણાં છે. ખાખરાના પાનને માર્ચ, એપ્રિલ અને મે માસમાં તોડી લેવાથી બીજા વર્ષે પણ સરસ પાન આવે છે. આ ખાખરાના પાનમાંથી પડિયા પતરાળા સરસ બનાવી શકાય તેમ છે. શક્ય હોય તે ગામમાંથી ૧૦ લાભાર્થીઓ આવરી શકાય અને જે તે વિસ્તારમાં પ્રથમ પાંચ ગામમાં પ્રયોગ કરવો. પ્રેશર મશીનથી પડિયા બનાવવાની તાલીમ આપવી અને મશીનથી અન્ય પાન પણ ચાલી શકે છે. કારણ તે કપાઈ જાય છે. આના કારીગરોને કમીશન બેઝીઝ પર અથવા નંગ દીઠ (પડિયા અને પતરાળાના બંને મળી એક નંગ ગણી શકાય) મજૂરી ચૂકવીને આ ગૃહોદ્યોગ થઈ શકે એમ છે. મજૂરવર્ગ જે છે તે આમાં જોડાઈ શકે અને પાન કાપી લાવે તેને સાચવી જાણે અને તૈયાર પડિયા-પતરાળા બનાવી સફળ કરી શકાય તેમ છે. જો ખાખરાનાં પાન ન મળે તો ન છૂટકે સાગ અથવા વડનાં પાન પણ ચાલી શકે છે. તૈયાર થયેલ માલને જલારામ ટ્રસ્ટ, સંતરામ ટ્રસ્ટ, રણછોડજી ટ્રસ્ટ કે બીજી એજન્સીઓ સાથે મળીને વેચાણ કરવાથી સારા ભાવ પણ મળવી શકાય તેમ છે.

ખજૂરી/તાડમાંથી ચટાઈ, સાદડી, બાસ્કેટ, સાવરણી વગેરે બનાવી મોટો ગૃહોદ્યોગ થઈ શકે એમ છે. અત્યારે મધ્યપ્રદેશના કારીગરો બનાવે છે.

બીડી બનાવવા માટે ધાનપુર વિસ્તારમાં (લીમખેડા) ૪૫ કારીગરોને તાલીમ આપેલી હતી. અને તે રીતે બીડી બનાવતા. તેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. અહીં પણ કેટલાક લોકો ટીમરુની બીડીઓ બનાવે છે. જ્યારે મોટા ભાગના લોકોએ બે વર્ષથી આ કામ બંધ કરેલ છે. તેનું કારણ તેનું યોગ્ય બજાર ન હોવાથી બંધ થયેલ છે. આ વિસ્તારમાં ટીમરુના પાનની બીડીઓ, આંબરમાંથી મુરબ્બો બનાવી શકાય, પડિયા પતરાળા બનાવી શકાય, ઈંટો, દેશી નળિયાં વગેરે બનાવી શકાય તેમ છે.

પંચમહાલ જિલ્લા વિ. સંઘ ઝાલોદની સંસ્થા આદિવાસી તાલુકાઓમાં ખાદીકામ કરી રહી છે. તેમાં મુખ્યત્વે અંબર ચરખાની પ્રવૃત્તિ જોઈએ તો સુતરામપુર, દાહોદ અને દેવગઢબારિયા તાલુકામાં અંબર ચરખા ચાલે છે. પણ આ તમામ અંબર ચરખા બીનઆદિવાસી લાભાર્થીઓ જ ચલાવે છે. લીમખેડા તાલુકામાં આ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. જયારે ઝાલોદમાં અંબર પ્રવૃત્તિ બરાબર ચાલે છે. ઝાલોદમાં કુલ ૭૧૮ અંબર ચરખા ચાલુ છે. તેમાંથી માત્ર ૬૩ આદિવાસી લાભાર્થીઓ જ આ કામ કરે છે. બાકીના બીનઆદિવાસી લાભાર્થીઓ છે. જેટલે કે મુસ્લીમ, હિંદુ, કડિયા, સુથાર, પંચાલ, વણકર વગેરે. ખાસ કરી ઝાલોદની આજુબાજુનાં નજીકનાં ગામોમાં આદિવાસી લાભાર્થીઓ આ કામમાં જોડાયા છે. તેઓ સંસ્થામાંથી પૂણી વગેર લઈ જાય છે અને ઘરે કતાઈ કરી આંટી આપી જાય છે. દરેક માટે અંબર ચરખા પેટે ડિપોઝીટ રૂપિયા ૫૦ લેવામાં આવે છે. ચરખા રીપેરીંગ સંસ્થા કરી આપે છે. આંટીદીઠ ૬૫ પૈસા આદિવાસી લાભાર્થીઓને મળે છે. આ સંસ્થામાં ૩૦ પૂણી બનાવવાના અંબર ચરખા પણ છે. જે સંસ્થાના સમયમાં સવારે ૮થી સાંજના ૬ વાગ્યા સુધી દરેકનુ કામ કરવાની છૂટ છે. વણાટના બધા જ લાભાર્થીઓ આંધ્રપ્રદેશના વણકર છે.

આ સંસ્થા દરેક લાભાર્થીને વિશેષ સહાય સિવાયની ~~પૂરી~~ મૂળ મજૂરીના ૨.૫% ખાદી સ્વરૂપ બોનસ ચૂકવે છે. આ સંસ્થાના મંત્રીશ્રીનુ કહેવું છે કે આદિવાસીના ઘરે ખાવાનું હશે ત્યાં સુધી તેઓ કોઈ મજૂરી કરશે નહીં. પણ જયારે તે ભૂખે મરશે ત્યારે તે ૧૦ રૂપિયાની મજૂરી માત્ર બે કે ત્રણ રૂપિયામાં જ કરી નાંખશે. આમ આ લોકોનામાં આદત પડી ગઈ છે. માનવી પહેલાં અમુક ટેવ પાડે છે, ટેવ આદત બને છે. આદત ધીરે ધીરે એના જીવનનું આગવું લક્ષણ બને છે. અને પરિણામે એ ~~આદત~~ જ એને ઘેરી વળે છે.

કેટલાક ગ્રામોદ્યોગો બંધ થવાનાં ટેકનીકલ કારણો છે. ગ્રામોદ્યોગની વસ્તુઓની હરિફાઇમાં અન્ય વસ્તુઓ લોકોને બજારમાં સારી લાગે છે. દા.ત. મશીનથી તૈયાર કરેલ ચોખા સફેદ અને પોલીસવાળા લાગે છે. જયારે હાથછડ ચોખા ઝાંખા અને તળિયાવાળા હોય છે તેથી લોકો મશીનથી તૈયાર થયેલા ચોખા જલદી ખરીદે છે. તેલઘાણીના તેલમાં નીચે રગડો આવે છે જયારે બજારમાં મળતા તેલમાં આવો રગડો નીકળતો નથી. તેથી લોકો બજારના તેલને જ વધુ પસંદ કરે છે. તલ તેલના એક ડબ્બામાં એક કિ.ગ્રા. રગડો નીકળે છે. જો તેને પણ ડબલ ફીલ્ટર કરવામાં આવે અને એક એક કિ.ગ્રા.ના પેકીંગમાં પ્લાસ્ટીકની કોથળીઓમાં વેચવામાં આવે તો કદાચ વધુ વેચાણ થવાની શકયા છે. મસાલા યુનિટ મારફત જે બધા મસાલા તૈયાર થાય છે તેના જેવા જ અથવા તેના કરતાં દેખાવમાં સારા મસાલા બજારમાં અન્ય લોકો મૂકે છે. અને તે મસાલામાં ગમે તે ભેળસેર કરી બનાવતા હોવાથી તેની કિંમત ગ્રામોદ્યોગ તૈયાર કરેલા મસાલા કરતાં ઓછી રાખવાથી પણ વધારે નફો મળતો હોય છે. ટૂંકમાં મસાલા યુનિટથી તૈયાર થતા મસાલાને બજારમાં ટકી રહેવાતું નથી માટે તેની સીધી અસર ઉદ્યોગ પર પડે છે.

વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડની સંસ્થા ખૂબ જાણીતી અને જૂની છે. આ સંસ્થામાં ખાદી ગ્રામોદ્યોગની ઘણી પ્રવૃત્તિઓ સારી ચાલતી હતી. અત્યારે કેટલીક પરિસ્થિતિને કારણે રૂકાવટ આવી ગઇ છે. તેલઘાણી ચાર વર્ષથી બંધ છે. તેનું કારણ સીંગનો પાક નથી માટે બંધ હાલતમાં છે. ખાંડસરી યુનિટ વેચી દેવાયું છે. કારણ તેના ટેકનીકલ એકસપર્ટ ન હોવાથી પ્રોડકશન ઓછું થતું હતું, સામાન્ય રીતે ૭% ઉતારો નીકળવો જોઇએ તેને બદલે ૩.૫% ઉતરતો જેથી આ ઉદ્યોગમાં લગભગ ૧૦ લાખની ખોટ ગઇ છે. તેવું જાણવા મળ્યું છે. ગ્રામ દિવાસળી પાંચ વર્ષથી બંધ છે. તેનું કારણ એ છે કે જે સ્ટીક બનાવવામાં આવે છે તેનું પ્રોડકશન ઓછું થાય છે. આ ઉપરાંત બજાર વ્યવસ્થા બરાબર નથી. રો મટીરીયલ ઓછું મળે અને સ્ટોરીંગ કેપેસીટી નથી

વગેરે કારણોથી ગ્રામ દિવાસળી ઉદ્યોગ બંધ થઈ ~~થx ગ્રામxછે.~~ ગયેલ છે. અત્યારે માટી-ઈંટ ઉદ્યોગ, સુથારી, લુહારી, ગોળપ્લાન્ટ, પૂણી પ્લાન્ટ, અંબર, વણાટ વગેરે બરાબર ચાલે છે.

અંબર કે પૂણીકામ કરવામાં ૮ કલાક મહેનત કરે તો ૯ રૂપિયાનું કામ થાય જ્યારે અન્ય મજૂરીમાં ૧૦ રૂપિયાનું કામ મળે છે. બીજું તેઓ અન્યમજૂરીમાં થોડો સમય આરામ (બીડી પીવા) કરે તો પણ તેઓને ૧૦ રૂપિયા મળવાના જ છે. ત્યાં તેને અમુક / ચોક્કસ કામ કરવાની શરત હોતી નથી. જ્યારે અંબર કામમાં તો આરામ કરે તો પૈસા મળવામાં આપોઆપ કાપ મૂકાઈ જાય છે. ટૂંકમાં અંબર કરતાં ઓછી મજૂરી મળે તો પણ તેઓ ત્યાં ચાલ્યા જાય છે. ચરખા ચલાવવા ટેવાયેલા નથી. તેમને ફરતું કામ વધારે ફાવે (ગમે) જ્યારે બેઠાડું કામ ગમતું નથી. આ વિસ્તારનાં ગામોમાં આદિવાસી અને બિનઆદિવાસી સમાજો સાથે રહેવાથી અથવા પરસ્પર એક બીજાનાં કામો હોવાથી એક બીજાની શરમ રાખવી પડે છે અને તેવા વખતે અંબરકામ બંધ કરીને ખેતીના કામ માટે અથવા શેરડી વગેરેની મજૂરી માટે જવું પડે છે.

આ વિસ્તારમાં ગ્રામોદ્યોગ વસ્તુઓ ખરીદનાર વર્ગ તો છે જ પણ આર્થિક મુશ્કેલીઓને કારણે ગ્રામોદ્યોગો બંધ થયા છે. આગળના કાર્યકરોના કામોથી હવે પૈસા કોઈ આપતું નથી. ખાદી ગ્રામોદ્યોગો હવે સરળ નથી. સરકારશ્રીની લાંબાગાળાની નીતિ એવી જોઈએ. તે પણ નથી. થોડાં વર્ષો પહેલાં અંબરકામ કરતા આદિવાસી લાભાર્થીઓને સંસ્થાના સંચાલનની કોઈ મુશ્કેલીને કારણે મજૂરીના પૈસા ચૂકવવામાં ઘણો વિલંબ થયો હતો જેથી આ ગરીબ વર્ગને સમયસર પૈસા ન મળતાં તેઓમાંથી મોટા ભાગના આ કામ બંધ કરી બેઠા છે.

વડછી પ્રદેશ સેવા સમિતિ વાલોડ દ્વારા વણાટ કામમાં આદિવાસી લાભાર્થીઓ જ છે. રોજનું ૨૦ રૂપિયાનું કામ કરે છે. મીટરે ૨-૫૦ પૈસા અને ૨-૮૫ પૈસા ભાવ છે. બે જાતના ભાવ છે. દરરોજ લગભગ ૮ મીટર કાપડ તૈયાર થાય છે. આ કામ માટે ૧૦, ૨૦ અને ૩૦ તારીખ પગાર થાય તેવું ગોઠવેલું છે. પણ લગભગ સમયસર પગાર નહીં મળતા એક દિવસે ગમે ત્યારે પૈસા મળે છે.

ટેપ બનાવવાવાળાને ૧ કિ.ગ્રામ ૦-૬૦ પૈસા મળે છે. રોજ ૨૫-૩૦ કિ.ગ્રામ ટેપ બનાવે. આમ સરેરાશ દૈનિક ૧૨થી ૧૭ રૂપિયાનું કામ થાય. પૂણી બનાવવામાં ૧ કિ.ગ્રામ ૧-૯૦ પૈસા મળે તદુપરાંત કુલ રકમના ૨૦ % ટીએસપી સહાય મળે છે. જ્યારે વણાટ માટે ચો.મી. પર ૫૦ પૈસા લેખે સહાય ચૂકવાય છે. અંબરના લાભાર્થીઓને ૪૫ વત્તા ૨૦ બરાબર ૬૫ પૈસા મળે છે. ટીએસપી.ના ૨૦ પૈસા વર્ષમાં ગમે ત્યારે એટલે કે બોર્ડ જ્યારે આપે ત્યારે મળવાથી લોકોની ઉઘરાણી અથવા ધક્કા ખાતા હોય છે. પરિણામે તેની સીધી અસર અંબર બંધ કરવા પર પડે છે.

મોટા ભાગની સંસ્થાઓને ખા.ગ્રા.બોર્ડ તરફથી જે તે યોજના શરૂ કરવા માટે પૈસા આપી દે છે. આ યોજનાઓ એક વર્ષમાં શરૂ કરવાની હોય છે. છતાં ઘણા ખરા આમ શરૂ કરતા નથી અને છ માસની ગમે તે કારણસર મુદત માગી લે છે, અને મળે છે. ઉપરાંત ખાદી કમિશન મારફત પણ વધુ છ માસ મુદત મળે છે. આમ બે વર્ષ ચાલ્યાં જાય છે. વાસ્તવમાં આ પૈસા ગમે ત્યાં વપરાઇ ગયા હોય છે. પણ આવી સંસ્થા ગમે ત્યાંથી ઉછીના પૈસા લાવી એક યુટિલાઇઝેશન સર્ટિફિકેટ

બનાવી ચલાવે છે. ટૂંકમાં વગર વ્યાજના આ પૈસા બીજાં કામોમાં વાપરી નાખે છે. આ માટે વિસ્તારવાર અથવા જિલ્લાવાર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના જ અધિકારીને નીમેલા છે અને જ તે સંસ્થાના સંચાલક સાથે બંનેના સંયુક્ત ખાતા દ્વારા પૈસા ઉપાડી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. બોર્ડના અધિકારીને પ્રવૃત્તિવાર બરાબર પૈસા વાપરે છે કે નહીં તે જોઈને પૈસા ઉપાડી શકે અને પોતાની જવાબદારી છે તેમ સમજે. મોટા ભાગની સંસ્થાઓને જ તે યોજના માટે પૈસા ફાળવેલ હોય પણ તે પૈસા મકાન બાંધવામાં અથવા બીજી પ્રવૃત્તિઓમાં (ડાઈવરજન ફંડ) વપરાઈ ગયા હોવાથી મૂળ યોજના બરાબર ચાલતી નથી. અથવા ખોટમાં જાય છે. આવી મોટી ખોટ થાય ત્યારે નવી બીજી યોજનાની માગણી પ્રમાણે પૈસા જરૂર મળે છે પણ તેના પૈસામાંથી સહાય લોન મળવાપાત્ર હોય તે આગળની પ્રવૃત્તિની ખોટમાં બોર્ડ વાળી લે છે. આમ નવી પ્રવૃત્તિના પૈસા બદલવામાં લઈ લેવાથી નવી પ્રવૃત્તિઓ પણ ચાલતી નથી. પરિણામે ગ્રા. ક ખાદી પ્રવૃત્તિઓને સીધી અસર થાય છે.

આ વિસ્તારમાં ટીએસપીની બીજી યોજનાઓનો (મરઘાં, ગાય, ભેંસ) લાભ લોકોને સારો મળે છે. તેનાકારણે આ યોજના થોડી ઓછી થતી જાય છે.

સરકારે નાના ગ્રામોદ્યોગને રક્ષણ, પોષણ અને ભક્ષણથી બચાવવા જોઈએ. ટૂંકમાં સરકારે કેટલાંક અસરકારક પગલાં પણ લેવાં જોઈએ. દા.ત. જાપાન પર અમેરિકાએ બોમ્બ વિસ્ફોટ કર્યો ત્યારે તેના નુકસાનું રૂપે અમેરિકાએ જાપાનને તેની નુકસાનીના પૈસા ચૂકવવાનું કહેલું પણ જાપાને તેનો અસ્વીકાર કરી જ બધા ગૃહોદ્યોગો ભાંગી પડયા છે તેને બેઠા કરવા માટે પોતાની બધી ગ્રામોદ્યોગ વસ્તુઓ ખરીદવાનો કરાર કરેલો અને તે રીતે ત્યાંની બધી ચીજવસ્તુઓ અમેરિકાએ ખરીદવી પડે છે. આ ચીજવસ્તુઓ મોટા ઉદ્યોગો મારફત બને છે. જયારે પોતાના દેશમાં (જાપાન) માટે નાના ગૃહોદ્યોગો, તેવી જ વસ્તુ બનાવી લે છે. તેનું બજાર પણ બરાબર ગોઠવાયેલું છે.

આમ એક જ વસ્તુ બે રીતે બનાવે છે અને બે રીતે રોજગારી મળવે છે. બહારથી તેનું હુંડીયામણ લઇ તેનો લાભ લે છે અને પોતાના ગૃહોદ્યોગની વસ્તુઓ જ પોતે વાપરે છે. જો આવી નીતિ અથવા નિર્યંત્રણો કદાચ ઉચ્ચ કક્ષાએ વિચારાય તો ચોક્કસ બધા ગ્રામોદ્યોગો સારા ચાલી શકે અને બેકારી નાબૂદ થઇ શકે. અમેરિકામાં ૨% બેકારી વધારે થાય છે તો તેઓ ઉંચાનીચા થઇ જાય છે. જયારે ભારતમાં ઉત્તરોત્તર બેકારી વધતી જ જાય છે. તોય કોઇના પેટનું પાણી પણ હાલતું નથી.

શ્રી મહિલા ગૃહોદ્યોગ લિજ્જત પાપડ, વાલોડ સંસ્થાના ૫૦૦ બહેનો સભ્ય તરીકે છે. તેમાં ૩૦ લગભગ આદિવાસી બહેનોનો પણ સમાવેશ થાય છે. આ ગૃહોદ્યોગમાં હજુ ઘણી બહેનો જોડાવા માગે છે. પણ તેઓના ઠરાવ પ્રમાણે હવે નવાં સભ્યો બનાવવા નહીં. તેથી કેટલીક બહેનો જૂના સભ્ય હોય તેના નામ પર પાપડ વગેરે બનાવવાનું કામ ઘરે લઇ આવે છે. મુખ્યત્વે પાપડ, ખાખરા અને વડી બનાવે છે. દર માસે ૧૩થી ૧૪ લાખ રૂપિયાનું વેચાણ છે. આમ વર્ષે લગભગ ૧.૫ કરોડ રૂપિયા સુધી પહોંચી જાય છે. પાપડના પ્રકાર પ્રમાણે લોટ તૈયાર કરવા માટે ૧૨ બહેનો લોટ બાંધે છે. અને દરરોજ સવારે આ લોટ જે તે લાભાર્થી ઘરે વણવા લઇ જાય છે અને દરરોજ તેના પૈસા રોકડા ચૂકવાય છે. ૧ કિ.ગ્રા. તૈયાર લોટમાંથી ૮૦૦ ગ્રામ પાપડ થવા જોઇએ. તદુપરાંત ૨૦૦ ગ્રામમાં ૨૮ નંગ નાના પાપડના અને ૨૫૦ ગ્રામમાં ૨૨ નંગ મોટા પાપડના થવાં જરૂરી માને છે. એક કિલોગ્રામ લોટના પાપડ વણનારને ૩.૫૦ રૂપિયા પ્રમાણે મજૂરી ચૂકવાય છે. તેમાં રીજેક્ટ થવા માટે એટલે કે નાના મોટા, વળી ગયેલા, તૂટેલા વગેરે હોય તો ૧૦૦ ગ્રામના ૪૦ પૈસા કાપી લેવાય છે. મૂળ વજનના ઠરાવ્યા પ્રમાણે કરતાં ઘટ પડે તો ૧૦૦ ગ્રામના બે રૂપિયા કાપવામાં આવે છે. નંગ ઓછા થાય તો પણ રીજેક્ટમાં ગણી લે છે. આમ આ ઉદ્યોગ માટે દરેક બહેનો લગભગ ૫થી ૬ કિ.ગ્રામ પાપડ રોજના તૈયાર કરે છે. તેમાં વપરાતું તેલ, ચોમાસામાં કોલસા વગેરે પોતાના ઘરનું હોય છે.

આમ એક જ વસ્તુ બે રીતે બનાવે છે અને બે રીતે રોજગારી મળવે છે. બહારથી તેનું હુંડીયામણ લઇ તેનો લાભ લે છે અને પોતાના ગૃહોદ્યોગની વસ્તુઓ જ પોતે વાપરે છે. જો આવી નીતિ અથવા નિર્યંત્રણો કદાચ ઉચ્ચ કક્ષાએ વિચારાય તો ચોક્કસ બધા ગ્રામોદ્યોગો સારા ચાલી શકે અને બેકારી નાબૂદ થઇ શકે. અમેરિકામાં ૨% બેકારી વધારે થાય છે તો તેઓ ઉંચાનીચા થઇ જાય છે. જયારે ભારતમાં ઉત્તરોત્તર બેકારી વધતી જ જાય છે. તોય કોઇના પેટનું પાણી પણ હાલતું નથી.

શ્રી મહિલા ગૃહોદ્યોગ લિજ્જત પાપડ, વાલોડ સંસ્થાના ૫૦૦ બહેનો સભ્ય તરીકે છે. તેમાં ૩૦ લગભગ આદિવાસી બહેનોનો પણ સમાવેશ થાય છે. આ ગૃહોદ્યોગમાં હજુ ઘણી બહેનો જોડાવા માગે છે. પણ તેઓના ઠરાવ પ્રમાણે હવે નવાં સભ્યો બનાવવા નહીં. તેથી કેટલીક બહેનો જૂના સભ્ય હોય તેના નામ પર પાપડ વગેરે બનાવવાનું કામ ઘરે લઇ આવે છે. મુખ્યત્વે પાપડ, ખાખરા અને વડી બનાવે છે. દર માસે ૧૩થી ૧૪ લાખ રૂપિયાનું વેચાણ છે. આમ વર્ષે લગભગ ૧.૫ કરોડ રૂપિયા સુધી પહોંચી જાય છે. પાપડના પ્રકાર પ્રમાણે લોટ તૈયાર કરવા માટે ૧૨ બહેનો લોટ બાંધે છે. અને દરરોજ સવારે આ લોટ જે તે લાભાર્થી ઘરે વણવા લઇ જાય છે અને દરરોજ તેના પૈસા રોકડા ચૂકવાય છે. ૧ કિ.ગ્રા. તૈયાર લોટમાંથી ૮૦૦ ગ્રામ પાપડ થવા જોઇએ. તદુપરાંત ૨૦૦ ગ્રામમાં ૨૮ નંગ નાના પાપડના અને ૨૫૦ ગ્રામમાં ૨૨ નંગ મોટા પાપડના થવાં જરૂરી માને છે. એક કિલોગ્રામ લોટના પાપડ વણનારને ૩.૫૦ રૂપિયા પ્રમાણે મજૂરી ચૂકવાય છે. તેમાં રીજેકટ થયેલ માલ એટલે કે નાના મોટા, વળી ગયેલા, તૂટેલા વગેરે હોય તો ૧૦૦ ગ્રામના ૪૦ પૈસા કાપી લેવાય છે. મૂળ વજનના ઠરાવ્યા પ્રમાણે કરતાં ઘટ પડે તો ૧૦૦ ગ્રામના બે રૂપિયા કાપવામાં આવે છે. નંગ ઓછા થાય તો પણ રીજેકટમાં ગણી લે છે. આમ આ ઉદ્યોગ માટે દરેક બહેનો લગભગ ૫થી ૬ કિ.ગ્રામ પાપડ રોજના તૈયાર કરે છે. તેમાં વપરાતું તેલ, ચોમાસામાં કોલસા વગેરે પોતાના ઘરનું હોય છે.

ખખરા આદિવાસી બહેનો બનાવતી નથી માટે અહીં ઉલ્લેખ કર્યો નથી. પણ વડી બનાવવાનું કામ આદિવાસી બહેનો કરે છે. તેમાં ૧ કિ.ગ્રા.નો એક રૂપિયો મળે છે. આ કામ ઓર્ડર મળે તે પૂરતું જ છે. કાયમનું કામ નથી.

લિજ્જત પાપડ સિવાય પણ આ વિસ્તારમાં આદિવાસી બહેનો ટસ્ટી પાપડ બનાવે તેમાં મજૂરી થોડી ઓછી મળે છે. તેમજ બોનસ જેવી વસ્તુ પણ ખાસ નથી મળતી. ટૂંકમાં પાપડ ઉદ્યોગ માટે લોકોની માંગ ખૂબ જ છે. તેને માટે યોગ્ય માળખું ગોઠવી ખૂબ જ મોટા પ્રમાણમાં ઉદ્યોગ થઇ શકે એમ છે. આ સિવાય અથાણાં, મુરબ્બો વગેરે થઇ શકે એમ છે. કારણ આ વિસ્તારમાં પ્રખ્યાત કેરીનોપાક ખૂબ જ છે. તેથી કેરીનું અથાણું, વાંસનું અથાણું, ગરમર, કેરડાં, લીંબુ મરચા વગેરેનાં અથાણાં, આંબળાનો મુરબ્બો, મુખવાસ, નાગલીના પાપડ, ચીકુ, કેરી જેવા અન્ય ફળફળાદિમાંથી જામ, સૂપ જેલી વગેરે બનાવી શકાય. ટમેટાં સોસ, ટમેટા, કોબીજ, કેળાં બટાકા વગેરેમાંથી વેફર બનાવી શકાય., શાકભાજીની સુકવણી વગેર ગૃહોદ્યોગો થઇ શકે.

સ્વરાજ આશ્રમ બારડોલી દ્વારા અંબર ચરખાની કામગીરીમાં કુલ ૨૬૧ લાભાર્થીઓ છે. નિઝર અને વાંસદા તાલુકામાં કામ ચાલે છે. આંટીદીઠ ૬૫ પૈસા ચૂકવાય છે. પૂણી પ્લાન્ટમાં બે પ્રકારની પૂણી બનાવે છે. (૧) અંબર માટેની (૨) પેટી રેંટિયાની અંબર માટેની પૂણીમાં ૧ કિ.ગ્રા.ના ૧-૫૦ પૈસા અને પેટી રેંટિયાની પૂણીના ૨-૫૦ પૈસા મજૂરી મળે છે. ઉપરાંત વિશેષ સહાયમાં ૪૦% મળે છે. જે ૨૦% રોકડા અને ૨૦% ખાદી માટે સ્વેચ્છાએ જ તે લાભાર્થીઓ ખરીદે છે. દર છ માસે આ રકમ ચૂકવાય છે. પૂણી બનાવવામાં ચરખા ઇલેકટ્રીક મોટરથી ચલાવાય છે. જેથી દરેકને હાથથી ફેરવવા પડતા નથી. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સુપરવાઇઝર જોઇ ગયા છે તેનો કોઇ પ્રત્યાઘાત નથી. આ મોટર કોઇ માન્ય નથી પણ વધારે મહેનત ન પડે તે ઇરાદે ગોઠવેલ છે. વણાટમાં કે અન્ય ગ્રામોદ્યોગમાં ૧૩% બોનસ ચૂકવાય છે. તેમાં ૮% જમા રહે અને ૫% રોકડ મળી જાય છે. હથ~~કામળ~~ યુનિટ બંધ છે કારણ બારડોલી ટાઉન થઇ ગયું છે તેથી પ્રોડકશન વસ્તુ

વેચાતી નથી. તેલઘાણી જે ચાલુ છે તેનું તેલ ભંડારોમાં વેચાય છે. સાબુ યુનિટ બરાબર ચાલતું નથી. કારણ તેની કોઇ બજાર વ્યવસ્થા નથી, તેનો ઉપાડ થતો નથી. કારણ કે તેની સરખામણીમાં ઘણા સાબુ છે તે બજારમાં સસ્તા મળે છે અને ગ્રાહકો બજારમાં સસ્તા સાબુ શોધતા હોય છે.

દિવાસળી યુનિટ વાંસદામાં ચાલે છે પણ તેમાં સરકારી નિયંત્રણો ખૂબ જ હોય છે. (જેવાં કે ફોસ્ફરસ વગેરેમાં એકસાઇઝ ડયુટી વધારો) એમ તો આ ધંધો દક્ષિણ ભારતનો થઇ ગયેલ છે. લોકો ગમે તેવી લેબલ વગરની દિવાસળી વેચતા હોવાથી આ લેબલવાળી દિવાસળી મોંઘી પડે છે.

સુથારી-લુહારી : યુનિટ બરાબર ચાલે છે. તેમજ સારી ગુણવત્તાવાળું ફરનીચર બનાવે છે. આમાં કુલ લાભાર્થીઓમાં માત્ર એક જ આદિવાસી લાભાર્થી છે. ખૂબ ઓર્ડર મળે તો આ યુનિટ બરાબર ચાલે તેમ તેઓનું માનવું છે. અને આ રીતે તેઓ ઓર્ડર પ્રમાણે કામ કરે છે. તેમનું કહેવું છે કે મોટી સંસ્થાઓ આવું ફરનીચર મંગાવે ત્યારે ટેન્ડર મંગાવે છે અને અંતે ઓછા ટેન્ડરવાળાને આપી દે છે. જો કે લાકડાના ભાવ કરતાં પણ ઓછી કિંમતવાળા ટેન્ડરથી લોકો બનાવી આપે છે અને અંતે ટેન્ડરો મળતા નથી. તેમનું કહેવું છે કે કદાચ આવા લોકો ચોરીનું લાકડું અથવા સાગ સિવાયનું લાકડું વાપરતા હોવા જોઇએ તો જ તેમને પોસાઇ શકે.

મસાલા યુનિટમાં લોકલ પ્રોડકટ કંઇ રહી નથી માટે તે ચાલતાં નથી. પણ વાંસદા ચાલે છે. હાથ કાગળ સરસ ચાલે છે. મોટા ભાગના આદિવાસી લાભાર્થીઓ કામ કરે છે. ખાસ કરી જાડા કાગળ અથવા ફાઇલ માટેના કાગળ બનાવવામાં સસ્તુ પડે છે. સફેદ પાતળા કાગળ બનાવવામાં ખૂબ મુશ્કેલી પડે છે. તેવું તેમનું કહેવું છે. જો રંગીન ફાઇલો બનાવવાનું કામ મળે તો સફેદ કાગળ બનાવતા નથી. આ કામ મળી રહે છે. તેમજ કેટલુંક કામ ઉધડ પણ કરાવે છે. જેની મજૂરી ઓવરટાઇમ ગણી ચૂકવાય છે. કાગળ સૂકવવાની જગ્યા ઓછી પડે છે. ઓર્ડર પ્રમાણે ફાઇલ

કંકોત્રી વગેરે બનાવે છે.

સુરત જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ, બારડોલીમાં વણાટ વ્યવસ્થા નથી. માટે તેઓ તૈયાર આંટીને સુરેન્દ્રનગર કે લીંબડી વણાવવા મોકલે છે. તેઓનું કહેવું છે કે જે આંટી અપાય છે તેના બદલામાં બીજા સુતરની ખાદી આવે છે. તેના પર કોઇ દેખભાળ રહેતી નથી. આ ઉપરાંત જે રૂ ખાદી કમિશન મારફત મળે છે તે સારું નથી માટે તેની પૂણી બરાબર નીકળતી નથી. પરિણામે અંબર કાંતનાર ઓછા થતા જાય છે. જો રૂ ખરીદવાનું સંસ્થાને સીધું સોંપાય તો કંઇક સુધારાને અવકાશ મળે તેવું સંસ્થાનું કહેવું છે. આ સંસ્થા નીરા પ્રવૃત્તિ ચલાવતી હતી. છેલ્લાં ચાર વર્ષથી તે બંધ છે. તેનું કારણ ખજૂરીનાં ઝાડ નથી તે દર્શાવે છે. ત્રણ વર્ષથી હાથછડ યુનિટ બંધ છે. સરકારી કે જેલના ઓર્ડરો મળતા હતા તે મળતા નથી. માટે હાથછડ યુનિટ બંધ છે. તેલઘાણી, માટીકામ વગેરે પણ પાંચ વર્ષથી બંધ છે. આ સંસ્થા વૈજનાથ ચર્મોદ્યોગ ચાલુ ચલાવે છે. તેમાં કુલ ૩૪ લાભાર્થીઓ છે અને સંસ્થાનું કહેવું છે કે મોટા ભાગના આદિવાસી લાભાર્થીઓ જ કામ કરે છે. પણ વાસ્તવમાં સ્થળ મુલાકાત લીધા પછી જાણવા મળ્યું કે કોઇ પણ આદિવાસી લાભાર્થી આ કામ કરતા નથી. કદાચ પહેલાં કોઇ કોઇ આદિવાસી છૂટક મજૂરી કરવા આવી પડયાં હોય. પણ મોટા ભાગના જે કારીગરો છે તે ગુજરાત બહારના છે અને કર્મચારી વર્ગ ઘણેભાગે મુસ્લીમો છે.

કતાઇકામ અને પૂણી બનાવવાના ચરખા એક જ જગ્યાએ છે અને તાજપુર ગામમાં આદિવાસી લાભાર્થીઓ આનો લાભ લે છે. સાથે મળીને કામ કરવાથી રોજનું નક્કી કરેલું કામ જરૂર બહાર કરે છે. પરંતુ માર્ગદર્શન વગર ત્યાં જ અને તરત જ મળી રહેવાથી અંબર કામને અહીં પૂરતો સારો પ્રતિસાદ મળ્યો છે.

આગળ દર્શાવ્યું છે તેમ માત્ર ૩૩ સંસ્થાઓ / મંડળીઓએ આદિવાસી વિસ્તારોમાં ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શકયતાઓ પર કેટલીક વિગતો આપી છે. આમાંથી ૧૪ સંસ્થાઓ એવી છે કે જે મોટા ભાગનું ખાદીને લગતું કામ કરે છે. તેઓની પ્રવૃત્તિઓ મુખ્યત્વે પૂણી બનાવવી, અંબર દ્વારા કતાઇ કામ કરાવવું, વણાટ વગેરે કરાવી તૈયાર કાપડ બનાવવાનું છે. આ પ્રવૃત્તિઓમાં કુલ લાભાર્થીઓની સંખ્યા જાણવા પ્રયત્ન કર્યો પણ ચારેક સંસ્થાના આદિવાસી લાભાર્થીઓના આંકડા નહીં દર્શાવ્યા હોવાથી બાકીની સંસ્થાના કુલ લાભાર્થીઓ ૩૧૦૬ છે તેમાં આદિવાસી લાભાર્થીઓ ૨૨૦૪ છે. એટલે કે ૭૦.૯૬% આદિવાસી લાભાર્થીઓ જોવા મળ્યા છે. ખાસ કરી પંચમહાલ જિલ્લામાં આદિવાસી લાભાર્થીઓ ખૂબ જ ઓછા છે.

મોટા ભાગની સંસ્થાઓનું કહેવું છે કે આ ધંધો લોકોને ગમે છે તેનું કારણ એ પણ છે કે આ ધંધો પૂરક રોજી તરીકે લોકો સ્વીકારે છે. સંસ્થા દ્વારા આપવામાં આવતી સગવડોમાં જે તે સંસ્થા પર આધારિત હોય છે. છતાં કેટલીક સંસ્થાઓ નિવાસસ્થાન, પાણી, વીજળી વગેરે સગવડ પૂરી પાડે છે. ખાસ કરી ઉદ્યોગમાં સાધનો, નિયમિત મહેનતાણું, જરૂર પડે એડવાન્સ પૈસા વગર વ્યાજે આપે છે.

જે સંસ્થા ખોટમાં ચાલતી હોય તે સંસ્થા બોનસમાં કંઇ આપતી નથી. જેઓ બોનસ આપે છે તેઓ લગભગ ૮% બોનસ દરેક લાભાર્થીને ચૂકવે છે. તેમાં પણ કેટલીક સંસ્થા અડધી ખાદી અને અડધી રોકડમાં ચૂકવે છે. જયારે કેટલીક સંસ્થા આવા બોનસમાં ખાદી ગ્રામોદ્યોગ વસ્તુના સ્વરૂપમાં આપે છે.

લગભગ દરેક સંસ્થાઓએ ખાદી ગ્રામોદ્યોગ માટે જરૂરી કાચો માલસામાન એટલે કે રૂ ખાદી કમિશન પાસેથી લોન પર લેવાનું હોય છે. જયારે અન્ય ગ્રામોદ્યોગો માટેનો કાચો માલ બજારના વેપારીઓ પાસેથી અથવા મોટાં શહેરોમાંથી ખરીદવાનો હોય છે. આમાં કેટલીક મુશ્કેલીઓ પડે છે તે આ પ્રમાણે છે. અને તે મુશ્કેલીઓ કંઇ રીતે દૂર કરી શકાય ? તે બતાવવા પ્રયત્ન કર્યો છે.

૧. રૂનો ભાવ બજાર કરતાં ઊંચો પડે છે. જો રૂ માટે વર્કીંગ ફંડ સંસ્થાને અલગ મળે તો બજારમાંથી ઓછા ભાવે રૂ ખરીદી શકાય. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ વર્કીંગ ફંડ આપે એના વ્યવહારમાંથી જૂના દેવા પેટે તથા નવા દેવા પેટે હપ્તે હપ્તે પૈસા વસુલ કરે.

૨. ભાવોની વધઘટ, તોલમાં છેતરપીંડી અને નાણાં સમયસર ન મળવાથી વ્યાજની ચૂકવણી કરવી પડે છે. આ માટે ખાદી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા કાચો માલ પૂરો પાડવાથી સમસ્યા દૂર થઇ શકે તેમ છે.

૩. કેટલીકવાર રૂ ખરાબ આવી જવાથી પૂણી સારી નીકળતી નથી. તેના કારણે કંતાઇકામ કરતા લાભાર્થીઓ આ કામ છોડી દે છે. અથવા નારાજ થાય છે અથવા પ્રમાણમાં વેતન ઓછું મળે છે.

ખાદી ગ્રામોદ્યોગના તમામ તૈયાર થયેલ માલનું વેચાણ જે તે સંસ્થા મારફત પોતાના ભંડાર વગેરે દ્વારા કરતા હોય છે. કેટલીક ગ્રામોદ્યોગ વસ્તુઓ માટે ધંધાદારી વેપારીઓ સાથે હરિફાઇમાં ઉતરવું પડે છે. તેઓના ભાવ નીચા હોય છે. આથી ગ્રામોદ્યોગની વસ્તુઓના વેચાણ પર અસર પડે છે. ખાદી સંસ્થાઓ પણ સરકારશ્રીના ટેન્ડરમાં હરિફાઇ કરતી હોય છે. આવા વખતે નાની કે સ્થાનિક સંસ્થાને મુશ્કેલી પડે છે. ટૂંકમાં આ બધી મુશ્કેલીઓને દૂર કરવા (૧) કાચો માલ વ્યાજબી ભાવે મળે તેવું કરવું જોઇએ. તેમજ ઉત્પાદન વેચાણના ક્ષેત્ર નક્કી કરી આપવા જોઇએ. (૨) ખુલ્લા બજાર સામે ટકવા સબસીડી આપવી જોઇએ. (૩) સરકારી કચેરીઓએ ટેન્ડર વગર માલ ખરીદવો જોઇએ અથવા ફક્ત ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ કરતી સંસ્થાને ટેન્ડર આપવા જોઇએ. એમ આ બધા સૂઝાવ કેટલીક સંસ્થાઓએ કર્યા છે.

ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ માટે કુશળ માણસો મેળવવા મુશ્કેલ છે. ઓછી કુશળતાએ ચલાવવું પડે છે. તાલીમની જરૂર છે. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા કેટલાક લાભાર્થીઓ તાલીમ લે છે. પણ તાલીમ વ્યવહારૂ અથવા પ્રેક્ટીકલી આપવી અને બને તો જિલ્લાવાર અને પૂરતી સંખ્યા થાય તો જ તે સ્થળે વર્ગ ગોઠવી આપવી જોઇએ. આદિવાસી વિસ્તારમાં વણાટ વ્યવસ્થા માટે ખાસ તાલીમ આપવી. તાલીમમાં શિષ્યવૃત્તિ પૂરતી મળવી જોઇએ. અત્યાર ભોજનખર્ચ કે રોજ જેટલી રકમ પણ મળતી નથી.

લગભગ બધી જ સંસ્થાઓ નવી ટેકનોલોજીની જરૂરિયાત અંગે સંમત થઇ છે. તેમાં દરેકનાં મંતવ્યો જુદાં જુદા છે. (૧) પૂણીને બદલે રૂની ટેપ પરથી સીધુ કતાઇ થઇ શકે તેવી ટેકનીક વિકસાવાઇ છે, તેને સુધારીને અમલમાં લાવવી જોઇએ. (૨) શાળોને વધુને વધુ કાર્યક્ષમ બનાવતા રહેવી જોઇએ. (૩) નાનાં નાના સાધનો ગામડે ગામડે ચાલે તેવા હોવાં જોઇએ. જેમ કે પૂણીપ્લાન્ટ મોટાં લોતીંગ યંત્રોને બદલે ગામ લોકો સંભાળી શકે તેવું યંત્ર જોઇએ. (૪) અંબરમાં 'કોન' પૂણી ચાલુ કરવી જોઇએ. જેથી સુતરની સમાનતા વધે, ટ્રાન્સપોર્ટ ખર્ચ ઓછો આવે, વણાટમાં સરળતા રહે, કાંતણ વણાટ બંનેમાં રોજગારી વધે.

મોસમ પ્રમાણે ચરખા ચાલુની વધઘટ થાય છે. લગભગ દરેક સંસ્થાઓમાં થોડા ઘણા અંબર ચરખા બંધ પડી ગયેલ છે. ચરખા બંધ પડી જવા માટેના કેટલાંક કારણો પણ જાણવા મળ્યાં છે, જે મુખ્ય મુખ્ય આ પ્રમાણે છે. (૧) ખેતીની મોસમ હોય ત્યારે ચરખા બંધ રહે છે. (૨) ટેકનીકલ કામ બધાને ફાવતું નથી તેથી ચરખો બગાડતાં બંધ કરી દે છે. (૩) પૂરક રોજી માટે કાંતે છે. જો ૨૦ આંટી જેટલું કામ કરે તો ૯ રૂપિયા મળે અને ખેતીકામ કરવાથી પણ તેટલા જ પૈસા મળે. માટે લોકો ખેતીકામથી ટેવાયેલા હોઇ આવા સતત બેસી રહેવાના કામને ટાળે છે. (૪) સરકારશ્રીની ઘણી બધી વિકાસ યોજનાઓ વ્યકિતગત રીતે મળતી હોઇ, સહાયના કામમાં વિશેષ રસ પડે છે. ગ્રામી કાંતણમાં નછૂટકે જોડાય છે. (૫) નિયમિત વેતન ન ચૂકવવાથી.

(૬) નિયમિત પૂણી પૂરી ન પડવાથી વગેરે કારણો અંબર ચરખા બંધ પડવાનાં છે. પીંડવળ (ધરમપુર) અને મોટા કથારિયા, ગણી સમ્બરો (બિલોડા)માં હજુ વધુ અંબર ચરખાની તીવ્ર માંગ છે. પરંતુ પૂણીના અભાવે અને સુતરના નિકાલની બાર મુશ્કેલીને લીધે વધુ ચરખા ચાલુ થઇ શકયા નથી.

ખાદી ગ્રામોદ્યોગની કેટલીક સંસ્થાઓમાં અંબર ચરખા સિવાય પણ કેટલીક ગ્રામોદ્યોગ કાચો માલ પડી રહે તેવું બન્યુ છે. તેમાં ખાસ કરી ગ્રામોદ્યોગ બંધ પડી જવાથી જે કંઇ કાચો માલ હોય તે વપરાયા વિના જે તે સંસ્થાઓની પડયો રહયો છે. દા.ત. (૧) સાબુકામ માટે સીલીકેટ, કોસ્ટીક, અખાદ્ય તેલ, તેનાં સાધનો વગેરે (૨) ગોબરગેસની સઘડીઓ, નવા મોડલની સઘડીઓ બજારમાં આવવાથી.

લગભગ બધીજ સંસ્થાઓ રોજગારોને સાધનસામગ્રી ખાદી બોર્ડના નિયમ મુજબ સબસીડીથી આપે છે. તેઓ નફાનું ધોરણ ખાદી કમિશનના નિયમો મુજબ રાખે છે. આમ છતાં મોટા ભાગની સંસ્થાઓ ૫%થી ૧૫% નફાનું ધોરણ રાખે છે. ખાસ કરીને સંસ્થાના કર્મચારીઓનો પગાર, મજૂરી, ઘસારાખર્ચ વગેરે કાઢતા નફો ખાસ બચતો નથી. તેથી મોટા ભાગની સંસ્થા આવા નફાની વહેંચણી કોઇને કરતી નથી.

ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જે સહાય આપવામાં આવે છે તેનો ઉપયોગ બોર્ડના નિયમ પ્રમાણે જે તે સાધનો ખરીદીને અને વ્યકિતગત સહાય હોય તો જે તે વ્યકિતને આપી દેવાય છે. દરેક સંસ્થાઓનું કહેવું છે કે આ સહાય / ધિરાણ મળે છે તે અપૂરતું છે. કારણ કે શ્રમ કરનારને તેના શ્રમ માટે અપાતું વળતર સમાજમાં અન્ય વ્યવસાયોમાંના વળતર જેટલું નથી. બુદ્ધિનાં કામો અને શ્રમના કામોના વળતર વચ્ચે આજની વિષમતા ખતમ થવી જોઇએ. ટૂંકમાં લાભાર્થીઓને રોજી પૂરી મળી શકતી નથી. બીજું પાકા માલનાં નાણાં તાત્કાલિક મળતાં નથી જયારે કાચા માલની/મજૂરીની રકમ તાત્કાલિક અને રોકડમાં ચૂકવવાની હોવાથી નાણાંભીડ રહે છે.

બોર્ડ તરફથી જે સહાય ધિરાણ મળે છે તેમાં પડતી યાંત્રિક-વહીવટી મુશ્કેલીઓમાં બે ત્રણ સંસ્થાઓએ દર્શાવ્યું છે કે (૧) સમયસર સહાય-લોન મળતી નથી. (૨) વહીવટમાં લાંબો સમય જાય છે. ખાસ કરી રીબેટની રકમ મળવામાં ખૂબ જ વિલંબ થાય છે. તેથી નાણાંભીડ સતત રહે છે. (૩) આગળના દેવામાં લોન/ સહાય કાપી લેવાય છે. પરિણામે સંસ્થા નાણાંભીડમાં આવતાં ચાલુ કામો પણ બંધ થઇ જાય છે. આ માટે બોર્ડ રીબેટની રકમ વખતસર મળે તેવું ગોઠવવું જોઇએ. કેટલીક નબળી દેવાદાર સંસ્થાઓ માટે લાંબાગાળાનું દેવું વસુલ થાય તેવા હપ્તા ગોઠવવા વિચારવું જોઇએ. અને ચાલુ કામો માટે નવું ધિરાણ આપવાની નીતિ અપનાવવી જોઇએ. ટૂંકમાં તેઓનું જૂનું દેવું ચાલુ કામોની સહાય-લોનમાંથી નહીં કાપતાં હપ્તે હપ્તે લેવું જોઇએ.

આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ શરૂ થવાને કારણે ગામડાંના લોકોની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં કેટલાંક પરિવર્તન આવ્યાં લાગે છે. જે આ પ્રમાણે ગણાવી શકાય.

(૧) લોકોમાં રોજીંદા વ્યવહારમાં તે ઉપયોગી થયાં છે. આર્થિક સ્થિતિ સુધરી છે. તેને લીધે ખોરાકની સગવડ વધી છે.

(૨) બહેનો પોતાની રોજી એકત્ર કરી ઘરવખરી, દાગીના, સાધન વગેરે વસાવે છે. બાળકોના ભણતર, લગ્ન જેવા પ્રસંગોમાં વાપરે છે.

(૩) કુંવારી છોકરીઓની આ કમાણી જોઇ વિવાહ કરનાર છોકરો તથા વરપક્ષને કામગરી છોકરી મળવાથી સંતોષ થાય છે.

(૪) ચરખાને કારણે જ તે કુટુંબમાં ગાંધીવિચારનો પ્રવેશ થતાં વ્યસનમુક્તિ, સ્વચ્છતા, સુઘડતા, ~~વિશેષ~~ વિવેક વગેરે ગુણો વધે છે. ટૂંકમાં સંસ્કારી બને.

(૫) સામાજિક દરજ્જો ઊંચો થયો છે.

(૬) રહેણીકરણીમાં સુધારો થયો છે.

(૭) સ્થળાંતરનું પ્રમાણ ઓછું થવાની શકયતા વધી છે. અને મજૂરી માટે બહાર આમતેમ ભટકવું પડતું નથી.

જુદી જુદી બધી સંસ્થાઓની મળતી માહિતીના આધારે આદિવાસી વિસ્તારમાં ભવિષ્યમાં કયા કયા ગૃહોદ્યોગો શરૂ કરી શકાય તેમ છે તે જોઇએ તો મોટા ભાગના બધા જ વિસ્તારમાં પડિયા-પતરાળા થઇ શકે, ત્યારબાદ સુથારીકામ, ફળ પરિક્ષણ, મધમાખી ઉછેર, માટીકામ, ચૂનાકામ, એલ્યુમિનિયમ તથા સ્ટીલના વાસણ બનાવવા વગેરે. ખાદી કામમાં વણાટ, ધોલાઇ, રંગાઇ વગેરે. સાબરકાંઠા જિલ્લામાં હળદર, સૂંઠ વગેરે અને દક્ષિણ ગુજરાતમાં હિરા ઉદ્યોગ, પાપડ ઉદ્યોગ, અથાણાં તેમજ દરિયા કિનારા તેમજ નદીના બંધની નજીકનાં ગામોમાં મત્સ્ય ઉદ્યોગ ચાલી શકે તેમ છે.

દરેક સંસ્થા/ મંડળીના વિકાસમાં આવતા અવરોધક પરિબળોમાં મુખ્ય કારણ જરૂરી મૂડી જ તે સંસ્થા પાસે ન હોવાથી છે. જો જરૂરી મૂડી મળે તો બધા ખાદી ગ્રામોદ્યોગ બરાબર ચાલે અને નફાકારક ચાલે તો વિકાસ જરૂર થાય. ખાસ કરી આવી મુશ્કેલીઓ દૂર કરવા (૧) જરૂરી મૂડી (૨) યોગ્ય તાલીમ (૩) વેચાણની વ્યવસ્થા વગેરે બરાબર પૂરી પાડવી જોઇએ. અત્યારે સેવાની નિષ્ઠાવાળા અને સમાજઋણ ચૂકવવાની ભાવનાવાળા કાર્યકરો અથવા યુવાન કાર્યકરોની અભાવ છે. લોકો અજ્ઞાન અથવા નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી નિરાશા, સાધન વિહિનતા, ગરીબાઇ વગેરે પરિબળો પણ આ ગૃહોદ્યોગના વિકાસના અવરોધક ગણી શકાય.

આદિવાસી વિસ્તારમાં આ જુદી જુદી સંસ્થાઓનું કહેવું છે કે છેલ્લા ૨૦ વર્ષમાં નવી રોજગારી કાંતણ-વણાટ અને કેટલાક ગૃહોદ્યોગો જેવા કે હીરા ઉદ્યોગ, પાપડ ઉદ્યોગ, સુથારીકામ, કડીયાકામ વગેરેમાંથી વધી છે. જયારે ખેતીકામમાંથી અથવા ખેતીમાંથી રોજગારી ઘટી છે. જો કે આધુનિક ખેતી (શેરડી)માંથી અથવા સારી જાતના પાક કરવાથી જરૂર વધી છે.

આદિવાસી વિસ્તારમાં કોટવાળિયા જાતિના લોકોનો મુખ્ય વ્યવસાય વાંસકામ જ છે. આ સિવાય પણ કેટલીક અન્ય જાતિઓ વાંસનો ઉપયોગ કરે છે. અહીં વાંસકામ કરતી પાંચેક મંડળીઓએ થોડીઘણી વિગતો આપવા પ્રયત્ન કર્યો છે તેમાં મુખ્ય એ છે કે આ પ્રકારની મંડળીઓ સરકારશ્રી દ્વારા અથવા વન વિકાસ દ્વારા વાંસ લે છે અને જે તે મંડળી આદિવાસી લાભાર્થીઓને તે વાંસ આપે છે. આમ તો દરેક સભ્યને વાર્ષિક ૭૦૦ કરતાં વધારે વાંસની જરૂર પડે છે. પણ દરેક મંડળીને વાંસ ઓછા મળવાથી દરેક સભ્યને લગભગ ૫૦થી ૧૦૦ વાંસ વાર્ષિક મળે છે. જે ખૂબ જ ઓછા કહેવાય. માટે આ લોકો આમ તેમ ભટકીને જીવન વિતાવે છે. અથવા રાત્રે જંગલોમાં જઇ વાંસની ચોરી કરી લે લાવે છે. સૂપડાં, ટોપલા-ટોપલી, કરંડિયા વગેરે બનાવી ખાનગી વેપારીને ત્યાં પણ વેચી દે છે. ટૂંકમાં કાચા માલ તરીકે જે વાંસ જોઇએ તે મળતા જ નથી. માટે તેઓને મંડળી તરફથી કોઇ બોનસનો સવાલ પણ પેદા થતો નથી. દરેક લાભાર્થી પોતાની રીતે તૈયાર માલ વેચી દે છે. જો દરેક લાભાર્થીઓને ઓછામાં ઓછા ૫૦૦ વાંસ અપાય તો તેમની અનેક મુશ્કેલીઓ દૂર થઇ શકે તેમ છે. તદુપરાંત વધારે વાંસ ભરવા માટે મંડળીઓને મકાનની વ્યવસ્થા થાય તેવું કરવું જોઇએ. જો તૈયાર માલનું વેચાણ મંડળી સંભાળે તો તેને મુકવા માટે પણ મકાનની વ્યવસ્થા થવી જોઇએ. આ ઉદ્યોગ લોકોને ગમે છે. તેમાં કુળશતા પણ છે. છતાં તાલીમ જરૂર આપવી જોઇએ કે જે નવા યુવાનો યુવતીઓ વાંસમાંથી રમકડાં, ફૂલદાની, શોકેઇશમાં મૂકવાની વસ્તુઓ, બાસ્કેટ વગેરે બનાવી શકે.

આદિવાસી વિસ્તારમાં નીરા તાડગોળ સહકારી મંડળીઓ ઘણી છે. તેમાંથી ૯ મંડળીઓએ કેટલીક વિગતો મોકલી છે. ખાસ કરી નીરા કામ વર્ષમાં પાંચેક માસ ચાલતું હોય છે. ક્ષેત્રકાર્યમાં કેટલીક જગ્યાએ જોયું છે તે પ્રમાણે અને અહીં મળેલ માહિતીના આધારે કહી શકાય કે મોટા ભાગની નીરા મંડળીઓ બંધ પડી ગઇ છે. અથવા બંધ હાલતમાં કામ કરી રહી છે. તેનું મુખ્ય કારણ એ છે કે જે ખજૂરીનાં અથવા

તાડના વૃક્ષો જોઇએ તે હવે દિવસે દિવસે ઓછાં થતાં જાય છે. માટે તેનું ઉત્પાદન-પણ ઓછું થતું જાય છે. અને ઉત્પાદન ઓછું થવાથી જે નફો થવો જોઇએ તે થતો નથી. વળી સરકારી કાયદાઓ, લાયસન્સ પદ્ધતિ, મજૂર કાયદાઓ, નાણાંકીય મુશ્કેલી, ખેડૂતોનાં ખાનગી વૃક્ષો મોંઘાં પડે છે. સ્થાનિક કારીગરો યોગ્ય ન હોવાથી વગેરે ઘણાં કારણો નીરા ઉદ્યોગ માટે જવાબદાર છે. આ બધી મુશ્કેલીઓ માટે થોડા ઘણા સુધારા કરવા યોગ્ય ગણી શકાય. દા.ત. લાયસન્સ પદ્ધતિ સુધારીને યોગ્ય વ્યક્તિને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જ આપવું જોઇએ. તેમાં સરકારી કે રાજકારણીય તત્વોને વચ્ચે લાવવાં જોઇએ નહીં. ત્યારબાદ આ મોસમી કામ છે તેથી તેને મજૂર કાયદામાંથી મુક્તિ આપવી જોઇએ.

તૈયાર નીરાને યોગ્ય સ્થળે યોગ્ય સમયે પહોંચતી કરવાની વ્યવસ્થામાં મુશ્કેલી પડે છે. તે તાડીના સ્વરૂપમાં ન થાય તે ધ્યાન રાખવાનું હોય છે. જો કે ગમે તેવી વ્યક્તિને લાયસન્સ આપવાથી નીરાને બદલે તાડી પણ વેચવાનો જ છે. કારણ કે રાજકારણીય વ્યક્તિ સાથે મળી ગયેલ હોય છે અને સરકારી અધિકારીઓ પણ આમાં શું કરી શકે ? ગમે તેટલા કડક કાયદા હોવા છતાં પણ આપણે ત્યાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધતું જ રહે છે. અને વધ્યું છે. તેનું મૂળ કારણ રાજકારણીય વ્યક્તિઓ જ છે.

નીરા ઉદ્યોગ માટે ખાસ તાલીમની જરૂર તો નથી. કારણ કે આમાં માત્ર આદિવાસી લાભાર્થીઓ જ કામ કરે છે અને તેઓ વંશપરંપરાગત રીતે આ કામથી ટેવાયેલા છે. છતાં વધુ નીરો કેવી રીતે મળે અને વૃક્ષના છેદન વિશે આધુનિક રીતે સમજ આપવી જોઇએ. જે શક્ય હોય તો સ્થાનિક જગ્યાએ તાલીમ આપવી.

અંતમાં એ પણ કહેવું જોઇએ કે નીરા ઉદ્યોગના વિકાસમાં આવતાં અવરોધક પરિબળો તરીકે (૧) ગેરકાયદેસર તાડી અને દારૂ બનાવવાનું કાર્ય અને (૨) નશાબંધીની નરમ નીતિ જવાબદાર ગણી શકાય. માટે નશાબંધી કડક બનાવવી જોઇએ અને સખતમાં સખત જોગવાઇ કરવી જોઇએ.

...

આદિવાસી વિસ્તારમાં ખાદી - ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શકયતાઓ - એક અભ્યાસ

૧૪૨૮-૫

## નિષ્કર્ષ અને સુઝાવ

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિસ્તારમાં ચાલતી ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓ-મંડળીઓએ આદિવાસી લોકોના વિકાસ માટે શું શું કર્યું? કેટલી જાગૃતિ આવે છે? સ્થાનિક કાચો માલ અને સ્થાનિક કૌશલ્યતા મેળવવાની શકયતા કેવી છે? તેને આધારે ખાદી ગ્રામોદ્યોગની કઇ કઇ પ્રવૃત્તિઓ આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને ફાયદાકારક બને વગેરે કેટલીક વસ્તુઓ અહીં બતાવવા પ્રયત્ન કર્યો છે.

(૧) આદિવાસી સમાજ મૂળ સર્જનાત્મક પ્રવૃત્તિની અને કલાપ્રેમી હોવા છતાં સંજોગના દબાણ નીચે તેમની કલાકારીગરીનો નાશ થઇ ગયો છે. આમાં જંગલોના ઉપયોગ અંગેના કાયદાઓએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. પરમિટ પ્રથાથી લાકડું કે વાંસ મેળવવા સામાન્ય આદિવાસી તેમાં ઉતરવાનું પસંદ કરતો નથી. તેથી તેઓ છૂપી રીતે ચોરી કરી લાવે છે.

(૨) ગ્રામોદ્યોગના વિકાસ માટે બે રીતે જોવું જરૂરી છે. એક તો અત્યારે કયા ઉદ્યોગો ચાલે છે તે અને બીજી રીતે એ ઉદ્યોગોનો વિકાસ કેવી રીતે થઇ શકે તથા તેમને આર્થિક રીતે સધ્ધર બનાવવા શું કરવું જોઇએ તે. આવી તપાસ કર્યા વિના ઉદ્યોગ અંગેની ગમે તે યોજનાઓ ચાલુ કરી દેવાથી કે તે અંગેના મકાનો ઊભા કરી દેવાથી તો માત્ર પૈસાનો દુર્વ્યય જ થાય છે. જે ઉદ્યોગો શરૂ કરવાના હોય તેને માટેનો કાચો માલ મળી શકશે કે કેમ તેની પણ ખાતરી કરી લેવી જોઇએ તથા જે માલ તૈયાર થવાનો હોય તેનું સ્થાનિક બજાર ન હોય તો બહારના બજારમાં તે માલ ટકી શકશે કે કેમ તે પણ વિચારી લેવું જોઇએ. વળી તાલીમ કાર્યક્રમો ગોઠવતી વખતે પણ ધ્યાન રાખવું જોઇએ કે કોઇ એક જ કામ જાણતા કારીગરો એક સામટા તૈયાર ન થઇ જાય. નહિ તો પછી બધાને પૂરતું કામ ન મળતાં નિરાશા ઊભી થશે. વળી જે કામ ભવિષ્યમાં તેઓ કરવાના જ ન હોય તે કામની તેમને તાલીમ આપવાનો પ્રયત્ન પણ નહીં કરવો જોઇએ.

આદિવાસી સમાજમાં ખાદી ગ્રામોદ્યોગના વિકાસનો વિચાર કરતી વખતે વેચાણની દૃષ્ટિએ વિચારવાના બદલે તેમના પોતાના ઉપયોગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવશે તો વધારે નક્કર પ્રગતિ સાધી શકાશે. વેચાણમાં તેને બીજા માલની હરિફાઈ કરવી પડશે, જે સહેલું નથી. સૂચવાયેલાં યંત્રો દાખલ કરતા અગાઉ પણ ઘણી સાવધાની રાખવી જોઈએ. જે યંત્રોના ઉપયોગથી તેઓ પૂરેપૂરા માહિતગાર ન થયા હોય તેવાં યંત્રો દાખલ કરવાથી આપણે તેમને પરાવલંબી બનાવી દઈશું. આદિવાસી કળામાં ફેરફાર કરતી વખતે પણ બહુ કાળજી રાખવાની જરૂર છે. એમ કરવા જતાં તેને બગાડી ન બેસીએ તે જોવું જોઈએ.

(૩) આવક : આગળનાં પ્રકરણોમાં જણાવ્યું છે તેમ આ અભ્યાસના સર્વેક્ષણના કુલ ૨૧૬ આદિવાસી લાભાર્થીઓની આવકના ધોરણને ધ્યાનમાં લઈએ તો સર્વેક્ષિત પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાના કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતીત કરે છે. જ્યારે સુરત જિલ્લાના ખાદીનું કામ કરતાં કુટુંબો અને ગ્રામોદ્યોગ કરતાં કુટુંબોની આવક ઠીક ઠીક ગણી શકાય. સમગ્ર રીતે મોટા ભાગનાનો મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં પણ વધારેમાં વધારે આવક ખાદી ગ્રામોદ્યોગ વ્યવસાયમાંથી મળી છે. ત્યારબાદ ખેતી, મજૂરી, નોકરી વગેરેમાંથી. અહીં એ પણ જોવા પ્રયત્ન કર્યો છે કે ફક્ત ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાંથી જ સરેરાશ વાર્ષિક આવક કેટલી આવે છે ? વિગત આગળનાં પ્રકરણમાં છે. પણ ગ્રામોદ્યોગથી સારી આવક મળે છે તે જોઈ શકાય છે. ત્યારબાદ બીજા વિસ્તાર કરતાં સુરત જિલ્લામાં ખાદી પ્રવૃત્તિમાંથી સારી આવક જોવા મળે છે.

(૪) કમાનાર-નહિ કમાનાર : સર્વેક્ષણનાં બધાં કુટુંબોમાંના સભ્યોમાંથી અડધા કરતાં વધારે સભ્યોને મજૂરી કરવી પડતી હોય છે. અથવા કમાવું પડતું હોય છે. કુલ પુરુષોમાંથી ૨૦.૧૪% પુરુષો અને કુલ સ્ત્રીઓમાંથી ૩૫.૨૨% સ્ત્રીઓ તો ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ દ્વારા રોજગારી મેળવે છે. અથવા કમાનારમાં ગણી શકાય. ખાસ કરી પુરુષો કરતાં સ્ત્રીઓ ખાદી પ્રવૃત્તિમાં વધારે કામ કરતી જોવા મળે છે. જ્યારે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓ કમાણીમાં

અગત્યનો ભાગ ભજવે છે.

(૫) દૈનિક વેતન : ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓમાંથી મળતું દૈનિક વેતન જોઇએ તો કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી માત્ર ૨૨.૨૩% લાભાર્થીઓને લઘુત્તમ વેતન પ્રમાણે રૂપિયા ૧૧થી ૧૫ મળે છે. જયારે સારા પાસા તરીકે જોઇએ તો ૧૦.૧૮% લાભાર્થીઓને ૧૬થી ૩૫ રૂપિયા રોજગારી મળે છે. અને તે પણ મોટા ભાગના ગ્રામોદ્યોગ વ્યવસાયમાંથી જ જોવા મળ્યા છે. જે અર્ધકુશળ કે કુશળ ગણી શકાય. જયારે દુ:ખની વાત એ છે કે મોટો વર્ગ એટલે કે ૬૭.૫૯% લાભાર્થીઓને માત્ર ૩થી ૧૦ રૂપિયા મળતા જોવા મળ્યા છે. અહીં એ બાબતની સ્પષ્ટતા કરી લેવી આવશ્યક લાગે છે કે મોટા ભાગના લાભાર્થીઓને ઓછા મળતા વેતન સંબંધી કેટલાંક પરિબળોને લઇને પણ તેમનું વેતન નીચું (ઓછું) રહેવાની શકયતા છે. તેમાં (૧) મૂડીનો અભાવ. તેને લઇને સાધનોની અછત તથા પ્રાથમિક પ્રકારનાં સાધનો (૨) કલા-કૌશલ્યનો અભાવ અને (૩) જરૂરી બજારના પ્રશ્નોની સાથે વાતાવરણ પણ તેઓને ઓછું વેતન મળવા માટે જવાબદાર હોય એમ લાગે છે.

(૬) સમય અને કામના દિવસો : આદિવાસી અર્થવ્યવસ્થા ખેતી, ખેતમજૂરી, અન્ય મજૂરી, તથા પશુપાલન વગેરે પર આધારિત છે. આગળ જોયું તે પ્રમાણે અમુક જ દિવસ ખેતી, ખેતમજૂરી વગેરે કરે છે. જયારે કોઇ જ મજૂરી ન મળે ત્યારે અને મજૂરીના ફાજલ સમયમાં તેઓ અંબર ચરખા પર કતાઇકામ કરે છે. તેથી તેઓનો દરરોજનો કોઇ ચોકકસ સમય નકકી નથી. કામ કરતા હોય અને ઇચ્છા થાય ત્યારે બંધ કરી અન્ય પ્રવૃત્તિમાં જોડાઇ જાય છે. આમ તેઓના કામના ચોકકસ કલાક ગણવામાં મુશ્કેલી છે. છતાં મોટા ભાગના લાભાર્થીઓ પાંચથી આઠ કલાક ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓ કરે છે. થોડા ઘણા હરતા ફરતા બેથી ચાર કલાક કામ કરે છે. વળી સાધન બગડી ગયું હોય તો સતત બંધ થઇ જાય છે. કોઇ સુપરવાઇઝર દેખરેખ ન રાખે તો કંઇજ કામ કરતું નથી અથવા પૂણી રૂ સારું ન હોય તો કંટાળીને પણ ઓછું કામ કરે છે. કેટલાક લાભાર્થીઓ (સાબરકાંઠા જિલ્લામાં) આખા માસનું કામ એક અઠવાડિયામાં પણ પૂરું કરી નાખે છે. જયારે સુરત જિલ્લામાં મોટા ભાગે જે તે સંસ્થાઓમાં બેસીને

સમૂહ કામ કરવાનું હોવાથી ૬થી ૮ કલાક કામ કરે છે. આમ સારા વાતાવરણને કારણ તેનું ઉત્પાદન વધારે જોવા મળે છે. ત્યાં તેને રીપેરીંગની, કાચા માલની, તૈયાર માલની આપલે સુવિધા સરળ બની જાય છે. તદુપરાંત દેખાદેખીથી પણ વધારે કામ કરવા પ્રેરીત થાય છે. અથવા રોજનું અમુક કામ કરવું તેવું નક્કી કરી દે છે. ટૂંકમાં જેઓ ખાદી ગ્રામોદ્યોગ કામ કરે છે તેઓમાંના મોટા ભાગના વર્ષમાં ૨૦૦થી ૩૦૦ દિવસ કામ કરે છે. થોડા ઘણા આખું વર્ષ પણ કામ કરે છે. ઘરકે વાર તહેવાર, સામાજિક પ્રસંગ, માંદગી વગેરે બાદ કરતા ૩૨૫ દિવસ કામ કરે છે. કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી ૪૯ લાભાર્થીઓ એવા જોવા મળ્યા છે કે ૨૦૦ દિવસ કરતાં પણ ઓછા દિવસો કામ કરે છે.

કુલ લાભાર્થીઓમાંથી ૪૩.૯૮% લાભાર્થીઓને પોતાના કુટુંબના સભ્યો મદદરૂપ થાય છે તેવું દર્શાવે છે. ખાસ કરી કતાઈમાં મદદ કરે છે. જયારે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં જોઈએ તો સાબુ કાપી આપવામાં કે હાથકાગળવાળા માટે કાગળ સૂકવવામાં, કાગળ સાફ કરવામાં અને પાપડ ઉદ્યોગમાં પાપડ વણવામાં ઘરના બીજા સભ્યો મદદરૂપ થાય છે. કેટલાંક કુટુંબોમાં બે ત્રણ અંબર ચરખા છે તે આપણે આગળ જોયું છે તે રીતે કુટુંબના બેથી ત્રણ સભ્યો પણ કતાઈકામ કરે છે.

(૭) તાલીમ વ્યવસ્થા : ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિની સાથે તેની તાલીમ એ એક અગત્યનો ભાગ છે અને તે રીતે જોતાં આપણા અભ્યાસનાં કુલ ૨૧૬ લાભાર્થીઓમાંથી માત્ર ૭૮ લાભાર્થીઓએ જ તાલીમ લીધેલ જોવા મળી છે. બાકીના તાલીમ વગર એક બીજાનું કામ જોઈ શીખી ગયેલ છે. જેઓએ આવી તાલીમ લીધેલ છે તેઓ માટે કોઈ ચોક્કસ ધોરણ નથી. વિસ્તારવાર ગમે તેટલું સ્ટાઈપેન્ડ અને ગમે તેટલો તેનો સમય જોવા મળે છે. ઉપરાંત જે તાલીમ લીધેલ છે તેઓ પાસે તેનું કોઈ સર્ટીફીકેટ નથી.

(૮) યાંત્રિક રીપેરીંગ : યાંત્રિક રીપેરીંગના બદલામાં કોઈને કશુ અપાતું નથી. જે કંઈ રીક રીપેરીંગ કરવાનું હોય તે જે તે સંસ્થાના સુપરવાઈઝર અથવા ટેકનીશ્યન અથવા જે તે નવા નાખવાના હોય તેની કિંમત દરેક પોતે ભોગવવાની હોય છે. ટૂંકમા નવા સ્પેરપાર્ટ વ્યકિત પોતે સુધારી નાખે છે. પણ આમાં સ્પેરપાર્ટ પોતાના પૈસે ખરીદવાના હોવાથી ઘણી

વખત સાધન બંધ હાલતમાં રહે છે. કારણ આદિવાસી પાસે ખરીદવા પૈસા જ હોતા નથી.

(૯) ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિથી થતા ફાયદા-ગેરફાયદા : ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ કરવાથી કટલાક ફાયદા અને ગેરફાયદા થતા હોય તો તે જોવાનો પ્રયત્ન અહીં કર્યો છે. તેમાં કટલાક જડ કરતાં વધારે જવાબ પણ આપ્યા છે. મુખ્યત્વે આ વ્યવસાય કરવાથી (૧) ઘરખર્ચ નીકળે છે તે ફાયદો છે. (૨) બીજી મજૂરી મળતી નથી અને ઘરબેઠાં કાયમી મજૂરી મળી રહે છે (૩) બહાર તાપમાં કામ/મજૂરી કરવા જવું પડતું નથી (૪) મજૂરી કરી ખાઇએ છીએ / ભૂખે ન મરાય તે ફાયદો છે. (૫) ખાદી મળે, પૈસા મળે અથવા દુકાનમાંથી વસ્તુ ઉધાર લેવી હોય તો આ કામના હિસાબે ઉધાર મળે છે તથા ઉપાડ મળે છે. વગેરે જુદા જુદા ફાયદાઓ જોવા મળ્યા છે. જે લાભાર્થીઓનું કહેવું છે કે આ લોખંડ જેવી રૂની થાકી જવાય છે. તેનાથી શરીર દુબળુ થવાની શકયતા છે અને કમરનું દર્દ થઇ જાય છે તે ગેરફાયદો છે.

૧૦. લાભાર્થીઓને કાચા માલમાં પડતી મુશ્કેલીઓ : નમૂનાના કુલ લાભાર્થીઓમાંથી ૨૯ લાભાર્થીઓનું કહેવું છે કે ખાસ કરીને ચોમાસામાં જે પૂણી મળે છે તે ખરાબ આવે છે. તેમાં કેટલીકવાર વધારે વળવાળી, જાડા પાતળી, ડૂચાવાળી અને ગુંચરા વળી ગયેલી હોય છે. તેથી કતાઇ કામ કરતી વખતે મુશ્કેલી પડે છે અને કામમાં રૂકાવટ આવી જાય છે. તદુપરાંત આ પૂણી વજનથી લાવવાની અને વજનથી પાછી આપવાની હોય છે. તેથી ખરાબ પૂણી નીકળી જવાથી ઘટ પડે છે, અને જે ઘટ પડે તેના પૈસા જે તે સંસ્થા કાપી લે છે. મોટા ભાગના લાભાર્થીઓ અભણ હોઇ કેટલી ઘટ કાપે છે તે પણ તેઓને ખબર હોતી નથી. બીજી જડ મુશ્કેલી એ છે કે આને લગતા સ્પેરપાર્ટ અને જરૂરી કાચો માલ વગેરે અમુક સમયે . જે તે સ્થળેથી મળતો નથી ત્યારે દૂરના મુખ્ય મથકે અથવા સંસ્થામાં ચાલતા લેવા જવું પડે છે અને તે રીતે આખો દિવસ બગડે છે.

(૧૧) ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કેટલાંક સૂચનો : લાભાર્થીઓ દ્વારા જાણવા મળ્યાં છે તે આ પ્રમાણે છે : આદિવાસી વિસ્તારમાં અંબરચરખા વધારવા જોઇએ, નવા કતીનોને તાલીમ આપવી જોઇએ. રૂ સારુ જોઇએ અને પૂણી પણ સારી મળવી જોઇએ. વણાટ વ્યવસ્થા માટે આદિવાસી લાભાર્થીઓને તૈયાર કરવા જોઇએ વગેરે. આ ઉપરાંત જે કામ થાય છે તેની દેખરેખનો અભાવ છે. માટે શિક્ષકની દેખરેખ બરાબર રહે તો કામ નિયમિત ચાલે અને વધારે કામ થાય. આ લાભાર્થીઓ આખો માસ કામ કરે છે અને જરૂર પડે એડવાન્સ રકમ મળતી નથી. બીજે ઠેકાણે તેઓને કોઇ પૈસા ધીરતુ નથી. તો તેવા સમયે એડવાન્સ રકમ આપવી જોઇએ.

(૧૨) ક્ષેત્રકાર્યમાંથી જાણવા મળેલ છે અથવા નિરીક્ષણના આધારે કહી શકાય કે ભિલોડા તાલુકાનાં કેટલાંક ગામોમાં આદિવાસી કુટુંબોને . એક અંબર ચરખો મળેલ છે. તેઓ માને છે કે ચરખો એટલે ભગવાન મળ્યા છે. અને દરેક ઘરમાં બે અંબર ચરખા હોય તો સારું. જેઓ પાસે અંબરચરખો નથી તેઓની અંબરચરખાની ઇચ્છા છે. તેમજ ઘણા પ્રયત્નો કરી ચૂક્યા છે પણ મળી શક્યા નથી. કેટલાંક મોટાં કુટુંબોની ચાર ચાર અંબરચરખાની માંગણી છે.

ગલી સેમ્બરો ગામ (ભિલોડા)માં પાંચ ચરખા એવા જોવા મળ્યા કે માટીની બનાવેલી સવા ફૂટ ઉંચી બેઠક કે જે ઘમ આકાર હોય તેના પર અંબરચરખો ગોઠવેલો હોય અને બીજી એક તેના જેવી જ બેઠક બનાવેલી હોય જેના પર જે તે કાંતનાર વ્યક્તિ બેસી શકે, આમ પગ લટકતા રહે અને પગ દુઃખી જાય નહીં તેમજ કાંતવામાં સરળતા રહે છે તેવું તેઓનું માનવુ છે.

પોશીના (ખેડબ્રહ્મા) વિસ્તારમાં લગભગ ૧૩ ગામોમાં મળી ૪૦૦ અંબરચરખા અને ૧૭ સાળ (વણાટ) ચાલે છે. વણાટકામ આદિવાસી લોકો સરસ કરે છે તે જોઇ શકાય છે. જુના માણસો ૧૫/૧૭ વર્ષથી વણાટકામ કરે છે. થોડાઘણાએ વણાટની તાલીમ લીધી છે.

અંબર કે પૂણીકામ કરવામાં ૮ કલાક મહેનત કરે તો ૯ રૂપિયાનું કામ થાય. જ્યારે અન્ય મજૂરીમાં ૧૦ રૂપિયાનું કામ મળે છે. બીજું તેઓ ખેતમજૂરીમાં થોડો સમય આરામ (બીડી પીવા) કરે તો પણ તેઓને ૧૦ રૂપિયા મળવાના જ છે. ત્યાં તેને અમુક /ચોક્કસ કામ કરવાની શરત હોતી નથી. જ્યારે અંબર કામમાં જો આરામ કરે તો પૈસા મળવવામાં

આપોઆપ કાપ મૂકાઇ જાય છે. ટૂંકમાં અંબર કરતાં ઓછી મજૂરી મળે તો પણ તેઓ અન્ય મજૂરીએ ચાલ્યા જાય છે. ચરખા ચલાવવા ટેવાયેલા નથી તેમને ફરતું કામ વધારે ફાવે (ગમે) જયારે બેઠાડુ કામ ગમતું નથી.

(૧૩) પંચમહાલ જિલ્લા વિ. સંઘ, ઝાલોદની સંસ્થા આદિવાસી તાલુકાઓમાં ખાદીકામ કરી રહી છે. સંતરામપુર, દાહોદ અને દેવગઢબારિયા તાલુકાઓમાં અંબરચરખા ચાલે છે. પણ આ તમામ બિનઆદિવાસી લાભાર્થીઓ જ ચલાવે છે. લીમખેડા તાલુકામાં આ પ્રવૃત્તિ બંધ થઇ ગઇ છે. જયારે ઝાલોદમાં કુલ ૭૧૯ અંબરચરખા ચાલુ છે. તેમાંથી માત્ર ૬૩ આદિવાસી લાભાર્થીઓ આ કામ કરે છે. ખાસ કરી ઝાલોદની આસપાસનાં નજીકનાં ગામોના આદિવાસી લાભાર્થીઓ જોડાયા છે. આ સંસ્થાના મંત્રીશ્રીનું કહેવું છે કે આદિવાસીના ઘર ખાવાનું હશે ત્યાં સુધી તેઓ કોઇ મજૂરી કરશે નહીં પણ જયારે તે ભૂખે મરશે ત્યારે તે દસ રૂપિયાની મજૂરી માત્ર બે કે ત્રણ રૂપિયામાં જ કરી નાખશે. આમ આ લોકોનામાં આદત પડી ગઇ છે. માનવી પહેલાં અમુક ટેવ પાડે છે, ટેવ આદત બને છે. આદત ધીરે ધીરે તેના જીવનનું આગવું લક્ષણ બને છે, અને પરિણામે એ આદત જ એને ઘેરી વળે છે.

આદિવાસી સમાજમાં ખેતી અને વનને ઘનિષ્ઠ સંબંધ છે. (ખેતી અને વન વારસાગત થઇ ગયેલ છે.) તેઓ ૨૫ માઇલ ચાલવાનું હોય તો ચાલી નાખે પણ બેસીને કામ ન કરી શકે. અથવા બેસવાનું ગમતું નથી. હાથ અને આંખ બંનેનો જે સમન્વય છે, અથવા સૂર છે, ટેવ છે તે આ લોકોમાં નથી. માટે આ પ્રકારની મનોવૃત્તિ કેળવવા ઘણો સમય લાગશે. આ માટે દસ વર્ષની યોજના બનાવી તેને સતત ચાલુ રાખવી. આ માટે પ્રથમ સબસીડીનું પ્રમાણ વધારે રાખવું પછી જેમ જેમ વર્ષ થાય તેમ તેમ સબસીડીનું પ્રમાણ (દર વર્ષે) ઘટાડવું જોઇએ. પંચમહાલ જિલ્લાના મોટા ભાગનાં આદિવાસી કુટુંબો બીજા જિલ્લાઓમાં સ્થળાંતર કરી જાય છે તે એક કારણ છે.

(૧૪) જેવી રીતે જંગલ મંડળીના કામોની મજૂરી નક્કી કરવા માટે ડી.એફ.ઓ., ફોરેસ્ટ કોન્ઝરવેટર, જંગલ સ. સંઘ, જે તે વિસ્તારના સામાજિક કાર્યકર અને જંગલ મંડળીના પ્રતિનિધિઓ મળી મજૂરી નક્કી કરે છે. તેવી જ રીતે દર વર્ષે વિસ્તારવાર ખાદી ગ્રામોદ્યોગમાંથી મળતી મજૂરીના ધોરણ નક્કી કરવા અથવા બદલવા માટે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ખાદી કાર્યકર, જે તે સંસ્થાના પ્રમુખશ્રી/મંત્રીશ્રી અને તે જ વિસ્તારના સરકારી અધિકારીશ્રી મળીને ચોક્કસ મજૂરી નક્કી કરવી જોઇએ. અત્યારે ખેતીમાં ખેતમજૂરીનો દર જેમ નક્કી થયેલ છે તેમ આમાં પણ ઓછામાં ઓછું વેતન નક્કી થવું જોઇએ.

(૫) મોટા ભાગની સંસ્થાઓને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી જે તે યોજના શરૂ કરવા માટે પૈસા આપી દે છે. આ યોજનાઓ પૈસા મળે એક વર્ષમાં શરૂ કરવાની રહે છે. છતાં ઘણા ખરા આમ શરૂ કરતા નથી અને છ માસ માટે ગમે તે કારણસર મુદત માગી લે છે અને મળે છે. ઉપરાંત ખાદી કમિશન મારફત પણ વધુ છ માસ મુદત મળે છે. આમ પૈસા મળ્યે બે વર્ષ ચાલ્યાં જાય છે. વાસ્તવમાં આ પૈસા ગમે ત્યાં વપરાઇ ગયેલ હોય છે. પણ આવી સંસ્થા ગમે ત્યાંથી ઉછીના પૈસા લાવી ફંડ યુટિલાઇઝેશન સર્ટિફિકેટ બતાવી ચલાવે છે જાય છે. આ માટે વિસ્તારવાર અથવા જિલ્લાવાર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના જે અધિકારીને નિમેલા છે તે અને જે તે સંસ્થાના સંચાલક સાથે બંનેના સંયુક્ત ખાતા દ્વારા પૈસા ઉપાડી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ. બોર્ડના અધિકારી જે તે સંસ્થા પ્રવૃત્તિવાર પૈસા બરાબર વાપરે છે કે કેમ તે જોઇને પૈસા ઉપાડવા માટે ચેક આપે અને પોતાની જવાબદારી છે તેમ સમજે.

(૧૬) અમુક જૂની પુરાણી સંસ્થાઓને જે તે યોજનાઓ માટે પૈસા ફાળવેલ હોય છે. પણ તે પૈસા મકાન બાંધવામાં અથવા બીજી પ્રવૃત્તિઓમાં વપરાઇ ગયા હોવાથી મૂળ યોજના બરાબર ચાલતી નથી. અથવા ખોટમાં જાય છે. આવી મોટી ખોટ ધરાવતી સંસ્થાઓને બીજી નવી યોજનાઓની માગણી પ્રમાણે જરૂર પૈસા મળે છે. પણ તે પૈસામાંથી સહાય/લોન મળવાપાત્ર

હોય છે તે આગળની પ્રવૃત્તિની ખોટમાં બોર્ડ જમા લે છે. આમ નવી પ્રવૃત્તિના પૈસા ન મળવાથી નવી પ્રવૃત્તિ પણ ચાલતી નથી. પરિણામે ગ્રામોદ્યોગો કે ખાદી પ્રવૃત્તિઓને સીધી અસર થાય છે. આ માટે ખાદી બોર્ડે નવી યોજના માટેનાં નાણાં નક્ત આપવાં જોઇએ. તેમાં કોઇપણ પ્રકારની કાપકૂપ કર્યા વગર ચૂકવી દેવી જોઇએ. સાથે સાથે તેની સતત દેખરેખ રહે તે ધ્યાનમાં લેવું અને જૂની જે ખોટ હોય તેના હપ્તા લઇથી વસૂલ્લ જોઇએ. તો જ કદાચ આનો રસ્તો નીકળી શકશે.

(૧૭) લગભગ દરેક સંસ્થાઓએ કાચો માલ એટલે કે રૂ ખાદી કમિશન પાસેથી લોન પર લેવાનું હોય છે. જ્યારે અન્ય ગ્રામોદ્યોગો માટેનો કાચો માલ બજારના વેપારીઓ પાસેથી અથવા મોટા શહેરોમાંથી ખરીદવાનો હોય છે. આમાં કેટલીક મુશ્કેલીઓ પડે છે. જે આ પ્રમાણે છે : અને તેને કઇ રીતે નિવારી શકાય તે બતાવવા પ્રયત્ન કર્યો છે.

(૧) રૂનો ભાવ બજાર કરતાં ઊંચો પડે છે. જો રૂ માટે વર્કીંગ ફંડ સંસ્થાને અલગ મળે તો બજારમાંથી ઓછા ભાવે રૂ ખરીદી શકાય. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ નવું વર્કીંગ ફંડ આપે. એના વ્યવહારમાંથી જૂના દેવા પેટે તથા નવા દેવા પેટે હપ્તે હપ્તે પૈસા વસુલ કરે.

(૨) ભાવોથી વધઘટ, તોલમાં છેતરપીંડી અને નાણાં સમયસર ન મળવાથી વ્યાજની ચૂકવણી કરવી પડે છે. આ માટે ખાદી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા કાચો માલ પૂરો પાડવાથી કદાચ સમસ્યા દૂર થઇ શકે તેમ છે.

(૩) કેટલીકવાર આગળ જણાવ્યું છે તેમ રૂ ખરાબ આવી જવાથી પૂણી સારી નીકળતી નથી. તેના કારણે કતાઇકામ કરતા લાભાર્થીઓ આ કામ છોડી દે છે. અથવા નારાજ થાય છે અથવા પ્રમાણમાં વેતન ઓછું મળવા જવાબદાર છે.

(૧૮) તૈયાર થયેલ માલનું વેચાણ જ તે સંસ્થા મારફત પોતાના ભંડાર વગેરે દ્વારા કરતા હોય છે. કેટલીક ગ્રામોદ્યોગ વસ્તુઓની હરિફાઇ વેપારીઓ કરે છે. તેઓના ભાવ નીચા હોય વસ્તુઓ પણ વેચતા હોય છે. આથી ગ્રામોદ્યોગની છે. ઘણા ભંડારો ખાદી ગ્રામોદ્યોગ સિવાયની વસ્તુઓના વેચાણ પર અસર પડે છે. ખાદી સંસ્થાઓ પણ સરકારશ્રીના ટેન્ડરમા હરિફાઇ કરતી હોય છે. આવા વખતે નાની કે સ્થાનિક સંસ્થાને મુશ્કેલી પડે છે. ટૂંકમાં આ બધી મુશ્કેલીઓને દૂર કરવા (૧) કાચો માલ વ્યાજબી ભાવે મળે તેવું કરવું. જોઇએ. તેમજ ઉત્પાદન વેચાણના ક્ષેત્ર નક્કી કરી આપવાં જોઇએ. (૨) ખાદી ગ્રામોદ્યોગ ભંડારોએ ખાદી ગ્રામોદ્યોગ માન્ય વસ્તુ સિવાય કોઇ જ અન્ય વસ્તુ વેચી ન શકે. જો અન્ય વસ્તુ વેચે તો તેને લોન/સબસીડી વગેરે તરત જ બંધ કરી દેવું જોઇએ. (૩) સરકારી કચેરીઓએ ટેન્ડર વગર માલ ખરીદવો જોઇએ. અથવા ફકત ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ કરતી સંસ્થાને ટેન્ડર આપવા જોઇએ. વગેરે સૂચનો કેટલીક સંસ્થાઓએ કર્યાં છે.

(૧૯) ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ માટે કુશળ માણસો મેળવવા મુશ્કેલ છે. ઓછી કુશળતાએ ચલાવવું પડે છે. તાલીમની જરૂર છે. જો કે કેટલાક લાભાર્થીઓ તાલીમ તો લે છે જ. પણ તાલીમ વ્યવહારૂ અથવા પ્રેક્ટીકલ આપવી અને શકય હોય તો જિલ્લાવાર અને પૂરતી સંખ્યા થાય તો જ તે સ્થળ વર્ગ ગોઠવવા જોઇએ. આદિવાસી વિસ્તારમાં વણાટ વ્યવસ્થા માટે ખાસ તાલીમ આપવી. તાલીમમાં શિષ્યવૃત્તિ પૂરતી મળવી જોઇએ. અત્યારે ભોજન ખર્ચ કે રોજ જેટલી પણ રકમ મળતી નથી.

(૨૦) લગભગ બધી જ સંસ્થાઓ નવી ટેકનોલોજીની જરૂરિયાત દર્શાવે છે. તેમાં દરેકનાં મંતવ્યો જુદાં જુદાં હોઇ શકે. (૧) પૂણીને બદલે રૂની ટેપ પરથી સીધી કતાઇ થઇ શકે તેવી ટેકનીક વિકસાવાઇ છે, તેને સુધારીને અમલમાં લાવવી જોઇએ. (૨) વસ્ત્ર ઉદ્યોગમાં પૂણી પ્લાન્ટ અગત્યનું અંગ છે. તે બહુ જ મોટું યંત્ર થઇ ગયેલ છે. આ મીલ પ્લાન્ટ વિભાગને નાના નાના યંત્રોમાં વિભાજીત કરવા વિચારવું જોઇએ. જેથી પૂણીમાં સ્વાવલંબી બની શકાય.

ટૂંકમાં નાનાં નાનાં સાધનો ગામડે ગામડે ચાલે તેવા હોવાં જોઇએ. (૩) અંબરમાં કોન પૂણી ચાલુ કર જોઇએ. જેથી સુતરની સમાનતા વધે, ટ્રાન્સપોર્ટ ખર્ચ ઓછો આવે, વણાટમાં સરળતા રહે, કાંતણ વણાટ બંનેમાં રોજગારી વધે (૪) સાધનોને વધુને વધુ કાર્યક્ષમ બનાવતા રહેવી જોઇએ.

(૨૧) જુદી જુદી બધી જ સંસ્થાઓની મળતી માહિતીના આધારે આદિવાસી વિસ્તારમાં ભવિષ્યમાં કયા કયા ગૃહોદ્યોગો શરૂ કરી શકાય તેમ છે તે જોઇએ તો મોટા ભાગના બધા જ વિસ્તારમાં પડિયા પતરાળા ઉદ્યોગ, લાકડા કે વાંસમાંથી : રમકડાં બનાવી શકાય. ત્યારબાદ ફળ પરિક્ષણ, મધમાખી ઉછેર, માટીકામ, ચૂનાકામ, પથ્થરનું કામ, એલ્યુમિનિયમ તથા સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો બનાવવાં વગેરે. ખાદી કામમાં વણાટ, ધોલાઇ, રંગાઇ વગેરે. સાબરકાંઠા જિલ્લામાં હળદર, સૂંઠ વગેરેના ડ્રાય પ્લાન્ટ નાખી શકાય. દક્ષિણ ગુજરાતમાં હિરા ઉદ્યોગ, પાપડ, વડી, ખાખરા ઉદ્યોગ, અથાણા તેમજ દરિયા કિનારે અથવા નદીઓના બંધની નજીકનાં ગામોમાં મત્સ્ય ઉદ્યોગ ચાલી શકે તેમ છે. કેટલાક વિસ્તારમાં ગ્રેનાઇટ (પથ્થર, મણકા) બનાવી શકાય. વન વિસ્તારમાંથી ઘણી વનૌષધિઓ ભેગી કરી શકાય અને તે દવાઓમાં વાપરી શકાય. દા.ત. મોવડામાંથી શુદ્ધ આલ્કોહોલ મળી શકે છે અને તે ઘણી જ દવાઓમાં વપરાય છે. તો આવા પ્લાન્ટ નાંખવા જોઇએ. લગભગ તમામ આદિવાસી વિસ્તારમાં મકાઇનો પાક થાય છે તો મકાઇમાંથી સ્ટાર્ચ બનાવવામાં આવે અને તેના વેસ્ટમાંથી પોલ્ટ્રી દાણ (આહાર) બનાવી શકાય તેમ છે. તાડના ઝાડમાંથી તાડગોળ બનાવાય છે, પણ તેમાંથી ચોકલેટ, કોફી, પીપરમિન્ટ પણ બનાવી શકાય.

(૨૨) કેટલાક ગ્રામોદ્યોગો બંધ થવાનાં ટેકનીકલ કારણો છે. ગ્રામોદ્યોગની વસ્તુઓની હરિફાઇમાં અન્ય વસ્તુઓ લોકોને બજારમાં સારી લાગે છે. દા.ત. મશીનથી તૈયાર થયેલ ચોખા સફેદ અને પોલીસવાળા હોય છે. જયારે હાથછડ ચોખા ઝાંખા અને તળિયાવાળા હોય છે. તેથી લોકો મશીનથી તૈયાર થયેલ ચોખા જલદી પસંદ કરે છે. તેલઘાણીના તેલમાં નીચે રગડો આવે છે જયારે બજારમાં મળતા તેલમાં આવો રગડો નીકળતો નથી. તેથી લોકો બજારના તેલને જ વધુ પસંદ કરે છે. તલતેલના - એક ડબામાં એક કી.ગ્રા. રગડો નીકળે છે. જો તેને પણ

કલર ફીલ્ટર કરવામાં આવે અને એક કી.ગ્રા.ના પેકીંગમાં પ્લાસ્ટીકની કોથળીઓમાં વેચવામાં આવે તો કદાચ વધુ વેચાણ થવાની શકયતા છે. મસાલા યુનિટ ખાકર મારફતે જે બધા મસાલા તૈયાર થાય છે તેના જેવા જ અથવા તેના કરતાં દેખાવમાં સારા મસાલા બજારમાં અન્ય લોકો મૂકે છે અને તે મસાલામાં ગમે તે ભેળસેર કરી બનાવાતા હોવાથી તેની કિંમત ગ્રામોદ્યોગ તૈયાર કરેલા મસાલા કરતાં ઓછી રાખવાથી પણ વધારે નફો મળતો હોય છે. ટૂંકમાં મસાલા યુનિટ-થી તૈયાર થતા મસાલાને બજારમાં ટકી રહેવાનું નથી. માટે તેની સીધી અસર આ ઉદ્યોગ પર પડે છે.

(૨૩) સાબુ : પહેલાં દરેક તેલીબીયાં અથવા વન્ય પેદાશ ખાનગી વહેપારીને રોયલ્ટી ભરી ખરીદવાની છૂટ હતી. અત્યારે વન વિકાસ નિગમે તે બંધ કરીને લાયસન્સવાળાને ખરીદવાની છૂટ આપી છે. જો કે લોકોને તેના ભાવ જરૂર વધારે મળતા હશે. પણ ગ્રામોદ્યોગ માટે તે વસ્તુ મહોંગી થઇ ગઇ છે. આવા સાબુમાં વપરાતા અખાદ્ય તેલ વગેરે અન્ય વસ્તુઓ મોટાં શહેરોમાંથી વેચાતા મંગાવવાં પડે છે. અને તેની ઉંચી કિંમત ચૂકવવી પડે છે. તદુપરાંત તેની હરિફાઇમાં બીજા સસ્સ સાબુ કે જે ચરબીમાંથી બને છે અને સસ્તા પડે છે. બીજું એક કારણ એ છે કે ગ્રામોદ્યોગ સાબુમાં જે સીલીકેટ વપરાય છે તેનું પ્રમાણ વધારે પડતું છે. આમ વધારે સીલીકેટ નાખવાથી તેની પ્રોડકશન કિંમત નીચી જરૂર જશે. પણ સાબુની ગુણવતા ઓછી થાય છે. અને અન્ય સાબુ સામે ગ્રામોદ્યોગ સાબુ હરિફાઇ કરી શકતા નથી. ટૂંકમાં તેનું બજાર ઓછું થયુ છે.

(૨૪) પડિયા-પતરાળા : અમુક જંગલ વિસ્તારનાં ગામોમાં ખાખરાનાં વૃક્ષો ઘણા છે. ખાખરાના પાનને માર્ચ, એપ્રિલ અને મે માસમાં તોડી લેવાથી બીજા વર્ષે પણ સરસ પાન આવે છે. જો તેને ન તોડવામાં આવે તો બીજા વર્ષે પાન નબળું અથવા નાનું આવે છે. આમ ખાખરાના પાનમાંથી પડિયા પતરાળાં સરસ બનાવી શકાય તેમ છે. શકય હોય તે ગામમાંથી ૧૦ લાભાર્થીઓ આવરી શકાય અને જે તે વિસ્તારમાં પ્રથમ પાંચ ગામમા પ્રયોગ કરવો. તેમાં પ્રેસર મશીનથી પડિયા બનાવવાની તાલીમ આપવી અને આ મશીનથી અન્ય પાન પણ ચાલી શકે છે. કારણ કે તે કપાઇ જાય છે. આના કારીગરોને કમિશન બેઇઝ પર અથવા નંગદીઠ (પડિયા અને પતરાળાના

બન્ને મળી એક જણ ગણી શકાય) મજૂરી ચૂકવીને આ ગૃહોદ્યોગ થઇ શકે તેમ છે. કેટલાક વિસ્તારમાં આદિવાસી લોકો બીનઆદિવાસીને ત્યાં આવા પાન વેચવા આવે છે અને તે રીતે બીનઆદિવાસી લોકો પડિયા-પતરાળા બનાવે છે. ખજૂરી/તાડમાંથી ચટાઇ, સાદડી, બાસ્કેટ, દોરડાં, સાવરણી વગેરે બનાવી થોડો મોટો ગૃહોદ્યોગ થઇ શકે તેમ છે. અત્યાર મધ્યપ્રદેશના કારીગરો આપણે ત્યાં બનાવે જ છે.

(૨૫) પાપડ ઉદ્યોગ : વાલોડ તાલુકાના કેટલાંક ગામોની આદિવાસી બહેનો સિજ્જત અને ટેસ્ટી પાપડ બનાવવાનું કામ ખૂબ જ સરસ કરે છે. દરરોજનું પંદર રૂપિયા કરતાં વધારે કામ દરેક બહેનો કરે છે. આ સિવાય ખાખરા અને વડી પણ બનાવે છે. વિગતે આગળ ઉપર જોઇ ગયા છીએ પણ અહીં બીજી કેટલીક વસ્તુઓ બહેનો બનાવી શકે તેમ છે અને કાચા માલ તરીકે ઉપલબ્ધ પણ છે. દક્ષિણ ગુજરાત કેરી માટે પ્રખ્યાત છે. વળી ગુજરાતનો આખો આદિવાસી વિસ્તાર વન વિસ્તાર હોવાથી આમળાં, કેરડાં, વાંસ, નાગલી, ફળફળાદિ વગેરે પણ મળી શકે તેમ છે. કેરીપ્રવાસ, લીંબુ, કેરડાં, ગરમર, મરચાં, ચણા વગેરેનાં અથાણાં બનાવી શકાય. આમળાનો મુરબ્બો બનાવી શકાય તેમજ તેમાંથી મુખવાસ પણ થાય. નાગલીના પાપડ,સેવ વગેરે થઇ શકે. કેરી, ચીકુ, કેળાં, બોર વગેરે જેવા અન્ય ફળફળાદિમાંથી જામ, સૂપ, જેલી વગેરે બનાવી શકાય. ટામેટાં સોસ બનાવી શકાય. ટામેટાં, કોબીજ, કેળાં, બટેટા વગેરમાંથી વેફર (કટલેસ) બનાવી શકાય. શાકભાજીની સૂકવણી વગેરે ગૃહોદ્યોગો તરીકે થઇ શકે તેમ છે.

(૨૬) માટીકામ : રેલવે, રસ્તા, મકાન વગરે બાંધકામમાં આદિવાસી મજૂરો ખૂબ ... કરે છે. તેવી રીતે ઈંટો પાડવાનું કુશળ કામ પણ આદિવાસી મજૂરો સરસ કામ કરે છે. સંતરામપુર તાલુકાના લગભગ ૧૪ ગામોમાંની મોટી સંખ્યા ઈંટો પાડવા માટે અન્ય જિલ્લાઓમાં સ્થાળ સ્થળાંતર કરી જાય છે. જો કે દક્ષિણ ગુજરાતમા ઈંટ ઉદ્યોગ ખૂબ જ લોકો કરતા જોવા મળ્યા છે. આ ઉદ્યોગ માત્ર ખાદી ગ્રામોદ્યોગની સંસ્થા કે મંડળીઓ એકલી જ કરતી નથી પણ વ્યાપાર ધંધો કરનારા અન્ય લોકો ખૂબ જ કરે છે. તેઓ પોતાના પૈસા રોકી આદિવાસી

કે અન્ય મજૂરો મારફત ઈંટો તૈયાર કરાવે છે. તેની ગુણવત્તા સારી હોય વગેરે ધ્યાન રાખી જાણે છે. તેમજ આજકાલ તેનું બજાર એટલું બધું વધી ગયું છે કે તૈયાર માલ પડી રહેવાની કોઈ શકયતા જ નથી. વસ્તી વધતી જાય છે. વિભકત કુટુંબો વધતાં જાય છે. સરકારી તંત્ર અને મકાનો પણ વધતાં જાય છે. તેમજ વિકાસ યોજનાઓ વધી રહી છે. આમ મકાન, બંધ, નાળાં, રસ્તા વગેરેની આવશ્યકતાઓને પહોંચી વળવા ઈંટ ઉદ્યોગને પણ વિકસાવવો જરૂરી છે. ખાસ કરી આદિવાસી મજૂરો મારફત આ ઉદ્યોગ ઉભો થાય તેવું ગોઠવવું જોઈએ. શકય હોય તો વ્યકિતગત ધોરણે લોન-સહાય આપવી જરૂરી છે.

(૨૭) નીરા તાડગોળ : નીરા માટે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ભલામણથી એકસાઈઝ ડિપાર્ટમેન્ટ દ્વારા જે તે વ્યકિતને લાયસન્સ અપાય છે. તેમાં કેટલીક વ્યકિત સનિષ્ઠ હોતી નથી અને ગમે તેવી વ્યકિત લાયસન્સ મળી જવાથી કેટલીકવાર વધારે નફો કરવાની વૃત્તિથી નીરાને બદલે તાડી વેચે છે. તદુપરાંત ખજૂરીના કે તાડીના વૃક્ષ પણ અત્યારે ઓછાં થતાં જાય છે. વગેરે મુખ્ય કારણોને લઈને આ પ્રવૃત્તિ બંધ થતી જવા માંડી છે અથવા બંધ થઈ છે.

(૨૮) ચર્મ ઉદ્યોગ : આદિવાસી સમાજ વ્યવસ્થામાં ચામડાનું કામ કરવાનો નિષેધ હોવાને કારણે ચર્મઉદ્યોગ આપવા માટેના ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં તેઓ ચર્મકામ સ્વીકારવા માટે તૈયાર થશે નહીં. કારણ કે આદિવાસી સમાજમાં પરંપરાગત કામધંધા પ્રમાણે ગુજારો કરતી જાતિઓ જેને હલકા પ્રકારનું કામ ગણે છે. તેવું કાર્ય જયાં સુધી પરંપરાગત માળખામાંથી બહાર ન નીકળે ત્યાં સુધી કરી શકે તેમ નથી. આદિવાસીઓમાં પણ જેને અસ્પૃશ્ય ગણે છે તેવી
તેઓ મરેલા ઢોરનું માંસ ખાય છે.
કોલચા નામની આદિવાસી જાતિ જે ઢોળકોળી તરીકે ઓળખાય છે/ તેમજ મરેલા ઢોરને ચીરવાનું કામ પણ કરે છે. આ જાતિને ચર્મઉદ્યોગ તરફ વાળવામાં આવે તો આ પ્રકારનું કામ કરવા આ લોકો કદાચ તૈયાર થાય.

(૨૯) આ અભ્યાસની શરૂઆતમાં જોયું છે તે પ્રમાણે ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓ કરતા લાભાર્થીઓ મોટા ભાગના અભણ છે અને થોડા ઘણા જે ભણેલા છે તે ખૂબ જ ઓછું ભણેલા છે. તેઓને આ વ્યવસાય સિવાય બીજો ધંધો આવડતો હોતો જોઈએ તે ખાસ નથી. આ માટે તેઓને ટેકનિકલ

આપવું જોઇએ. આ વ્યવસાય ન કરતા હોય તેવા એટલે કે આમજનતાને પણ લોકશિક્ષણ આપવું જરૂરી છે. ખાદી ગ્રામોદ્યોગની બનાવેલી વસ્તુઓ એટલે કે માનવીએ બનાવેલી વસ્તુઓ ઉપર પ્રેમ, લાગણી, રસ હોવો જોઇએ. આ વસ્તુઓની કિંમતની . . સરખામણી નહીં કરવી પણ માત્ર રોજગારી મળે છે તે મુખ્ય પાસું ગણાય. તે રીતનું લોકશિક્ષણ આપવું જરૂરી છે. ખાદી ગ્રામોદ્યોગની સંસ્થા/મંડળીઓના સંચાલકો અથવા કાર્યકર્તાઓમાં જે પ્રકારનો ઉત્સાહ અથવા તમન્ના કે રસ હોવો જોઇએ તે કદાચ નથી. તેના ઘણા કારણો હોઇ શકે પણ આ પ્રકારની પ્રવૃત્તિ માટે રસ હોવો જરૂરી છે. તે માટે પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૩૦) ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું છે કે તે પ્રમાણે કેટલીક સંસ્થાઓ અથવા મંડળીઓના કાર્યકર્તાઓની લાગણી અથવા સૂર છે કે અત્યારે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડમાં જે સદસ્ય સચિવશ્રીની નિમણૂક કરવામાં આવે છે તે અમુક સંસ્થાના સંચાલકને નીમવામાં આવે છે. આથી કેટલીકવાર રાજકારણીય પીઠબળવાળી વ્યક્તિને સદસ્ય સચિવશ્રી તરીકે નીમતાં અનેક જાતના પૂર્વગ્રહો તેમજ પક્ષાપક્ષીનું ધોરણ ચાલુ થઇ જતું જોવા મળે છે અને તેના ફળ સ્વરૂપ કેટલીક સંસ્થાઓ માટે દુઃખદ પરિણામો સર્જાય છે. (અથવા અસંતોષ દેખાય છે.) આ માટે જે પહેલાં સરકારશ્રી પોતાના સદસ્ય સચિવશ્રી, આઇ.એ.એસ. કક્ષાના મૂકાતા હતા તે જ રીતે ગોઠવાય તો શુદ્ધ અને પૂર્વગ્રહ વગરનો વહીવટ મળી શકે. તેમજ સંસ્થાઓના વિકાસને વધુ સારો વેગ મળે.

(૩૧) ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા પૂરતી રોજી આપી શકાય છે એ હવે આંકડાઓ દ્વારા સિદ્ધ થયેલું છે. પરંતુ અત્યારના યાંત્રિકરણ યુગમાં ૨૧મી સદીમા જવાના મોહમા આપણે એના માટે કેટલાક રક્ષણાત્મક પગલાં અવશ્ય ભરવાં પડે. ખાદી અને ગ્રામઉદ્યોગની સામે વિકાસને નામે મિલ ઉદ્યોગ અને યાંત્રિકરણને છૂટો દોર આપીને પછી ખાદી ગ્રામોદ્યોગો દ્વારા બેકારી દૂર કરવાની યોજના ઘડીશું તો તે નિષ્ફળ જ જવાની છે. એને માટેનાં ક્ષેત્રો અલગ પાડી, ક્વોલીટીઓ નક્કી કરી, આયોજન કરીશું તો જ તે શક્ય બનશે. છોડનો વિકાસ કરવો હોય તો તેને પાણી, વાડ, ખાતર વગેરે બધાની સગવડ આપવી પડે. તેને પાણી

ન આપીએ અને ફરતે કાંટા લગાડીએ તો છોડ ન વિકસે. ટૂંકમાં યોગ્ય સમયે યોગ્ય જરૂરિયાત પૂરી પાડવી જોઈએ. ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિઓની ઓછી મૂડીથી ઘણી સંખ્યાને રોજગારી આપવાની ક્ષમતા છે. આજે ખાદીનું ઉત્પાદન ખૂબ વધ્યું છે. છતાં તે માત્ર એક ટકા જરૂરિયાત જેટલું જ છે અને મ તેમ છતાં તે લોકોને રોજગારી આપે છે. એટલે જો હજી ઉત્પાદન વધે તો વધુ લોકોને રોજગારી આપી બેકારી દૂર કરી શકાય.

(૩૨) આજે સરકારની નીતિ સ્પષ્ટ નથી. તે ખાદીને, હેન્ડલુમને, પાવરલુમ ઉદ્યોગોને, મીલ ઉદ્યોગને અને પોલીસ્ટર, નાયલોન વગેરે બધાને ઉત્તેજન આપે છે. બધું ઉત્પાદન ભારતના બજારોમાં વેચાય છે. પરિણામે નાના અને નબળાને સહન કરવું પડે છે. જાપાન વિષે એમ કહેવાય છે કે ત્યાં નાના એકમોથી બનતો માલ માત્ર દેશમાં જ વાપરવામાં આવે છે અને મોટી મીલોમાં કે ફેકટરીઓમાં બનતો માલ નિકાસ કરવામાં આવે છે. પરિણામે નાના એકમો ચલાવનારાઓને કામ અને વાજબી દામ પણ મળી રહે છે. આપણે ત્યાં એવું નથી. તેને કારણે નાના ઉદ્યોગો વિકાસ કરી શકતા નથી. 'વિમલ'ની સામે ખાદી શી રીતે ટકે ? શું સરકારના અર્થશાસ્ત્રીઓ આ નથી સમજતા ? 'પંકજ' તેલની સામે ઘાણી તેલ શી રીતે ટકે ? ટૂંકમાં ખાદી ગ્રામોદ્યોગને બટકું સબસીડી અને લોન આપી જીવાડે તેથી શું વળે ? આજે હુંડીયામણ મેળવવાને બહાને યંત્રોના ઉત્પાદનો પર પહોંચી ગયા છે.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા બનતી ચીજવસ્તુઓ દેશમાં વ્યાપકપણે વેચાય તે માટેની જોગવાઈઓ કરવી. આ માટે મીલોમાં કે યંત્રો દ્વારા બનતો માલ આની ખોટી હરિફાઈમાં ન આવે તે માટે બનાના વપરાશના ક્ષેત્રો અલગ રાખવા. યંત્રોનો માલ નિકાસ માટે જ બને તેવી કડડ જોગવાઈ કરવી.

આયોજનનું એકમ ગામડું ગણી, ત્યાંથી જ શરૂઆત કરવી જોઈએ. ગામની વસ્તીની મોજણી કરી ગરીબ લોકોને શક્ય તે ખાદી ગ્રામોદ્યોગના કામો સ્થાનિક કક્ષાએ અપાય તેવી યોજનાઓ વિચારવી જોઈએ.

૧. અંબર ચરખા અને વણાટ ગ્રામકક્ષાએ

૨. લોકરૂપ અને પૂણી બનાવવી તાલુકાકક્ષાએ

૩. ધોલાઇ, રંગાઇ, છપાઇ જિલ્લા કક્ષાએ

આજ રીતે ગ્રામોદ્યોગોનું ગોઠવી શકાય.

(૩૩) આદિવાસી વિસ્તારોમાં બેરોજગારીની સમસ્યા હલ કરવી હશે તો માત્ર ઔપચારિક વિભાગને ધ્યાનમાં લેવાથી ચાલશે નહીં. અનૌપચારિક વિભાગમાં નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગો ઓછી મૂડી રોકાણને આધારે વધુ રોજગારી આપી શકશે કે જે બેરોજગારી દૂર કરવામાં અને ગરીબી નિવારવામાં મહત્વનાં બનશે. આપણા આયોજનની નિષ્ફળતા એ છે કે ગ્રામ સમુદાયોમાં ઉદ્યોગો સ્થપાયા નથી અને એટલે આ સમુદાયના લોકો માટે તો એમાંથી ઉભી થતી રોજગારીની તકો રહી જ નથી.

દુઃખની બાબત એ છે કે આપણા આયોજકોએ અત્યાર સુધીની યોજનાઓમાં નાના અને ગ્રામોદ્યોગોની અવગણના કરી છે. આ માટે માત્ર બે ટકા નાણાં ફાળવવામાં આવ્યા છે અને ઘણી જ મહત્વાકાંક્ષી ગણાતી સાતમી યોજનામાં તો આ માટે આથી પણ ઓછા પોણા બે ટકાની જ ફાળવણી કરાઇ છે. ગ્રામોદ્યોગમાં એક વ્યક્તિને કામ આપવા માટે છ કે આઠ ત્રાકનો અંબર, એકાદ સંકર ગાય, કળા કારીગરી કે પરંપરાગત વ્યવસાય કરવા માટે માંડ બેથી પાંચ હજારની મૂડીનું રોકાણ માગે છે. આને પરિણામે એક કુટુંબ પગભર થઇ શકે છે. રોજગારી મળે છે અને ગરીબી દૂર થાય છે.

ગ્રામોદ્યોગો સૌથી વધુ અનુકૂળ મહિલાઓને બને છે. કુટુંબમાં જ કે નજીકમાં કામ કરવાનું હોવાથી કુટુંબ સંભાળ ઉપરાંત સલામતીની મૂંઝવણ ઉપસ્થિત થતી નથી. તેઓનું સ્ત્રી તરીકેનું ગૌરવ જળવાય છે. અને સ્ત્રી તરીકે અપમાન કે શોષણથી તેઓ બચે છે. તથા સ્ત્રીઓને ઓછું વેતન આપવાનો પ્રયાસો અહીં અર્થહિન બને છે.

આપણા ગ્રામોદ્યોગની પેદાશની ચીજો વિદેશીઓને ખૂબ ગમે છે. કારણ કે તેમના સમાજમાં માનવસર્જિત ચીજો ભાગ્યે જ મળે છે. આ માટે નિકાસ ( Export )ની તક ઘણી છે. વિશ્વના દેશોમાં ભરાતા વ્યાપાર મેળાઓમા સૌથી વધુ ખરીદી આવી ચીજોની થાય છે. આમ વિદેશના બજાર પણ ઉત્પાદનમાં સહાયભૂત બની શકે છે. આપણે ત્યાં પણ ઉપલા મધ્યમવર્ગ અને શ્રીમંતોના વર્ગને ગ્રામોદ્યોગની પેદાશનું પોતાને ત્યાં પ્રદર્શન કરવાનું ખૂબ ગમે છે. માટે આવી ચીજોના ઉત્પાદન અને બજાર માટે ઘણી તક છે.

...

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની શકયતાઓ – એક અભ્યાસ

### કુટુંબ પત્રક

ગામ :

તાલુકો :

જિલ્લો :

ક્રમ

તારીખ :

માહિતી મેળવનાર :

---

(૧) પ્રાથમિક માહિતી :

૧. લાભાર્થીનું નામ :

૨. જ્ઞાતિ / પેટા જ્ઞાતિ :

૩. ઉંમર :

૪. શિક્ષણ :

૫. વ્યવસાય : મુખ્ય :

ગૌણ :

ગ્રામોદ્યોગ :

૬. કુટુંબની સંખ્યા : પુરુષ : સ્ત્રી :

કમાનારની સંખ્યા : પુરુષ : સ્ત્રી :

નહીં કમાનારની સંખ્યા : પુરુષ : સ્ત્રી :

૧૪ વર્ષથી નીચેના કમાનાર : પુરુષ : સ્ત્રી

ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ કરનારની સંખ્યા :

પુરુષ : સ્ત્રી :

૭. મકાનનો પ્રકાર : કાચું / પાકું કિંમત :

ઓરડાની સંખ્યા :

દીવાલનો પ્રકાર :

છાપરાનો પ્રકાર :

પશુ માટેની છાપરી : અલગ / સાથે જ છે.

(૨) સ્થાવર મિલકત :

| | સંખ્યા | કિંમત |
|---|---|---|
| ૧. જમીન (એ. ગુંઠા) | | |
| ૨. ગાડું | | |
| ૩. કૂવો | | |
| ૪. વૃક્ષો | | |
| ૫. પશુધન : બળદ | | |
| ગાય | | |
| ભેંસ | | |
| પાડા | | |
| બકરાં | | |
| વાછરડાં | | |
| મરઘાં | | |
| અન્ય | | |

(૩) જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી વાર્ષિક આવક

| વિગત | કુલ આવક | કુલ ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|
| ૧. ખેતી | | | |
| ૨. પશુપાલન | | | |
| ૩. જંગલ મજૂરી | | | |
| ૪. ખેત મજૂરી | | | |
| ૫. નોકરી | | | |
| ૬. ખાદી કામ | | | |
| ૭. ગ્રામોદ્યોગ કામ | | | |
| ૮. અન્ય | | | |

(૪) વપરાશી ખર્ચ

| વિગત | રકમ |
|---|---|
| ૧. ખાધાખોરાકી ખર્ચ | |
| ૨. કપડાં, પગરખાં | |
| ૩. સામાજિક | |
| ૪. ધાર્મિક | |
| ૫. શિક્ષણ | |
| ૬. મોજશોખ, મનોરંજન | |
| ૭. અન્ય ખર્ચ | |

(૫) દેવું છે ? હા / ના

| દેવાની રકમ કોની પાસેથી લીધી | કુલ રકમ | ક્યારે લીધું | દેવું કરવાનો હેતુ | વ્યાજનો દર |
|---|---|---|---|---|
| ૧. શાહુકાર / વેપારી | | | | |
| ૨. બેન્ક | | | | |
| ૩. સહકારી મંડળી | | | | |
| ૪. સરકારી | | | | |
| ૫. સગાસંબંધી | | | | |
| ૬. ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા / મંડળી | | | | |
| ૭. અન્ય | | | | |
| કુલ | | | | |

નોંધ : દેવું વસ્તુના રૂપમાં હોય તો ઉલ્લેખ કરવો

(૬) યોજનાકીય પ્રશ્નો :

૧. તમે ખાદી ગ્રામોદ્યોગને લગતું શું શું કામ કરો છો ?

૨. ખાદી ગ્રામોદ્યોગમાંથી રોજનું કેટલું વેતન / વળતર મળે છે?

-----

માસિક

----

વાર્ષિક

.. તે પૂરતું છે / અપૂરતું છે

શા માટે ?

૩. દૈનિક કેટલો સમય આ કામ કરો છો ? પોતે / બીજા સભ્યો પ્રત્યેકનો સમય

૪. વર્ષના કેટલા દિવસ કામ કરો છો ?

૫. આ વ્યવસાયમાંથી આવક વધી છે ? હા / ના

'હા' તો કેટલા રૂપિયા ?

૬. કયો ઉદ્યોગ શરૂ કરવા માટે સહાય મળી છે ?

કોના દ્વારા મળી ?

કોના કહેવાથી સ્વીકારી ?

લોન કેટલી ? સબસીડી કેટલી ?

વ્યાજનો દર

લોન ભરપાઈ મુદ્દત :

હપ્તા નિયમિત ભરો છો ? હા / ના

'ના' તો શાથી ?

૭. તમને સહાય મળે છે તે પૂરતી છે / અપૂરતી છે

અપૂરતી તો શા માટે ?

કેટલી આપવી જોઈએ ?

૮. સહાય મેળવવા કોઈ કમિશન આપ્યું હતું ? કે રકમ કાપી લેવાઈ હતી ?
હા / ના

જો 'હા' તો કેટલું ?

કોને આપ્યું હતું ?

(૭) તાલીમ :

૧. તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર છે ? હા / ના

તાલીમની મુદ્દત :

સ્ટાઈપેન્ડની રકમ :

તાલીમ લીધાનું સ્થળ :

૨. આ તાલીમથી સ્વતંત્ર ગૃહઉદ્યોગ કરી શકે એવી ક્ષમતા પ્રાપ્ત કરી છે ? હા / ના

૩. વ્યવસાયિક તાલીમ અંગેની મુશ્કેલીઓ

૪. તાલીમમાં કંઇ ફેરફાર કરવા જેવા છે ? હા / ના

'હા' તો કયા ?

(૮) યોજનાની થયેલ અસર :

૧. બોનસ રૂપમાં શું મળે છે ?

૨. યાંત્રિક રીપેરીંગના બદલામાં શું આપે છે ?

૩. આ વ્યવસાયમાં કુટુંબના સભ્યો મદદરૂપ થાય છે ? હા / ના

જો મદદરૂપ થતા હોય તો કઇ બાબતમાં ?

૪. આ કામથી તમને સંતોષ છે ? હા / ના

શાથી ?

૫. આ વ્યવસાયથી દેવું વધ્યું / ઘટયું

૬. આ વ્યવસાયને કારણે કુટુંબને થયેલ ફાયદા

૧.

૨.

૩.

૪.

૫.

કુટુંબને થયેલ ગેરલાભ

૧.

૨.

૩.

૭. આ વ્યવસાયને લગતું જરૂરી માર્ગદર્શન મળી રહે છે ? હા / ના

કયાંથી ?

૮. વ્યવસાયને લગતો કાચો માલ કયાંથી પ્રાપ્ત થાય છે ?

તેમાં પડતી મુશ્કેલીઓ

૧.

૨.

૩.

૯. ઉત્પાદિત માલનું વેચાણ કયાં કરો છો ?

તેમાં પડતી મુશ્કેલીઓ

૧.

૨.

૩.

૧૦. માલ વેચાણની પૂરી કિંમત મળે છે ? હા / ના

'ના' તો શું કરવું જોઇએ ?

૧૧. આ યોજના વધુ સારી બનાવવા શું કરવું જોઇએ ?

૧૨. આ યોજના અંગે કોઇ ફરીયાદ હોય તો જણાવો

૧૩. તમે જે સંસ્થા મારફત આ વ્યવસાય ચલાવો છો તે સંસ્થા સામે કોઇ ફરીયાદ છે ? હા / ના

'હા' તો કઇ કઇ ?

૧.

૨.

૩.